# ઑક્ટોબર

## ૨૦૨૧

### તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# ઓક્ટોબર ૨૦૨૧

## (૧ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)**

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



## Most Imp Current Affairs

# 1 ઓક્ટોબર

- ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ઉબેરે આઇક્રિએટ સાથે ભાગીદારી કરી.
  - ✓ ઉબેરે આ ભાગીદારી સ્ટાર્ટઅપ ઇન્ડિયા તથા ગુજરાત સ્થિત સ્ટાર્ટઅપ ઇન્ક્યૂબેશન આઇક્રિએશન સાથે ભાગીદારી કરી.
  - ✓ સ્ટાર્ટઅપ ઇન્ડિયા પોર્ટલ પર ગ્રીન મોબિલિટી ઇનોવેશનચેલેન્જ શરૂ કરાશે જે હેઠળ EV ક્ષેત્રના નવીનત્તમ વિચારોનું આદાન પ્રદાન કરાશે.
  - ✓ ઉબેર ઇન્ડિયા સાઉથ એશિયાના પ્રેસિડેન્ટ - પ્રભજિત સિંહ.
- UK - ભારતના સંશોધન અને નવીનીકરણના 258 પ્રોજેક્ટ્સ.
  - ✓ UK - ઇન્ડિયા રિસર્ચ ઇનોવેશન રિલેશનશિપના પરિણામે આશરે 330 મિલિયન પાઉન્ડના સંયુક્ત રોકાણ સાથે 258 પ્રોજેક્ટ્સ તૈયાર કર્યા.
  - ✓ UKRI - UK Research and Inovation દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટ અનુસાર ભારત અને UK ની સંસ્થાઓ સાથે મળીને દ્વિપક્ષીય સંશોધન અને નવીનીકરણીય ક્ષેત્રના પ્રોજેક્ટ પર કામ કરશે.
  - ✓ આ પ્રોજેક્ટના 43% પ્રોજેક્ટ્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ક્ષેત્રના, 7% પોષણક્ષમ અને સ્વચ્છ ઉર્જા તથા 3% સારા સ્વાસ્થ્ય અને સુખાકારી પ્રદાન કરવાના હેતુઓ ધરાવે છે.
  - ✓ આ અહેવાલ યુકે-ઇન્ડિયા : પાર્ટનરશિપ ફોર ગ્રોથ વિથ રિસર્ચ એન્ડ ઇનોવેશનના શિર્ષક પ્રસારિત થયો.
- મુક્ત વ્યાપાર ક્ષેત્રે ભારત-ઓસ્ટ્રેલિયા 2022 સુધીમાં હસ્તાક્ષરો કરશે.
  - ✓ બંને દેશો વચ્ચેના આર્થિક સહકારને ઝડપી બનાવવા વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ (ભારત) અને વેપાર, પ્રવાસન અને રોકાણ મંત્રી ડેન તેહાન (ઓસ્ટ્રેલિયા) વચ્ચે હસ્તાક્ષરો થયા.
  - ✓ આ કરારો મુજબ અમુક પસંદ કરાયેલી વસ્તુઓ પરની ડ્યુટઓ ઘટાડી તેનો આયાત-નિકાસને વેગ આપવામાં આવશે.
  - ✓ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 2022 સુધીમાં પુર્ણ થનાર આ મુક્ત વેપાર કરાર WTO (World trade Organization)ની કલમ - 24 સાથે જોડાયેલ છે.
  - ✓ ભારત-ઓસ્ટ્રેલિયાનો 2020 માં દ્વિપક્ષીય વેપાર 24 બિલિયન AUD (ઓસ્ટ્રેલિયન ડૉલર)થી પણ વધુ થયો હતો.
- SBI, યૂનિયન બેંક, PNB (પંજાબ નેશનલ બેંક) એ NARCL માં ભાગીદારી નોંધાવી.
  - ✓ NARCL - નેશનલ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ.
  - ✓ આ ભાગીદારીમાં SBI અને યૂનિયન બેંક 13.27% અને PNB 12.06% હિસ્સો ધરાવશે.
  - ✓ ત્રણેય સાથે મળી NARCLમાં 10રૂપિયા પ્રતિ શેરના હિસાબે ઇક્વિટી લીધી છે.
  - ✓ ભારત કેબિનેટે NARCL દ્વારા અપાયેલ સુરક્ષાના 31,000 કરોડ રૂપિયાની સરકારી ગેરંટી આપવાના પ્રસ્તાવને તાજેતરમાં જ મંજૂરી આપી છે.
  - ✓ Bad Loansના કિસ્સામાં NARCL 15% અને બાકીના 85% ગેરંટી સરકાર દ્વારા આપવામાં આવશે.

- ❖ 1 ઓક્ટોબર: International Day of Older Persons (આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ)
  - ✓ આ દિવસની ઉજવણીનો હેતુ વૃદ્ધોને પ્રભાવિત કરતા મુદ્દાઓ પ્રત્યે જાગરૂતી લાવવાનો છે.
  - ✓ વર્ષ 2021નો વિષય : 'ડિજિટલ ઇક્વિટી ફોર ઓલ એજેજ'
  - ✓ સંયુક્ત રાષ્ટ્રના મતે 2050 સુધીમાં 60 વર્ષ કે તેથી વધુ ઉંમરના વિશ્વની વસ્તી 2 અબજ સુધી પહોંચી જશે, જે 2015માં 900 મિલિયન હતી. આજે 80 વર્ષ કે તેથી વધુ ઉંમરના 125 મિલિયન લોકો છે.
- ❖ દેશભરમાં એક મહિનો સ્વચ્છ ભારત અભિયાન.
  - ✓ યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે પ્રયાગરાજ (યુપી)થી દેશભરમાં 1 ઓક્ટોબરથી 1 મહિનો સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી.
  - ✓ આ કાર્યક્રમ NYKS (નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન) અને NSS (National Service Scheme)ના નેજા હેઠળ 744 જિલ્લાઓ અને 6 લાખ ગામડાઓમાં શરૂ થયો.
  - ✓ આ અભિયાનનો મૂળ હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટને અનુસંધાને દેશભરના લોકોને માહિતગાર કરી તેના ઉપાયોગને અટકાવવા ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. તથા આ અભિયાન હેઠળ 75 લાખ kg કચરો એકત્રિત કરવામાં આવશે.
  - ✓ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત વર્ષ 2014 થી તત્કાલીન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.
- ❖ 'ડિજીસક્ષમ' પહેલની શરૂઆત.
  - ✓ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે શ્રમ મંત્રાલય અને માઇક્રોસેફ્ટે સંયુક્ત રીતે શરૂ કરેલ ડિજીસક્ષમ પહેલની જાહેરાત કરી.
  - ✓ આ પહેલ અંતર્ગત યુવાઓને રોજગારની ક્ષમતામાં વધારો આપવા ડિજિટલ કૌશલ્ય પ્રદાન કરાશે.
  - ✓ શરૂઆતને એક વર્ષમાં 3 લાખ યુવાઓને કમ્પ્યુટર તથા અન્ય ઉધોગલક્ષી નિ:શૂલ્ક ડિજિટલ તાલીમ પ્રદાન કરવાનું લક્ષ્ય આ અભિયાન હેઠળ રહેલું છે.
  - ✓ આ પહેલ દ્વારા નોંધાયેલ નોકરી વાંચ્છુકોને જાવા સ્ક્રિપ્ટ, ડેટા વિઝ્યુઅલાઇઝેશન, એડવાન્સ એક્સેલ, પાવર બાય HTML પ્રોગ્રામિંગ લેંગ્વેજ, કોડિંગ ક્ષેત્રે તાલીમ અપાશે.
- ❖ 1 ઓક્ટોબર: રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ.
  - ✓ ઇન્ડિયન સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન એન્ડ ઇમ્યુનલ એમેટોલોજી દ્વારા વર્ષ 1978થી આ દિવસ ઉજવવાની શરૂઆત થઇ.
  - ✓ કાર્લ લેન્ડસ્ટિનર નામના વૈજ્ઞાનિકે રૂધિર જૂથો A, B, અને O ની 1907ના વર્ષમાં શોધ કરી હતી.
  - ✓ યાદ રાખો : રક્તદાતા દિવસ - 14 જૂને ઉજવાય છે.

-------------- કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ IIFL વેલ્થ અને હુરૂન ઇન્ડિયાના વર્ષ - 2021ના ભારતના સૌથી અમીર લોકોની યાદીમાં પ્રથમ સ્થાને રિલાયન્સ ઇન્ડ.ના મુકેશ અંબાણી અને બીજા સ્થાને ગૌતમ અદાણી.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠક 'કમિટી ઓફ ઇકોનોમિક અફેર્સ'માં રાજકોટ-કાનાલૂસ રેલવે લાઇનને ડબલ કરવાની મંજૂરી અપાઇ. અંદાજે 1080 કરોડ રૂપિયાના ખર્ચે રાજકોટ-કાલાનૂસ (જિ. જામનગર)ની 111.20 kmની રેલવે લાઇન ડબલ કરાશે.
- ✓ દર્દીઓની સારવાર માટે ઇટાલીની ઇલેક્ટ્રો-હોમિયોપોથી સરવાર પદ્ધતિને ભારત સરકારે કાયદેસરતા ન આપી.
- ✓ અમેરિકાની સેન ફ્રાન્સિસ્કો યુનિવર્સીટીના સંશોધન અનુસાર 2019માં 60 લાખ બાળકો વાયુ પ્રદૂષણની અસરને કારણે સમય કરતાં વહેલા જન્મ્યા.

- ✓ બનાસ મધ હવેથી અમૂલ બ્રાન્ડના નામે અમૂલ હનીથી માર્કેટમાં વેચાશે. GCMMF (Gujarat Coperative milk Marlating Faderation) અને NBB (National Bee Board) ના સંયુક્ત ઉપક્રમે અમૂલ હની લોન્ચ થયું.
- ✓ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ચાલનાર સ્વચ્છતા અભિયાનને ગુજરાત સરકારે 'સ્વચ્છ, સ્વસ્થ, સુજલ ગુજરાત' નામ આપ્યું.
- ✓ GTU (ગુજરાત ટેકનોલોજી યુનિ.) અને રાજ્ય યોગ બોર્ડ વચ્ચે યોગના પ્રચાર - પ્રસાર માટે Mou થયા.
- ✓ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પંચમહાલના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડની પસંદગી (BJP પક્ષ)
- ✓ ઇન્દિરા નૂયીનું નવું પુસ્તક : 'માઇ લાઇફ ઇન ફુલ: વર્ક, ફેમિલી એન્ડ અવર ફ્યુચર'. તેમના અમેરિકાના વસવાટ પર આધારિત છે. તેઓ પેપ્સિકોનાં પૂર્વ અધ્યક્ષ, એમેઝોન બોર્ડના સદસ્ય, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદનાં મહિલા સભ્ય રહી ચુક્યાં છે.
- ✓ ડૉ. કનલ સાહાને 2021નો ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રનો શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર અપાયો.
- ✓ ભારતીય ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાએ ઓસ્ટ્રાવા ખાતે 'Women's double title' જીત્યું.
- ✓ આઇસલેન્ડ દેશ દ્વારા 'વિશ્વની પ્રથમ મહિલા બહુમતી વાળી સંસદ' પસંદ કરવામાં આવી.
- ✓ આગ્રાના 'ઘટિયા આજમખાં' રોડને નવું નામ 'અશોક સિંઘલ માર્ગ' અપાયું.

## 2 ઓક્ટોબર

- ❖ IIT દિલ્લીના સંશોધકો Chiral Molecules (ચિરલ અણુઓ)ના સંશ્લેષણ માટેની ટેકનોલોજી વિકસાવશે.
  - ✓ આ અણુઓ ફાર્માસ્યુટિકલ્સ, એગ્રોકેમિકલ્સ અને જૈવિક સક્રિય સંયોજનો ઉત્પન કરવા જરૂરી બિલ્ડીંગ બ્લોક્સના સ્વરૂપે કામ કરશે.
  - ✓ આ અણુઓ ફાર્મા ક્ષેત્રની આયાત પર દેશની નિર્ભરતા ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.
  - ✓ સંશોધન ટીમે સસ્તી કુદરતી ફીડસ્ટોક્સ અને ધાતુઓનો ઉપયોગ કરી મેટલ - ઓર્ગેનિક ફ્રેમવર્ક આધારિત ટેકનોલોજી વિકસાવી.
- ❖ ભારત-અમેરિકા ઔધોગિક સુરક્ષા સમજૂતી (ISA)
  - ✓ આ સમજૂતી દિલ્હી ખાતેના સંમેલનમાં કરવામાં આવી.
  - ✓ આ સમજૂતી ભારત અને અમેરિકાએ અત્યાધુનિક ઔધોગિક ક્ષેત્રની સુવિધાઓ વધારવા સંયુક્ત રીતે કામ કરવા કરી છે.
  - ✓ આ સંમેલનનો મુખ્ય હેતુ બંને દેશોના રક્ષા ઉધોગો વચ્ચે સૂચનાઓની આપ-લે કરવાનો હતો.
  - ✓ આ બેઠકનું નેતૃત્વ - અનુરાગ બાજપાઇ (ભારત) અને ડેવિડ પોલ બગનાટી (અમેરિકા) એ કર્યું હતું.
  - ✓ 2019 ડિસેમ્બરમાં 2+2 મંત્રી સંવાદમાં ISA ક્ષેત્રે બંને દેશો વચ્ચે હસ્તાક્ષર થયા હતા.
  - ✓ ISA (Industrial Security Annex) એ જનરલ સિક્યુરિટી ઓફ મિલિટરી ઇન્ફોર્મેશન એગ્રીમેન્ટ (GSOMIA) નો એક ભાગ છે. જે હેઠળ ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ ક્ષેત્રના હસ્તાક્ષરો થાય છે.
- ❖ વિશ્વ બેંકે તમિલનાડુને 150 મિલિયન અમેરિકન ડૉલરની લોન મંજૂર કરી.
  - ✓ ચેન્નઇ સિટી પાર્ટનરશિપ : સસ્ટેનેબલ અર્બન સર્વિસિઝ પ્રોગ્રામ હેઠળની સંસ્થાઓની મજબૂતી, સેવા એજેન્સીના વિકાસ તથા મુખ્ય શહેરી બાબતોની ગુણવત્તામાં મહત્વના સુધારા લાવવા આ લોન આપવામાં આવી છે.

- ✓ ચેન્નઇએ મેટ્રોપોલિટન એરિયા છે. જ્યાં લગભગ 10.9 મિલિયન લોકોની વસતી ધરાવતો ભારતનું ચોથા નંબરની વસ્તીનો વસવાટ છે.
- ✓ આર્થિક રીતે સક્ષમ હોવા છતાં દરિયાકાંઠાના કારણે વારંવાર આવતી આફતોના કારણે ચેન્નાઇનો તાલ સામાન્ય જરૂરિયાતો સાથે મળી શક્યો નથી.
- ✓ આ જ સાથે વિશ્વબેંકે મેધાલયને પણ સ્વચ્છતા, મેડિકલ ક્ષેત્રના પ્રયાસો વધારવા 40 મિલિયન અમેરિકી ડૉલરની સહાય મંજૂર કરી છે.

❖ NSIL નો GSAT - 24 ઉપગ્રહ 2022 સુધીમાં થશે લોન્ચ

- ✓ NSIL - Newpace India Limited.
- ✓ NSIL - માંગ આધારિત મોડેલ પર ઓપરેશન સેટેલાઇટ મિશન અંતર્ગત ઉપગ્રહ લોન્ચ કરશે.
- ✓ આ ઉપગ્રહ ISRO દ્વારા બનાવાયો છે. અને તેને એરિયનસ્પેસ દ્વારા સંચાલિત એરિયન-5 લોન્ચરનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે.
- ✓ આ ઉપગ્રહ ટાટસ્કાયને તેમની DTH (Direct to Home) એપ્લિકેશનની જરૂરિયાતો પૂરી પાડવા ભાડે આપવામાં આવશે.
- ✓ આ ઉપગ્રહ 4 ટન જેટલો વજન ધરાવે છે.

❖ બ્લાઇંડ ફ્રેશ વોટર ઇલની નવી પ્રજાતિ મળી.

- ✓ મુંબઇના એક કૂવામાંથી આ પ્રજાતિ મળી છે. આ પ્રજાતિનું નામ 'રડલમિચ્થિસ મુંબા' રખાયું છે.
- ✓ આ ઇલ રક્તમિચ્થિસ જાતિની હોવાનું જણાય છે.
- ✓ નવી પ્રજાતિની શોધનો શ્રેય તેજ ઠાકરે, પ્રવીણ રાજ, જયસિંહ, અનિલ મલ્હોત્રા, અન્નમ પવનકુમારને અપાય છે. જેમણે આ અભ્યાસને એક્વા ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ઇક્થિયોલોજીમાં પ્રકાસિત કર્યો છે.
- ✓ મુંબા એ મરાઠી શબ્દ છે જે મુંબઇના રહેવાસીઓ દ્વારા પૂજવામાં આવતા દેતા મુમ્બા આઇ સાથે જોડાયેલ છે.

❖ ટાટા ગૃપે એર ઇન્ડિયાના અધિગ્રહણની બોલી લગાવી.

- ✓ ટાટા સંસ ગૃપે સરકારી સમિતિ દ્વારા નિર્ધારિત ન્યૂનતમ આરક્ષિત મૂલ્યથી 3,000 કરોડ રૂપિયા વધુની બોલી લગાવી.
- ✓ હવે પછીની એર ઇન્ડીયાના અધિગ્રહણની તમામ કામગીરી ડિસેમ્બર, 2021 સુધીમાં પૂર્ણ કરાશે.
- ✓ Covid-19 દરમિયાન એરઇન્ડિયાનું કુલ દેવું 40,000 કરોડ રૂા. થી વધુ છે. જેને હવે સરકાર 23,000 કરોડના દેવા સાથે ટાટા ગૃપને સોંપવાની તૈયારી બતાવી.

❖ ડાયનાસોરની બે નવી પ્રજાતિની હાડકાની શોધ થઇ.

- ✓ વિજ્ઞાનીઓએ મગર જેવી ખોપડી ધરાવતા શિકારી ડાયનાસોરની બે પ્રજાતિનાં હાડકાંની શોધ કરી છે.
- ✓ આ અવશેષ ઇંગ્લેંડના આઇલ ઓફ વાઇટમાંથી મળ્યા છે.
- ✓ આ બંને પ્રજાપતિઅહોના નામ, સીરાટોસુચોપ્સ ઇન્ફેફ્રોડીઓસ અને રિપોરોવેનેટર મિલનેરે છે.
- ✓ આ હાડકાં અંદાજે 125 મિલિયન વર્ષ જૂનાં હોવાની વાત મનાય છે.

❖ 2 ઓક્ટોબર: આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ.

(International Day of non violence)

- ✓ 15 જૂન, 2007ના થયેલા ઠરાવથી સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ આ દિવસની જાહેરાત કરી.
- ✓ આ દિવસ ગાંધીજીના જન્મ દિવસના ભાગરૂપે મનાવાય છે.
- ✓ વર્ષ 2004માં સૌપ્રથમ, ઇરાનના નોબેલ વિજેતા શ્રીમતી શિરીન ઇબાદીએ આ દિવસ ઉજવણીનો પ્રસ્તાવ રાખ્યો હતો.

- ✓ દિવસની ઉજવણીનો હેતુ અહિંસાનો સંદેશ લોકોમાં પહોંચાડી તેના વિશે જાગૃતિ લાવવાનો છે.

❖ Eldea - Line હેલ્પલાઇન.

- ✓ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના કેન્દ્રીય મંત્રી વિરેન્દ્ર કુમાર ખાટીએ વરિષ્ઠ નાગરિકો માટે આ હેલ્પલાઇન શરૂ કરી.
- ✓ હેલ્પલાઇન નંબર: 14567
- ✓ તેની મદદથી નાગરિકો (વરિષ્ઠ) ને કાનૂની, પેન્શન જેવા મુદ્દે મદદ કરાશે.
- ✓ આ યોજના Tata trust અને NSF Foundation ની ભાગીદારીથી શરૂ થઇ છે.

-------------- કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ દુબઇ એક્સ્પો 2020માં ઉદ્ઘાટન સમયે ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયેલે ભારતના ભવ્ય ડિજિટલ પેવેલિયનના ઉદ્ઘાટન સાથે ભારત-સંયક્ત આરબ અમીરાતના ઘનિષ્ઠ સબંધનો પરિચય આપ્યો.
- ✓ પેરૂ ખાતે યોજાયેલ જુનિયર ISSF વર્લ્ડ શૂટિંગ ચેમ્પીયનશીપમાં મનુ ભાસ્કરને ગોલ્ડ (ભારત) અને ઇશા સિંહને (સિલ્વર) આ કેટેગરીમાં મેન્સમાં રૂદ્રાક્ષ પાટિલ (ભારત)ને સિલ્વર મળ્યો.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા મિશન અર્બન 2.0 તથા AMRUT 2.0 ( અટલ મિશન રિજુલિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન)ની શરૂઆત કરી.
- ✓ ગુજરાત સરકારે તલાટી દ્વારા અપાતા આવકના દાખલાની મર્યાદા 1માંથી 3 વર્ષ કરી.
- ✓ લંડન અને રિયો ઓલિમ્પિકમાં ભારતીય ટીમનો ભાગ રહેનાર એસવી સુનીલે આંરતરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃતિ લીધી.




- ✓ કંગના રણોત ઉત્તરપ્રદેશ સરકારની ODOP (One District One Production) (એક જિલ્લો એક ઉત્પાદન) યોજનાની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ✓ 2 ઓક્ટોબર :- લાલબહાદુર શાસ્ત્રીની 117મી જન્મજયંતી.

  નિર્વાણ દિન - 11 જાન્યુઆરી. 1966 ઉઝબેકિસ્તાનની રાજધાની તાસ્કંદ ખાતે.

  સમાધિ સ્થળ - વિજયઘાટ (નવી દિલ્લી)

  ભારત રત્ન - 1966 (મરણોપરાંત)

  જયજવાન જય કિસાન સૂત્ર આપ્યું

  ભારતના બીજા નંબરના વડાપ્રધાન (1964)

## 3 ઓક્ટોબર

- ❖ કેરળ રેલવેએ સુરક્ષા ટેકનિક વધારવા માટે IISC સાથે કરારો કર્યા.
  - ✓ IISC - ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગલુરુ
  - ✓ આ કરારો કેરળ રેલવે, IISC બેંગલુરુ, IISC - ઇન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ LZM રેલ તથા SIO સોસાયટી ફોર ઇનોવિશન એન્ડ ડેવલપમેન્ટ તમામ વચ્ચે સંયુક્ત રીતે થયા છે.
  - ✓ આ કરારનો ઉદ્દેશ્ય નબળા વિસ્તારોમાં રેલવે સુરક્ષાને મજબૂત બનાવવાનો છે.
  - ✓ L2m રેલ ટીમ તથા IISC - SHMS (સ્ટ્રક્ચરલ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ)ને વિકસિત કરવા ફાઇબર ગ્રેડ ગ્રેટીંગ સેસિંગ ટેકનિકનો ઉપયોગ કરશે.
- ❖ દિલ્હી સરકારને મળશે 18 કરોડ રૂપિયાનું 'ગ્રીન ફંડ'.
  - ✓ કેન્દ્રીય વાયુ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ (NCAP) 2021 અંતર્ગત આ ફંડ અપાશે.
  - ✓ દિલ્હીમાં પ્રથમ વખત 2024 સુધીમાં pm2.5 (પાર્ટિક્યુલેટ મૈટર) તથા pm10ની ક્ષમતામાં 20-30%નો ઘટાડો થવાની સંભાવનાને ધ્યાને રાખી આ ફંડ અપાયું.
  - ✓ NCAP - 132 એવાં શહેરો પસંદ કરે છે જે નિર્ધારિત રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા માનાંકો પૂર્ણ નથી કરી શકાતા.
  - ✓ pm2.5 અને pm10 એ વાયુ પ્રદૂષણ સાથે જોડાયેલા માનાંકો છે.
  - ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા છેલ્લા બે વર્ષથી NCAP હેઠળ કોઇ ફંડ મળ્યુ ન હતું.
  - ✓ NCAP - National Clean Air Programme
  - ✓ NAAR - National Ambient air quality Standards
- ❖ બાંગ્લાદેશના નોઆખલીમાં ગાંધી સંગ્રહાલયનું ઉદ્ઘાટન
  - ✓ મહાત્મા ગાંધીની 152મી જન્મજયંતીના અવસરે બાંગ્લાદેશના નોઆખલી ખાતે આવેલ ગાંધી આશ્રમ ટ્રસ્ટમાં પુનર્નિમિત ગાંધી સંગ્રહાલયનું ઉદ્ઘાટન થયું.
  - ✓ ઉદ્ઘાટક - બાંગ્લાદેશના વિદેશ મંત્રી ડૉ. એ. કે. અબ્દુલ મોમેન
  - ✓ આ સાથે ન અહીં અહિંસા, સત્યાગ્રહ અને મહાત્મા પુન: મુલાકાતની થીમ પર સેમિનારનું પણ આયોજન કરાયુ હતું.
  - ✓ ગાંધીજીએ 1946-47માં નોઆખલીની મુલાકાત લઇ ચાર મહિનાના રહેઠાણ દરમિયાન અનેક ગામડાંનો પ્રવાસ કર્યો હતો અને આ વિસ્તારમાં થતી સાંપ્રદાયિક હિંસાઓને દૂર કરવા પ્રયત્નો કર્યા હતા.
- ❖ ઇન્ડિયા ટુડે હેલ્થગિરી એવોર્ડસ - 2021

- ✓ આ એવોર્ડ દિલ્લી ખાતે કોરોના મહામારીમાં નેતૃત્વ કરનાર યોદ્ધાઓની ભાવનાને સલામ કરવાના હેતુથી એનાયત કરાયો.
- ✓ લોકનાયક હોસ્પિટલ, દિલ્લી - સર્વશ્રેષ્ઠ સરકારી હોસ્પિટલ
- ✓ શ્રેષ્ઠ મુકાબલો કરનાર રાજ્ય - કર્ણાટક
- ✓ બેસ્ટ વેક્સિનેશન ડ્રાઇવ ચલાવનાર - ગુજરાત અને કેરળ
- ✓ બેસ્ટ NGO - Indo - Global Social Service Society, New Delhi
- ✓ શ્રેષ્ઠ નવીનતમ ટેકનિક વિકસાવવા બાબતે - DRDO (Defiance Research and Development Organization) દિલ્લી.
- ✓ શ્રેષ્ઠ અભિનેતાઓ - અક્ષય કુમાર અને ટ્વીંકલ ખન્ના
- ✓ શ્રેષ્ઠ એમ્બ્યુલન્સ સર્વિસ - Help now, Mumdai
- ✓ શ્રેષ્ઠ માનસિક રોગ કાઉન્સિલિંગ - The cyrus & Priya Vandrerala Foundation, Mumbai.
- ✓ શ્રેષ્ઠ વેક્સિન ઉત્પાદક -સિરમ ઇન્સ્ટિટ્યુટ પૂને અને ભારત બાયોટેક, હૈદરાબાદ

❖ LIFE ને મળ્યો રાઇટ લાઇવલીહુડ - 2021 એવોર્ડ

- ✓ LIFE (લીગલ ઇનિશિસએટિવ ફોર ફોરેસ્ટ એન્ડ એન્વાયરમેન્ટ) એ દિલ્લીની પર્યાવરણ સંગઠનની સંસ્થા છે.
- ✓ આ એવોર્ડ નબળા સમુદાયોની આજીવિકા અને સ્વચ્છ પર્યાવરણને તેમનો અધિકાર ગણવાના હેતુ સાથે તેમને સશક્ત બનાવવાના હેતુથી અપાયો.
- ✓ આ પુરસ્કારની પસંદગી સ્ટેકહોમ ખાતેની બેસ્ટ રાઇટ લાઇલલીહૂડની પેનલ દ્વારા થાય છે.

❖ વેટલેન્ડસ ઓફ ઇન્ડિયા પોર્ટલ.

- ✓ પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ પોર્ટલ લોન્ચ કર્યું.
- ✓ વેટલેન્ડસ (આદ્રભૂમિ) સબંધિત માહિતીઓ માટે આ પોર્ટલ મહત્વનું સાબિત થશે.
- ✓ આ પોર્ટલ જલવાયુ અને વન પરિવર્તન મંત્રાલયનો પરિયોજના જૈવ વિવિધતા અને જલવાયુ સંરક્ષણ માટે આદ્રભૂમિ હેઠળ બનાવાયું.
- ✓ આ પોર્ટલ હેઠળ નાગરિકોને વેટલેન્ડસ મિત્ર તરીકેની ઓળખ આપી આદ્રભૂમિ સબંધિત માહિતી તથા ફોટો અપલોડ કરવાની પરવાનગી આપી આદ્રભૂમિ સબંધિત ખ્યાલને લોકોમાં વિકસાવવા પ્રયત્નો કરાશે.

❖ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જલજીવન મિશન એપ તથા રાષ્ટ્રીય જલજીવન ભંડોળ લોન્ચ કર્યું.

- ✓ બંનેનો મુખ્ય ઉદ્દેશ્ય હિસ્સેદારો (મિશનમાં ભાગ લેનાર)માં જાગૃતિ વધારવાનો અને યોજનાઓના લાભ તથા જવાબદારીઓ વિકસાવવાનો છે.
- ✓ જલજીવન મિશન હેઠળ ગામડનઓમાં કાર્યરત પાણી સમિતિ દરેક ઘરે નળથી પાણી પહોંચાડવાની ઉપલબ્ધતા માટે કાર્યરત થશે.
- ✓ રાષ્ટ્રીય જલજીવન ભંડોળ હેઠળ સક્ષમ વ્યક્તિ ગામની આંગણવાડી, આશ્રમશાળાઓમાં નળ જોડાણ પૂરૂ પાડવા ભંડોળ આપી શકશે.
- ✓ આ યોજના હેઠળ 3.5 લાખથી વધુ ગામોમાં મહિલાઓને ફિલ્ડ ટેસ્ટ કીટનો ઉપયોગ કરી પાણીની ગુણવત્તા ચકાસવા તાલીમ અપાશે.
- ✓ 15 ઓગસ્ટ, 2019થી શરૂ થયેલ જલજીવન મિશનની શરૂઆતમાં માત્ર 17% ગ્રામીણ ઘરોમાં નળ દ્વારા પાણીની વ્યવસ્થા હતી. જે આજે 43% હિસ્સો ધરાવે છે. અત્યાર સુધીમાં 7 લાખથી વધુ શાળાઓ, 7.4

લાખથી વધુ આંગણવાડી, 58 હજાર ગ્રામ પંચાયત, 1.6 લાખથી વધુ ગામડાંમાં નળથી જળ પહોંચી રહ્યું છે.

-------------- કરન્ટ ઇન શોર્ટ --------------

- ✓ ભારતની અક્ષય ઊર્જા વિકાસ એજન્સી (IREDA) અને ઉત્તરપૂર્વી ઇલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NFEPCO) એ કરારો કર્યા જે હેઠળ 2030 સુધીમાં કાર્બન ઉત્સર્જનમાં 33% ઘટાડાના સરકારના લક્ષ્યને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે. IREDA - Indian Renewable Energy Development Agency Limited, NEEPCO - North Fasten Electric Power Corporation Limited.
- ✓ એર માર્શલ અમિત દેવે ભારતીય વાયુસેના પશ્ચિમી વાયુ કમાનનો ચાર્જ સંભાળ્યો. અગાઉ તેઓ Mig-21 સ્ક્વાડ્રનની કમાન પણ સંભાળી ચૂક્યા છે.
- ✓ વાઇસ એડમિરલ અધિર અરોડા ભારતના મુખ્ય હાઇડ્રોગ્રાફર નિયુક્ત. તેમણે વાઇસ એડમિરલ વિનય બધવારનું સ્થાન લીધું.
- ✓ લેખક વોલે સોયિંકાનું નવું પુસ્તક ‘ક્રોનિકલ્સ ફ્રોમ ધ લેંડ ઓફ ધ હેપ્પીસ્ટ પીપલ ઓન અર્થ’ લોન્ચ. આ પુસ્તક ગુપ્ત સમાજની વાતોથી જોડાયેલ છે તેમાં માનવ અંગોનો બલિમાં ઉપયોગ થતો. વોલે સોયિંકા સાહિત્યમાં નોબેલ મેળવનાર પ્રથમ અશ્વેત વ્યક્તિ છે.
- ✓ એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરી વાયુ સેનાના નવા પ્રમુખ બન્યા, તેઓ આર. કે. એસ. ભદૌરિયાનું સ્થાન લેશે. તેમણે 36 રાફેલ તથા 83 માર્ક 1A સ્વદેશી તેજસ સેટ સહિત 2 મેગા લડાકુ વિમાનના સોદામાં મહત્વની ભૂમિકા ભજવી છે.
- ✓ સુનિલ કટારીયા 2021-22 ના ઇન્ડિયન સોસાયટી ઓફ એડવર્ટાઇઝર્સ (ISA) ના અધ્યક્ષ બન્યા.
- ✓ રક્ષા મંત્રી રાજનાથસિંહે સ્વતંત્રતા સેનાની નાયક વીર ચંદ્રસિંહ ગઢવાલીની જન્મજયંતી (1 ઓક્ટોબર) નિમિત્તે ઉત્તરાખંડના પૌકી ખાતે પ્રતિમાનું અનાવરણ કર્યું.
- ✓ ભારતના પ્રથમ રાષ્ટ્રીય સરક્ષા સલાહકાર બ્રજેશચંદ્ર મિશ્રાનું નિધન. તેઓ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દ્વારકાપ્રસાદ મિશ્રાના પુત્ર હતા.

## 4 ઓકટોબર

- ❖ રાજસ્થાન મુખ્યમંત્રીએ બે અભિયાન શરૂ કર્યાં.
  - ✓ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે ’પ્રસાશન - શહેરો કે સંગ’ અને ’પ્રસાશન - ગાંવ કે સંગ’ એમ બે અભિયાન શરૂ કર્યાં.
  - ✓ આ અભિયાનો હેઠળ લોકોને વિવિધ છૂટછાટો અપાશે તથા જમીન લીઝની ફાળવણી કરવામાં આવશે.
  - ✓ આ સાથે જ તેમણે ગાંધી દર્શન મ્યુઝિયમનો વર્ચ્યુઅલ પાયો પણ નાંખ્યો.
- ❖ ભારતીય નૌસેના અને SBI એ એનએવી ઇકૈશ (NAV ECash) કાર્ડ લોન્ચ કર્યું.
  - ✓ આ કાર્ડ ઓનલાઇન તથા ઓફલાઇન ખરીદી અને લેવડદેવડ માટે ઉપયોગી થશે.
  - ✓ આ કાર્ડ પર નૌસેનાના INS વિક્રમાદિત્ય જહાજનું ચિત્ર આલેખવામાં આવ્યુ છે.
  - ✓ આ કાર્ડની મદદથી જ્યાં કનેક્ટીવિટીનો અભાવ હોય તેવી સમુદ્રી મુસાફરી દરમિયાન ઉપયોગ કરી ખરીદકર્તાને સુગમ રસ્તો પૂરો પાડશે અને આ સાથે જ રોકડ પરની નિર્ભરતામાં ઘટાડો આવશે.
- ❖ વિશ્વ અંતરિક્ષ સપ્તાહ: 4થી 10 ઓક્ટોબર, 2021.
  - ✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 1999માં તેની જાહેરાત કરાઇ હતી.

- ✓ 4 ઓક્ટોબર, 1957ના પ્રથમ માનવસર્જિત ઉપગ્રહ, 'સ્પુટનિક-1'ને પ્રક્ષેપિત કર્યો હોવાથી આ સપ્તાહ 4 ઓક્ટોબર શરૂ કરાયું. અને 10 ઓક્ટોબર, 1967એ ચન્દ્ર અને અન્ય અવકાશી ગ્રહોના સંશોધનો ક્ષેત્રે રાજ્યો દ્વારા ચાલતી પ્રવૃતિઓના સિદ્ધાંતો નક્કી થયા હોવાથી 10 ઓક્ટોબર નક્કી કરાઇ.

❖ રશિયાએ પ્રથમ વખત હાઇપરસોનિક જિરકોન મિસાઇલનું પરીક્ષણ કર્યું.

- ✓ રશિયાએ પરીક્ષણ સબમરીનમાંથી કરીને સફળતા પ્રાપ્ત કરી છે.
- ✓ પુતિને વર્ષ 2018માં હાયપરસોનિક હથિયારોની જાહેરાત કરી હતી. જે હેઠળ રશિયા વિશ્વના કોઇ પણ સ્થળે પહોંચી શકવાની સક્ષમતા મેળવવા પ્રયાસ કરે છે.
- ✓ સંરક્ષણ મંત્રાલય રશિયાના અહેવાલ પ્રમાણે સેવરોડવિન્સ્ક સબમરીનની મદદથી જિરકોન મિસાઇલને બેરેન્ટ્સ સમુદ્રમાં છોડાઇ હતી જે તેના નિર્ધારિત લક્ષ્યને સફળતાપૂર્વક પહોંચી શકી હતી.

❖ CoinDCXએ અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.

- ✓ CoinDCX એ ક્રીસ્ટો એક્સચેન્જનું કામ કરે છે.
- ✓ અમિતાભ બચ્ચન આ સંસ્થા દ્વારા ક્રિસ્ટોને લોકપ્રિય બનાવવાના પ્રયત્નો કરશે.
- ✓ CoinDCX 90 મિલિયન ડૉલર (668 કરોડ) સીફંડિંગ સાથે યૂનિકોર્ન ક્લબમાં પ્રવેશ કરનાર પ્રથમ ભારતીય ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ છે.
- ✓ આ માટે અમિતાભની પસંદગી કરવાનો હેતુ એ હતો કે તેમણે તાજેતરમાં પોતાનું NFT (નોન- ફંગિબલ ટોકન) લોન્ચ કર્યા બાદ ક્રિપ્ટોમાં રોકાણ કર્યું હતું જેથી ક્રિપ્ટો સબંધિત બાબતે તેઓ સારા જાણકાર છે.
- ✓ ક્રિપ્ટો કરન્સી એ એક પ્રકારનું ડિજિટલ સ્વરૂપનું નાણું છે.

❖ મનસુખ માંડીવિયાએ આઇકોનિક સપ્તાહનું ઉદ્ઘાટન કર્યું. (4 થી 10 ઓક્ટોબર)

- ✓ થીમ - સ્ટોરી ઓફ ફાર્મા @75 : ફ્યુચર એપોર્ચ્યુનિટીઝ.
- ✓ આ સપ્તાહ અંતર્ગત NIPER - નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા સંચાલિત થશે અને દેશભરના 750 પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રોમાં આરોગ્ય તપાસ કેમ્પ અને ફર્સ્ટ એડ કીટનું મફત વિતરણ કરશે.

❖ 4 ઓક્ટોબર: World Habitat Day.

- ✓ દર વર્ષે ઓક્ટોબર માસના પ્રથમ સોમવારે ઉજવાય છે.
- ✓ દિવસની ઉજવણીનો ઉદ્દેશ વિશ્વમાં દરેક માટે પર્યાપ્ત રહેઠાણના મૂળભૂત અધિકારને પ્રોત્સાહન આપવાનો છે.
- ✓ વિશેષત: એવા વિસ્તારના લોકોના અધિકારએ પ્રત્સાહન આપવામાં આવે છે જેઓ ગીચ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે.
- ✓ વર્ષ 2021ની થીમ - 'Accelerating Urban Action for a carbon free world' (કાર્બન મુક્ત વિશ્વમાટે શહેરી પ્રક્રિયાઓને વેગ આપવો)
- ✓ ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકૈયા નાયડુએ આ દિવસે આર્કિટેક્ટ્સ અને બિલ્ડરોને ઇમારતના નિર્માણમાં પૂરતી હવા ઉજાસની ખાતરી આપવાનું સૂચન કર્યું.

❖ વિશ્વના સૌથી મોટા રાષ્ટ્રધ્વજનું અનાવરણ.

- ✓ લદાખના ફાયર એન્ડ ફ્યુરી કોરના આંગણામાં ઉપરાજ્યપાલ આર. કે. માથુરે વિશ્વના સૌથી મોટા રાષ્ટ્રધ્વજ (ત્રિરંગા)નું અનાવરણ રાષ્ટ્રપિતા ગાંધીજીની 152મી જન્મજયંતી નિમિત્તે કર્યું.
- ✓ આ ધ્વજની લંબાઇ 225 ફૂટ અને પહોળાઇ 150 ફૂટ છે.
- ✓ આ ધ્વજ મુંબઇના ખાદી ડાયર્સ એન્ડ પ્રિન્ટર્સ દ્વારા બનાવવામાં આવ્યો જેનું વજન 1000 kg છે.
- ✓ ભારતીય સેનાની 57 મી રેજિમેન્ટની મદદથી આ રાષ્ટ્રધવજ લેહમાં સ્થાપિત કરાયો છે.

- ❖ મહારાષ્ટ્રની સફેદ ડુંગળીને મળ્યો GI ટેગ.
  - ✓ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના અલીબાગાની સફેદ ડુંગળીને ટેગ મળ્યો.
  - ✓ આ ડુંગળી તેના ઔષધીય ગુણ માટે જાણીતી છે. હૃદયરોગ, કોલેસ્ટ્રોલની સારવાર તથા ઇન્સ્યુલિન (મધુપ્રમેહ -ડાયાબિટિસ)ના નિયંત્રણમાં તે મદદ કરે છે.
  - ✓ સફેદ ડુંગળી 'એલિયમ સેપા' પ્રજાતિની છે.
- ❖ મહારાષ્ટ્રના 'વાડા કોલમ ચોખા' ને મળ્યો GI ટેગ.
  - ✓ મહારાષ્ટ્રના પલઘર જિલ્લામાં ઉગાડાતા આ ચોખાને ટેગ મળ્યો.
  - ✓ વાડા કોલમને જીની અથવા ઝીની ચોખાથી પણ ઓળખવામાં આવે છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને ઇરોડ જિલ્લાના એક રસ્તાનું નામ સ્વતંત્રતા સેવાની તિરૂપુર કુમારનના નામે રાખ્યું 11 જાન્યુઆરી, 1932 માં બ્રિટિશ સરકાર વિરૂદ્ધના દેખાવોમાં તેમનું નિધન થયું હતું.
- ✓ લદ્દાખ વિસ્તારમાં ચીનની વધતી જતી અવરજવરને ધ્યાને રાખી ભારતે LAC પર ભારત નિર્મિત K-9 વજ હોવિત્જર તોપ તહેનાત કરી. (સૈન્યના વડા- મનોજ નરવાણે)
- ✓ ઓસ્ટ્રેલિયાની ક્રિકેટર એલિસ પેરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 5000 રન, 300થી વધુ વિકેટ લેનાર દુનિયાની પ્રથમ મહિલા ક્રિકેટર બની.
- ✓ પાકિસ્તાનના કિંગ ઓફ કોમેડી (કોમેડીના રાજા) ઉમર શરીફનું નિધન.
- ✓ ઇથોપિયાના પ્રધાનમંત્રી તરીકે અબી અહમદે બીજી વખત શપથ લીધા. તેમણે 2019માં પાડોશી દેશ ઇરીટ્રિયા સાથે શાંતિભર્યા સબંધો વિકસાવવા બદલ નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો.
- ✓ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્બાઇને રાજ્યના 31માં જિલ્લા તરીકે 'વિજયનગર' નું ઉદ્ઘાટન કર્યું. નવનિર્મિત જિલ્લો વિજયનગર સામ્રાજ્યની પૂર્વ રાજધાની છે તથા વિશ્વ વારસા સ્થળો હમ્પી સહિત 6 અન્ય સ્થાનો UNESCOએ અહિં જાહેર કર્યા છે.

**5 ઓક્ટોબર**

- ❖ રાજસ્થાન સરકારે SC, OBCના વિકાસ માટે ફંડની મંજૂરી આપી.
  - ✓ આ ફંડની મદદથી અનુસૂચિત જાતિ (SC), અન્ય પછાત જાતિ (OBC) ના વિદ્યાર્થીઓ માટે બનાવાયેલ આવાસીય વિદ્યાલયોનું આધુનિકરણ કરાશે.
  - ✓ આ ફંડની હેઠળ યુવાનોને રોજગાર સંબંધિત ઉપકરણોની ખરીદી માટે વ્યક્તિ દીઠ રૂ.5000ની સહાય પણ કરાશે.
  - ✓ આ સાથે મુખ્યમંત્રી એ સમાજના બાળકો અને યુવાનોને યોગ્ય તકો પૂરી પાડવાના હેતુથી સ્થાપેલાં 'વાલ્મિકી ફંડમાંથી' 5.54 કરોડની સહાય પણ જાહેર કરી.
  - ✓ રાજસ્થાન : મુખ્યમંત્રી - અશોક ગેહલોત<br>રાજ્યપાલ - કલરાજ મિશ્રા
- ❖ બજરંગ પુનિયા બન્યા અમૃતાંજન હેલ્થ કેરના બ્રાન્ડ એમ્બ્રેસેડર
  - ✓ બજરંગ પુનિયા સાથે મીરાંબાઇ ચાનુને પણ તેમણે બ્રાન્ડ એમ્બ્રેસેડર નિયુક્ત કર્યા છે.
  - ✓ ચાનુ અને પુનિયા કંપનીના આધત્તન બોડી પેઇન મેનેજમેન્ટ પરોડુકટ્સના પોર્ટફોલિયોને સમર્થન આપશે. જેમાં બેક પેઇન રોલ-ઓન, જોઇન્ટ મસલ સ્પ્રે અને પેઇન પંચનો સમાવેશ થાય છે .

- ✓ મીરબાઈ ચાનુ ટોક્યો ઓલિમ્પિક 2020 માં વેઈટ લીફટિંગને સિલ્વર તથા બજરંગ પુનિય રેસલિંગમાં આજ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા છે. અમૃતાંજન હેલ્થ કેરના ચેરમેન અને MD– એસ. શંભુ પ્રસાદ

❖ સ્કિલ ઈન્ડિયા દ્વારા 1 લાખ ઉમેદવારોને તૈયાર કરવા 'NationalApprenticeshipMela'નું આયોજન કર્યું.

- ✓ દેશભરમાં 400થી વધુ સ્થળોએ એપ્રેન્ટીશિપ મેળાના આયોજન થકી 1 લાખ એપ્રેન્ટીસની ભરતી કરવાનો ઉદ્દેશ્ય સ્કિલ ઈન્ડિયા ધરાવે છે.
- ✓ આ ઇવેન્ટમાં પાવર, રિટેલ, ટેલિકોમ, આઇટી, ઇલેક્ટ્રોનિક્સ, ઑટોમોટિવ જેવાં 30થી વધુ ક્ષેત્રોમાં 200થી વધુ સંસ્થાઓ જોડાઇને એપ્રેન્ટિસની ભારતીઓ કરશે.
- ✓ નિયમ મુજબ ધોરણ-5 પાસ થી ધો. 12 પાસ તથા કૌશલ્ય તાલીમ પ્રમાણપત્ર ધરાવનાર ઉપરાંત IIT, ડિપ્લોમા, સ્નાતક કક્ષાનું શિક્ષણ ધરાવનાર યુવાનો આ એપ્રેન્ટીસશીપનો લાભ મેળવી શકશે.
- ✓ વડાપ્રધાન ન. મોદીએ 15 જુલાઇ, 2015ના રોજ કૌશલ્ય વિકાસ અને ઉધોગસહસિક્તાની રાષ્ટ્રીય નીતિ અમલમાં મૂકી હતી તે હેઠળ એપ્રેન્ટીસશિપને માન્યતા અપાઈ છે.

(સાચી જોડણી - એપ્રેન્ટીસશિપ)

❖ NCPCR દ્વારા બાળકોને આર્થિક સહાય કરવ માટે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો.

- ✓ NCPCR = NationalCommissionForProtectionofChildRights (રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ) અધ્યક્ષ : પ્રિયંક કાંનોગો)
- ✓ મધ્યપ્રદેશના વિદિશા, રાયસેન અને સિહોર જિલ્લામાં પ્રોજેકને શરૂઆતી વિચારના સંદર્ભે 'સમર્પણ ફોર ચિલ્ડ્રન' કાર્યક્રમના નામે શરૂઆત કરી.
- ✓ પ્રોજેક્ટ હેઠળ Covid-19 થી માતા-પિતા અથવા બંને ગુમાવનાર બાળકોને 2000 રૂપિયાની નાણાકીય સહાય કરવામાં આવશે.
- ✓ આવા બાળકોને ડેટા આયોગ દવર તેના બાલસ્વરાજ પોર્ટલ દ્વારા એકત્રિત કરવામાં આવશે.

❖ બેપીકોલંબો અંતરિક્ષ યાને 'બુધ' ગ્રહની પ્રથમ તસવીર મોકલી.

- ✓ યુરોપીય-જાપાન અંતરિક્ષ યાન બેપીકોલંબોએ આ તસવીર લીધી
- ✓ યુરોપિયન સ્પેસ એજન્સીના અહેવાલ મુજબ આ તસવીર ઉત્તર ગોળાર્ધ અને બુધની અન્ય લાક્ષણિકતાઓ દર્શાવે છે જેમાં 166 km પહોળો લેર્મેન્ટીવ ખાડો પણ જોવા મળ્યો છે.
- ✓ આ મિશનના સ્પેસક્રાફ્ટ ઓપેરેશન મેનેજર – એલ્સા મોન્ટાગ્ન છે.
- ✓ મિશન હેઠળ બોપાકોંલબો આંતરિક ગ્રહ બુધનો તમામ સપાટીઓ, ચુંબકીય ક્ષેત્ર, વાતાવરણ જેવા પાસાઓનો અભ્યાસ કરશે.
- ✓ મિશનનું નામ ઇટાલિયન વિજ્ઞાની ગ્યુસેય 'બેપી'ના નામે રખાયું છે. જેમણે ગ્રેવિટી ફોર્સ સંબંધિત સંશોધનો કર્યાં હતા જેની મદદથી નાસા એ ૧૯૭૪માં પ્રથમ વખત બુધ (Mercury) તરફ પ્રયાણ કરતું યાન મોકલ્યું હતું.

❖ 5 ઓક્ટોબર : WorldTeacher'sDay (વિશ્વ શિક્ષક દિવસ)

- ✓ આ દિવસની ઉજવણી વર્ષ 1994 થી દર વર્ષે કરાય છે.
- ✓ આ દિવસ શિક્ષકોની સ્થિતિ સંબંધિત 1966માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO–InternationalLabourOrganization) એ આપેલ વિનંતીના આધારે ઉજવાય છે જે શિક્ષકોના અધિકાર અને જવાબદારીને સુનિશ્ચિત કરે છે.
- ✓ વર્ષ 2021ની થીમ : ટીચર્સ એટ ધ હાર્ટ ઓફ એજ્યુકેશન રિકવરી

યાદ રાખો

- 5 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિન
- 15 ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય વિધાર્થી દિન
- 24 જાન્યુઆરી : આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિન

- 11 નવેમ્બર : રાષ્ટ્રીય શિક્ષણ દિન

------------ કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ ઇટાલિયન અંતરિક્ષયાત્રી સામંથા ક્રિસ્ટોફોરેટીએ સ્પેસ, સાયન્સ અને એન્જિનિયરિંગમાં કરિયર બનાવવા છોકરીઓને પ્રેરિત કરવા બાર્બીડોલનો એસ્ટ્રોનોટ (અવકાશયાત્રી) અવતાર બનાવ્યો.
- ✓ ઔરંગાબાદ મહારાષ્ટ્ર ખાતે આયોજિત આયુષ ઇન્ટરનેશનલ મેડિકલ એસોશિયેશનના AIMA– રત્ન એવોર્ડ્સ -2021માં મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખેરોલી ગામના મેડિકલ ઓફિસર ડૉ. સંજયભાઇ વૈધને આર્યુવેદ ક્ષેત્રના 'આયુર્વેદ રત્ન' પુરસ્કારથી સન્માનિત કરાયા.
- ✓ અમેરિકાના બે વિજ્ઞાનીઓ ડેવિડ જુલિયસ અને આર્ડમ પાટાપોશિયનને નવા પેઇન કિલર્સના ઉત્પાદન માટે મેડિકલ ક્ષેત્રનો નોબેલ પારિતોષિક અપાશે.
- ✓ ઉત્તર પ્રદેશ સરકારે મનેરગા હેઠળ પગાર વધારો કર્યો, જેમાં કમ્પ્યુટર ઓપરેટરને 15,156 ટેકનિકલ સહાયકોને 15,656 તથા મનરેગાના ગ્રામ્ય રોજગારોને 10,000 રૂ. મળશે.
- ✓ રક્ષા સચિવ ડૉ. અજયકુમારે ઇબુક, ભારતીય સ્વતંત્રતા આંદોલન પરની બાબતો ધરાવતી વેબસાઇટ www.indianrdc.mod.gov.in દિલ્લી ખાતેથી લોન્ચ કરી.
- ✓ Paytm રૂપે ક્રેડિટ કાર્ડની મદદથી વ્યવહારો કરવા માટે CreditMateની સ્વામિત્વ ઊર્જા મની પ્રાઇવેટ લિ.નું 100% અધિગ્રહણ કર્યું.
- ✓ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું પીંપળી ગામ દેશનું પ્રથમ નીરોગી ગામ બન્યું. આ ગામમાં 100% શૌચાલય, નળ દ્વારા પાણી, સફાઇ, કચરા માટે ત્રણ ડમ્પિંગ સાઇટનો સમાવેશ છે. આ તમામ બાબતને ધ્યાને રાખી નરેન્દ્ર મોદીએ ગ્રામસભ્યઓની વર્ચ્યુલ મીટિંગમાં જલજીવન મિશનના અમલીકરણ માટે 'પીંપળી' ગામની પસંદગી કરી હતી.
- ✓ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યના શિક્ષકોને તાલીમ આપવા NISHTHA 3.0 તાલીમનો પ્રારંભ કરાવ્યો.

  NISHITH: National Initiative for School Head's and Teacher's Holistic Advancement

  DIKSHA: Digital Infrastructure for Knowledge Sharing (નિષ્ઠા તાલીમ મેળવવાની ઓનલાઇન એપ્લિકેશન)

**6 ઓક્ટોબર**

- ❖ EMMVEE (એમવી) અને કર્ણાટક સરકાર વચ્ચે MOU
  - ✓ આ MOU હેઠળ એમવી કર્ણાટકમાં રૂ.825 કરોના સોલાર મોડ્યુલ તથા સોલાર સેલ બનાવવાના યંત્રો સ્થાપિત કરશે.
  - ✓ કર્ણાટક રાજ્ય 7346mw સૌર ઉર્જા ઉત્પાદિત ઉર્જાનો વપરાશ કરે છે. જે કર્ણાટકની દૈનિક 20% જરૂરીયાતને પૂરી કરે છે.
  - ✓ કર્ણાટકના ડોબાસ્પેટ ખાતે અવેલો આ પ્લાન્ટ રાજ્યના બેંગલુરૂ જિલ્લામાં 0.5GW ક્ષમતાના પ્લાન્ટમાં એક ઉમેરો છે.
  - ✓ એમવીના MD - ડીવી મંજુનાથ, કર્ણાટકના CM - બીએસ યેદીયુરપ્પા.
- ❖ દિલ્લી સરકારે ઉન્નત ગ્રીન વોર રૂમ એપ લોન્ચ કરી.
  - ✓ આ એપ પર્યાવરણ સમસ્યાઓના સમાધાન માટે લોન્ચ કરાઇ છે.
  - ✓ આ એપ ઠંડી ઋતુમાં 10 પ્રકારનાં પ્રદૂષણ સબંધિત સમસ્યાઓની વિગતો આપશે.
  - ✓ ગ્રીન વૉર રૂમ- દિલ્લી અને કેન્દ્ર સરકાર સાથે નગર નિગમના 24 વિભાગોનો બનેલો સંયુક્ત મંચ છે.

- ✓ આ એપ પર ઔધોગિક પ્રદૂષણ, બાયોમાસ, પ્રદૂષણ, કચરો બાળવાથી થતું પ્રદૂષણ, વાહનોનું પ્રદૂષણ વગેરે સબંધિત ફરિયાદો કરી શકાશે.
- ✓ દિલ્લી રાજ્યના પર્યાવરણ મંત્રી - ગોપાલ રાય.

❖ સેનેટરી નેપકીનના વિતરણ માટે આંધ્રપ્રદેશ સરકારનો સ્વચ્છ કાર્યક્રમ.

- ✓ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય. એસ. જગનમોહન રેડ્ડીએ માસિક ધર્મ સાથે જોડાયેલી બાબતોના સમાધાન માટે સ્વચ્છ કાર્યક્રમ શરૂ કર્યો.
- ✓ કાર્યક્રમ હેઠળ સરકારી શિક્ષણ સંસ્થાઓની વિધાર્થીનીઓને મફત સેનેટરી પેડનું વિતરણ કરાશે.
- ✓ કાર્યક્રમ હેઠળ વિધાર્થીની દીઠ વાર્ષિક 120 સેનેટરી નેપકીન અપાશે.
- ✓ સરકારે સેનેટરી નેપકીન માટે P&G અને Niine પ્રાઇવેટ લિમિટેડ સાથે ભાગીદારી કરી છે.

❖ અસમમાં ભારતની પ્રથમ ઇ-ફિશ માર્કેટ એપ ફિશવાલે લોન્ચ

- ✓ આ એપ અસમના મત્સ્ય પાલન મંત્રી પરિમલ સુકલાવૈધે લોન્ચ કરી.
- ✓ એપની મદદથી માછલીઓના સબંધિત ખોરાક, બીજની લે-વેચ માટેનું કાર્ય સરળ થશે.

❖ જલવાયુ અસ્તાવ્યસ્ત આબોહવાને સમજવાના કામ માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ

- ✓ ત્રણ વ્યક્તિઓમાં જાપાનમાં જન્મેલા અમેરિકન સાયુકુરો મનાબે, જર્મનના ક્લાસ હાસેલમેન અને ઇટાલિના જ્યોર્જીયો પેરસીનો સમાવેશ થાય છે.
- ✓ સાયુકુરો અને ક્લાઉસે પૃથ્વીની આબોહવાની માનવ જીવન પરની અસર બાબતે સંશોધનનો પાયો નાખ્યો હતો.

❖ રેલ વિકાસ નિગમ લિમિટેડે ટાટા સ્ટીલ સાથે MOU કર્યા.

- ✓ RVNL (રેલ વિકાસ નિગમ લિમિટેડ) એ સરકારી માલિકીની કંપની છે જે મુખ્યત્વે ભારતીય રેલવેને ઇન્ફ્રાસ્ટ્રકચર પુરૂ પાડવાનું કામ કરે છે.
- ✓ આ કરાર ડિપોઝીટ વર્ક અથવા SPV (સ્પેશિયલ પર્પઝ વ્હીકલ) માર્ગ દ્વારા નામાંકન ધોરણે ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ સાથે જોડાયેલ છે.
- ✓ ટાટા વિશ્વના સૌથી ભૌગોલિક રીતે વૈવિધ્યસભર સ્ટીલ ઉત્પાદન કરતું એકમ છે. જેણે નાણાકીય વર્ષ 2020-21માં 21.06 અબજ ડૉલરનું ટર્નઓવર નોંધાવ્યું છે.

❖ પેન્ડોરા પેપર્સ:

- ✓ ICIJ - ઇન્ટરનેશનલ કોન્સોર્શિયન ઓફ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિષ્ટની તપાસમાં પનામા બાદ નવો પેન્ડોરા પેપર્સનો ઘટસ્ફોટ સામે આવ્યો.
- ✓ આ પેપર્સ અંતર્ગત ઉધોગપતિ અનિલ અંબાણી, ક્રિકેટર સચિન તેંદુલકર, અભિનેતા જેકી શ્રોફ સહિત 380 ભારતીયો, 700 પાકિસ્તાનીઓ, વિશ્વના130થી વધુ અબજોપતિઓ તથા વિવિધ દેશો રશિયા, બ્રિટન, મેક્સિકોના નામાંકિત પ્રતિભાઓનાં નામ સામેલ છે.
- ✓ લિસ્ટમાં સમાવિષ્ટ લોકોએ બોગસ કંપની, વિદેશી બેંક ખાતાં, મકાન, અન્ય પ્રોપર્ટી, વિમાનો જેવી બાબતોમાં બેનામી પૈસાનું રોકાણ કર્યું છે.

**શું છે પેન્ડોરા બોક્સ**

- ✓ 117 દેશોના 150 મિડિયા આઉટલેટ્સમાં 600 થી વધુ પત્રકારોએ જુદા જુદા દેશોમાં 12 કરોડથી વધુ દસ્તાવેજોની તપાસ કરી રોકાણ થયેલ કાળા નાણા અને કરચોરીને આ પેપર્સમાં ઉઘાડી પાડી છે. આ કાર્યમાં વોશિંગ્ટન પોસ્ટ, બીબીસી, ગાર્ડીયન, રેડિયોફ્રાન્સ અને ઇન્ડિયન એક્સપ્રેસના પત્રકારો સામાવિષ્ટ છે.
- ✓ અહેવાલ મુજબ વિદેશમાં 2021ના પ્રારંભે રૂ.20,000 કરોડથી વધુ બ્લેક મની વિદેશોમાં છુપાવેલું છે.

------------ કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ શૂટર ઐશ્વર્ય પ્રતાપસિંહ તોમરે ISSF જૂનિયર વિશ્વ ચેમ્પિયનશિપમાં 50મીટર રાઇફલ થ્રી પોઝિશનમાં ગોલ્ડ મેળવ્યો.

- ✓ ઉપરાષ્ટ્રપતિ એમ. વૈકેયા નાયડૂએ ગુવાહાટી (અસમ) માં રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય યોગદાન માટે 'કસ્તૂરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ', 'અસમિયા સાહિત્યકાર ડૉ. નિશેદકુમાર બરૂઆ', અને 'શિલાંગ ચૈબર'ને અસમ સરકારનો લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઇ પુરસ્કાર એનાયત કરાયો.
- ✓ જલશક્તિ મંત્રાલયે મેઘાલયની 'ઉમંગાટે' નદીને ભારતની સૌથી સ્વચ્છ નદી જાહેર કરી. દાવકી નામે પ્રખ્યાત ઉમંગોટ નદી મેઘાલયથી શિલોંગ વચ્ચે 100 km માં ફેલાયેલી છે. ઉમંગોટ 'માવલિન નોન્ગ ગામ' માંથી પસાર થાય છે. જે એશિયાનું સૌથી સ્વચ્છ ગામ છે.
- ✓ તારક મહેતા શોના જાણીતા 'નટુકાકા' (ઘનશ્યામ નાયક)નું નિધન. તેઓ ભવાઇની વેશભૂષામાં 'રંગલા'ના પાત્રથી ખ્યાતનામ થયા હતા. 1960માં 'માસુમ' ફિલ્મથી બાળકલાકાર તરીકે તેમણે અભિનયની શરૂઆત કરી હતી.
- ✓ ચીનની કેન્દ્રીય બેંકે ક્રિપ્ટો કરન્સીની લેણદેણને ગેરકાયદેસર જાહેર કરી.
- ✓ પશ્ચિમ બંગાળની ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી મમતા બેનરજીનો 58,832 મતથી વિજય તથા મુખ્યમંત્રી પદ યથાવત (તેમની સામે લડનાર પ્રિયંકા ટિબ્રેવાલ (BJP).
- ✓ UAE (યુનાઇટેડ આરબ અમીરાત) મંગળ અને બુધ વચ્ચેના લઘુગ્રહો પર પ્રોબ લોન્ચ (અંતરિક્ષયાન) કરશે જે બ્રહ્માંડની ઉત્પતી સબંધીત માહિતી મેળવવા માટે કાર્ય કરશે.
- ✓ એરટેલ દ્વારા દિલ્લી - NCRના ભાઇપુર બ્રાહ્મણી ગામમાં ભારતનું પ્રથમ ગ્રામીણ 5G પરીક્ષણ.
- ✓ બ્રિટનની સુરક્ષા સંસ્થા સેફ્ટીના અહેવાલ મુજબ 2020માં સેલ્ફી લેતી વખતે અકસ્માતમાં થયેલ મોત ભારતમાં (184) સૌથી વધુ ત્યારબાદ અમેરિકા (25) અને રશિયા (19)નું સ્થાન.
- ✓ કેન્દ્રીય માર્ગ પરિવહ અને રાજમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા બોર્ડની રચના કરી જેમાં એક અધ્યક્ષ અને 3 થી 7 સભ્યો રહેશે. તેનું વડું મથક દિલ્હી NCR ખાતે રહેશે. આ બોર્ડ માર્ગ સુરક્ષા, ઇનોવેશન અને નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપશે.
- ✓ તાલિબાને અફઘાનિસ્તાનમાં વર્ષ 2000 થી 2020 સુધીના સમયગાળામાં મેળવેલ તમામ ડીગ્રીઓની માન્યતાને રદ કરી.
- ✓ ગુજરાત HC ના જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની મદ્રાસ HCમાં કોલેજિયમના આધારે બદલી કરાઇ.
- ✓ 18 વર્ષથી ઉપરના 100% રસીનો પ્રથમ ડોઝ આપનાર સુરત દેશનું પ્રથમ શહેર.

## 7 ઓક્ટોબર

- ❖ કર્ણાટક વિકાસ ગ્રામીણ બેંકને બે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયા.
  - ✓ કેનેરા બેંક પ્રયોજિત કર્ણાટક વિકાસ ગ્રામીણ બેંક (KVGB)ને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી તરફથી અટલ પેન્શન યોજના (APY) હેઠળ નોંધપાત્ર નોંધણી માટે બે પુરસ્કાર 'APYBigBelivers' અને 'LeadershipCapital' પ્રાપ્ત થયા.
  - ✓ અટલ પેન્શન યોજના 60 વર્ષ પછી પૂર્વ નિર્ધારિત રીતે પેન્શન આપતી એક સલામત યોજના છે
  - ✓ KVGB એ અત્યાર સુધીમાં APY હેઠળ 2,30,432 ખાતાની નોંધણી કરી ઉપરાંત સરકાર દ્વારા શરૂ કરાયેલી ત્રણ સામાજિક સુરક્ષા યોજના PMJJBY, PMSBY, APYની અમલવારીમાં બેંકે મોટો ફાળો આપ્યો છે.
  - ✓ બેંક નવ જિલ્લામાં અધિકાર ક્ષેત્ર સાથે 90 લાખ ગ્રાહકોના આધાર સાથે 28,410 કરોડનું ટર્ન ઓવર ધરાવે છે.
  - ✓ KVGB ચેરમેન = P. Gopi Krishna
  - ✓ PFRDA ચેરમેન = સુપ્રતીમ બંદોપાધ્યાય (ચેન્નાઇ)
  - ✓ PFRDA = Pension Fund Regultory And Development Authority
  - ✓ PMJJBY = Pradhan Mantri Jeen Jyoti Bima Yojana
  - ✓ PMSBY = PradhanMantri Surksha Bima Yojana
- ❖ ભારતને અન્ય એક નવું તથા છત્તીસગઢને ચોથું 'ટાઇગર રિઝર્વ' પ્રાપ્ત થયું.

- ✓ NTCA (National Tiger Conservation Authority) દ્વારા છત્તીસગઢના ‘ગુરુ ઘાસીદાસ રાષ્ટ્રીય ઉધાન’ અને ‘તમોર પિંગવા વન્ય જીવન અભયારણ્ય’ ને સંયુક્ત રીતે એક ટાઇગર રિઝર્વ ઘોષિત કર્યું.
- ✓ ઉદંતી –સીતાનદી, અચાનકુમાર અને ઇંદ્રાવતી રિઝર્વ બાદ છત્તીસગઢનું આ ચોથું ટાઇગર રિઝર્વ છે.
- ✓ તમોર પિંગવા વન્યજીવ અભયારણ્ય 2011માં સરગુજા જશપુર હાથી અનામત વિસ્તારનો ભાગ હતો. જ્યારે ગુરુ ઘાસીદાસ રાષ્ટ્રીય ઉધાન મધ્યપ્રદેશના સંજય રાષ્ટ્રીય ઉધાનનો એક ભાગ હતો.
- ✓ ગુરુ ઘાસીદાસ ઉધાન 1,44,000 હેક્ટર (1,440 ચો. વાર) (જી. કોરિયા) અને તમોર પિંગલા અભ્યારણ્ય – 60,850 હેક્ટર (608.5 ચો. KM) (જી. સુરજપુર)માં છે.
- ✓ વન્યજીવ નિષ્ણાતોના માટે ગુરુ ઘાસીદાસને વાઘ રિઝર્વમાં ફેરવવાનું મહત્વ એ છે કે તે ઝારખંડ અને મધ્યપ્રદેશને જોડે છે અને વાઘને બાંધવગઢ અને પાલામાઉ વાઘ અન્નામત વચ્ચે ખસેડવા માટે કોરિડોર પૂરો પાડે છે.

❖ તેલંગાણાનો બથુકમ્મા ઉત્સવ
- ✓ ઉત્સવ દુર્ગાસ્ટમી સુધી ચાલતો 9 દિવસનો પુષ્પો ઉત્સવ કહેવાય છે.
- ✓ બથુકમ્માનો અર્થ ‘માં દેવી જીવિત હો’ થાય છે.
- ✓ આ તહેવાર ફૂલોના તહેવાર તરીકે ઉજવાય છે. જેમાં સેલોસિયા, કેસીય, મેરીગોલ્ડ, ક્રાયસન્થેમમ અને લૂક્ષજેવા ફૂલોની સૌથી વધુ માંગ રહે છે.

❖ કાપડ મંત્રાલયે ‘હસતશિલ્પ કલસ્ટર વિકાસ યોજના’ 2026 સુધી વધારી
- ✓ આ યોજના હેઠળ હસ્તકલા કારીગરોને માળખાકીય સહાયતા, ડિઝાઈન અને ટેકનોલોજી અપગ્રેડેશન સપોર્ટ પૂરા પાડવામાં આવશે.
- ✓ યોજના હેઠળ સ્થાનિક કારીગરો અને નાના અને મધ્યમ કદના સાહસોની વ્યાવસાયિક જરૂરિયાતોને પૂરી કરવા વિશ્વસ્તરીય માળખું તૈયાર કરવાનું લક્ષ્ય ધરાવે છે.
- ✓ યોજના હેઠળ 10 હજારથી વધુ કારીગરો ધરાવતા મેગા હસ્તકલા કલસ્ટરોને આ યોજનામાં સ્થાન આપશે.

❖ WHO દ્વારા વિશ્વની પ્રથમ મેલેરિયાની રસીને મંજૂરી આપવામાં આવી.
- ✓ RTS, S/AS01 મેલેરિયા અથવા Mosqirix નામની બ્રિટિશ દવા GlaxoSmithKline (GSK) કંપનીએ બનાવી છે.
- ✓ આ વેક્સિન પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમની વિરુદ્ધ કામ કરે છે. જે પાંચ પરજીવી પ્રજાતિમાંની એક સૌથી ઘાતક પ્રજાતિ છે.
- ✓ GSK કંપની 2028 સુધી 5% જેટલા માર્જિન સાથે 15 મિલિયન ડોઝ ઉત્પાદન કરશે.
- ✓ મેલેરિયાનાં લક્ષણો : તાવ, માથું દુ:ખવું, શરીરમાં દુ:ખાવો.

❖ જર્મની ફૂટબોલના યુરો 2024 ટુર્નામેન્ટ માટે લોગો પ્રસારિત કર્યો.
- ✓ લોગોમાં હેનરી ડેલાઉન કપ – બલ્બસ ટુર્નામેન્ટ ટ્રોફીની તસવીર છે.
- ✓ ઉપરાંત UEFA ના 55 દેશોના ધવજમાંથી રંગોને આ લોગોમાં દર્શાવ્યા છે, જે 24 ટીમોનું પ્રતિનિધત્વ કરવા માટે ટ્રોફીની આજુબાજુ 24 સ્લાઇસોસ (પટ્ટીમાં) માં મુકાયા છે.
- ✓ ટુર્નામેન્ટનું સ્લોગન : ‘યુનાઈટેડ બાય ફૂટબોલ, વેરેન્ટ ઇન હર્ઝેન યુરોપાસ ‘યુનાઈટેડ  એટ ધ હાર્ટ ઓફ યુરોપ’ છે.

❖ તેલંગાણાએ ભારતની પ્રથમ સ્માર્ટ ફોન આધારિત ઇ-વોટિંગ સિસ્ટમ બનાવી.
- ✓ આ સિસ્ટમ તેલંગાણા રાજ્ય ચૂંટણી આયોગ, રાજ્ય સરકાર અને CDAC (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કેમ્પ્યુટિંગ) દ્વારા સંચાલિત છે.
- ✓ સિસ્ટમમાં AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) તથા બ્લોકચેન ડિસ્ટ્રિબ્યુટેડ ટૅક્નિકનો ઉપયોગ કરાયો છે.
- ✓ આ સિસ્ટમની બનાવટમાં પ્રો. રજતમુના (IIT ભિલાઇ) અને ભારતીય ચૂંટણી પંચના ટેકનિકલ સલાહકારોને સમાવેશ થાય છે.

❖ 7 ઓકટોબર: વિશ્વ કપાસ દિવસ (WorldCottonDay)

- ✓ દિવસની ઉજવણીની શરૂઆત 2019માં વિશ્વ વેપાર સંગઠનના જિનિવા મુખ્યાલય ખાતેથી થઇ.
- ✓ કપાસ 75 થી વધુ દેશોમાં લેવામાં આવતો પાક છે.
- ✓ 2021નો વિષય : - 'કોટન ફોર ગુડ'
- ✓ ભારત વિશ્વના લગભગ 26% કપાસ ઉત્પાદન કરે છે.
- ✓ કપાસને વિશ્વના ઘણા દેશોના 'સફેદ સોના' તરીકે પણ ઓળખવામાં અવે છે.
- ✓ કપાસના રેસાનો ઉપયોગ કાપડ ઉદ્યોગમાં તથા તેના બીજનો ઉપયોગ ખાદ્યતેલ તથા પશુદાણમાં કરવામાં આવે છે.

❖ સ્તન કેન્સર જાગૃતિ માસ 2021 : 1 થી 31 ઓક્ટોબર

- ✓ એક અહેવાલ મુજબ વિશ્વભરમાં 2020ની સાલમાં 2.3 મિલિય મહિલાઓમાં સ્તન કેન્સર હોવાનું પ્રતિપાદિત થયું.
- ✓ આ માટે આ રોગની જાગૃતિ લાવવા, નિવારણ સારવાર અને તેની ઉત્પતિના કારણો વિશે માહિતગાર કરવાનો ઉદ્દેશ્ય આ માસ દરમિયાન છે.
- ✓ સ્તન કેન્સર જાગૃતિ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રતિક ગુલાબી રિબિન છે.
- ✓ યાદ રાખો
  - ▪ Red (લાલ) રિબિન = AIDS ની જાગૃતિ માટે
  - ▪ Black (કાળી)રિબિન = સ્મરણ અથવા શોક વ્યક્ત કરવા માટે

------------ કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ ભારતના પૂર્વ ICS V.M.M. નાયર (વલ્લીલથ માધથિલ માધવન નાયર)નું નિધન. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન (1944)માં તેમને સ્થાયી રૂપથી ભારતીય વિદેશ સેવામાં મોકલાયા હતા.
- ✓ વિશ્વ બેંકે બહાર પાડેલ 'શિફ્ટીંગ ગિયર્સ : ડિજીટાઇઝેશન એન્ડ સર્વિસિઝ - લેડ ડેવલપમેન્ટ' રેપોર્ટમાં ભારતની GDP 8.3% રહેવાનું અનુમાન.
- ✓ કોટક મહિન્દ્રા બેંકને આવકવેરા GST પ્રાપ્ત કરવાની મંજૂરી સરકાર તરફથી મળતાં તે પ્રથમ ખાનગી ક્ષેત્રેની આવી મંજૂરી મેળવનાર બેંક બની
- ✓ 2023માં પ્રથમ વખત આફ્રિકી પેરાલિમ્પિકમાં 'ઘાના' યજમાની કરશે. 2023માં પેરાલિમ્પિકની 13મી આવૃતિ હશે.
- ✓ વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠન (WMO)એ આપેલા 'ધ સ્ટેટ ઓફ ક્લાઇમેટ સર્વિસિઝ 2021: વોટર' શીર્ષક હેઠળના રિપોર્ટ અનુસાર 2050 માં 5 અરબ લોકોએ પાણી વગર મુશ્કેલીનો સામનો કરવો પડશે.
- ✓ પેરિસ જળવાયુ સમજૂતી પર સહી કરનાર 'તુર્કી' અંતિમ G-20 દેશ બન્યો.
- ✓ શિક્ષણ ક્ષેત્રના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રિયદર્શીની ગ્રુપ ઓફ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી 'સરિતા સિંહને' ઇન્ટરએક્ટિવ ફોરમ ઓફ ઇન્ડિયન ઇકોનોમી દ્વારા 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' એવોર્ડ અપાયો. આ ઍવોર્ડ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીના હસ્તે અપાયો.
- ✓ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નયડુએ ગુવાહતીમાં 'મહાબાહુ બ્રહ્મપુત્ર નદી વિરાસત કેન્દ્ર'નું ઉદ્દઘાટન કર્યું.
- ✓ અમેરિકન પૂર્વ હેવીવેઇટ બોક્સિંગ ચેમ્પિયન મોહમ્મદ અલીનો સ્કેચ રૂ. 3 કરોડમાં વેચાયો, અલીએ 'સ્ટિંગ લાઇક બી' નામથી આ સ્કેચ 1978માં બન્યો હતો જેને ન્યૂયોર્કમાં બોનહેમ્સ નિલામી હાઉસ ખાતે નિલામી કરાઇ હતી.
- ✓ ઇઝરાયેલના પુરાતત્વવિદોને જેરૂસલેમમાંથી 2700 વર્ષથી પણ વધુ જૂનું ટોઇલેટ મળ્યું.

**8 ઓક્ટોબર**

- IIT મદ્રાસમાં અધ્યયનમાં કાવેરી નદીમાં ફાર્માસ્યુટિકલ પ્રદૂષકો મળી આવ્યાં.
  - ✓ આ પ્રદૂષકોમાં ફાર્માસ્યુટિકલી – સક્રિય સંયોજનો, પર્સનલ કેર પ્રોડક્ટસ, પ્લાસ્ટિક, ભારે ધાતુઓનો પણ સમાવેશ થાય છે.
  - ✓ ભારત વિશ્વનો બીજા નુંબરનો દવા ઉત્પાદક દેશ છે ત્યારે પાણીમાં છોડતા ખૂબ ઓછા પ્રમાણના ફાર્મા પ્રદૂષકો પણ લાંબા ગાળે માનવ અને ઇકો સિસ્ટમને નુકશાન કરે છે.
  - ✓ ફાર્માસ્યુટિકલ પ્રદૂષકોમાં આઈબ્રુપ્રોફેન અને ડિકલોફેનાક જેવી દવાઓ ઉપરાંત પેરીન્ડોપ્રિલ જેવા કેફીન ઉતેજકોનો પણ સમાવેશ છે.
- ભારત અને યુનાઈટેડ કિંગડમ દ્વારા ઉતરાખંડમાં 'અજેય વોરિયર' અભ્યાસ શરૂ
  - ✓ ઉત્તરાખંડના ચૌબટિયામાં બે સપ્તાહ સુધી આ અભ્યાસ ચાલશે.
  - ✓ આ અભ્યાસની છઠ્ઠી આવૃતિ મિત્ર દેશોમાં આંતરિક સંચાલનનો વિકાસ તથા વિશેષ તકનિકીના અભ્યાસ માટેની એક પહેલ છે.
  - ✓ તાલીમના ભાગરૂપે બંને સેનાઓ એકબીજાનાં શસ્ત્રો, સાધનો, રણનીતિ, તકનિકો અને સંયુક્ત લશ્કરી કામગીરી હાથ ધરવા માટેની પ્રક્રિયાઓથી પરિચિત થશે.
- ગુરુગ્રામ સ્થિત NGO Lotus Petal Foundation ને સામાજિક પ્રભાવ બદલ 'મહાત્મા પુરસ્કાર'.
  - ✓ આ NGO ને શહેરના અર્ધ શહેરી વિસ્તારના વંચિત બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્યની દેખભાળ તથા પોષણ પ્રદાન કરવાના હેતુથી માન્યતા મળી છે.
  - ✓ લોટસ પેટલ ફાઉન્ડેશનના સ્થાપકો – કુશલ ચક્રવતી અને સલોની ભારદ્વાજ.
  - ✓ આ એવોર્ડ માટે આ વર્ષે 891 નૉમિનેશનમાંથી 58 ચેન્જમેકર્સને વિવિધ કક્ષાના એવોર્ડ અપાયા છે.
- PNB એ શરૂ કર્યું '6 S(એસ) અભિયાન'
  - ✓ PNB - Punjab National Bank
  - ✓ આ અભિયાન સરળ વ્યાજ દરે નાણાકીય સેવાઓ પૂરી પાડવા માટે શરૂ કરાયું
  - ✓ 6 S (એસ)માં સ્વાભિમાન, સમૃદ્ધિ સંપર્ક, શિખર, સંકલ્પ અને સ્વાગતનો સમાવેશ થાય છે.
  - ✓ 'સ્વાભિમાન' હેઠળ ત્રણ યોજના પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, અટલ પેન્શન યોજનાનો સમાવેશ થાય છે.
  - ✓ 'સમૃદ્ધિ' હેઠળ કૃષિ ધિરાણ ઉત્પાદનો આવરી લેવાશે.
  - ✓ 'શિખર, સંકલ્પ અને સ્વાગત' હેઠળ છૂટક અને MSME ક્ષેત્રમાં ધિરાણ માટે ખાસ વ્યાજદર નક્કી કરાશે તથા 'એક જિલ્લો એક ઉત્પાદન' નીતિ હેઠળ પસંદગીના ઉત્પાદન માટે છૂટછાટ અપાશે.
- હેનલે પાસપોર્ટ ઈન્ડેક્ષ: ભારત-90મા સ્થાને
  - ✓ 2020માં ભારત 84માં સ્થાને હતું.
  - ✓ IATA (ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસીએશન આ રેન્કિંગ ઉપલબ્ધ કરાવે છે.
  - ✓ જાપાન અને સિંગાપુર આ રેન્કિંગમાં પ્રથમ છે. જ્યારે દ. કોરિયા અને જર્મની બીજા સ્થાને.
- રામાયણમાં રાવણના પાત્રથી પ્રખ્યાત કલાકાર અરવિંદ ત્રિવેદીનું નિધન.
  - ✓ અરવિંદ ત્રિવેદીએ રામાનંદ સાગર કૃત 'રામાયણ' ચલચિત્રમાં રાવણનું પાત્ર ભજવ્યું હતું.
  - ✓ વર્ષ 2002માં તેઓ CBFC (ભારતીય સેન્સર બોર્ડ)ના કાર્યકરી ચેરમેન બન્યા હતા. તથા 1974માં ફિલ્મફેર એવોર્ડ જીત્યા હતા.
  - ✓ જન્મ - મધ્ય પ્રદેશ, વતન = ઇડર તાલુકો (સાબરકાંઠા), ઉપનામ - લંકેશ, ભાઈ - ઉપેન્દ્ર ત્રિવેદી (અભિનય માટે વિખ્યાત).
- પક્ષપલટા કાયદો
  - ✓ તાજેતરમાં કલકતા હાઇકોર્ટે પશ્ચિમ બંગાળ વિધાનસભા અધ્યક્ષને એક વિધાનસભ્ય સાથે જોડાયેલ પક્ષપલટા કાયદા અંતર્ગત નિર્ધારિત સમયમાં કાર્યવાહી કરવા આદેશ કર્યો.

- ✓ પક્ષપલટાનો કાયદો સંસદ તથા વિધાનસભ્યોને એક બીજા પક્ષમાં જોડતા અટકાવે છે. આ બાબતને (52મો સુધારો) 1985માં બંધારણની 10મી અનુસૂચિ હેઠળ લાવવામાં આવી છે જે પક્ષપલટાને અટકાવી સરકારમાં સ્થિરતા લાવવાનું કામ કરે છે.
- ✓ વ્યક્તિની આ બાબતો આ કાયદા અંતર્ગત અયોગ્યતા દર્શાવે છે.
  - જો ચૂંટાયેલ સભ્ય સ્વેચ્છાએ રાજકીય પક્ષનું સભ્યપદ છોડે.
  - જો ચૂંટાયેલ સભ્ય તેના પક્ષ દ્વારા નક્કી કરાયા મુજબના મતદાનની વિરુદ્ધમાં મતદાન કરે.
  - અપક્ષ તરીકે ચૂંટાયેલ વ્યક્તિ કોઈ રાજકીય પક્ષમાં જોડાય.
  - નામાંકિત થયેલ વ્યક્તિ છ મહિનાની સમાપ્તિ બાદ પક્ષમાં જોડાય.
- ✓ આ કાયદો સરકારમાં 'વિભાજન'ના બદલે 'મર્જર' (ભેગા થવું)ને માન્યતા આપતો કાયદો માનવામાં અવે છે.

❖ ભારતીય નાગરિકતા છોડવા સંબંધી પ્રક્રિયાનું સરળીકરણ કરવામાં આવ્યું.

- ✓ તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયે નાગરિકતા છોડવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવા જાહેરનામું બહાર પાડ્યું.
- ✓ નાગરિકતા છોડવાની આ નવી પ્રક્રિયા હેઠળ, અરજદારને દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાની સુવિધા અપાશે જેના પર 60 દિવસની અંદર તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાશે.
- ✓ વર્ષ 2015 થી 2019 વચ્ચે 6.7 લાખથી વધુ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી છે.
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 2018થી ભારતીય નાગરિકતા છોડવાનું કારણ ફરજિયાત દર્શાવવાની કોલમનો ઉપયોગ કર્યો હતો.
- ✓ બંધારણમાં નાગરિકતા
  - નાગરિકતા એ કેન્દ્ર યાદીનો વિષય છે જેથી તે સંસદના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.
  - બંધારણમાં ભાગ-2માં અનુચ્છેદ 5 થી 11 નાગરિકતા સંબંધિત બાબતો આપેલ છે.
  - 1955ના નાગરિકત્વ અધિનિયમ હેઠળ જન્મ, વંશ, નોંધણી, પ્રાકૃતિકરણ અને પ્રદેશના સમાવેશ આધારે કૃતિ 5 રીતે ભારતની નાગરિકતા મેળવી શકાય છે.
  - ભારતીય નાગરિકતા સ્વૈચ્છિક ત્યાગ, બરતરફી દ્વારા, સરકાર દ્વારા સમાપ્તિ જેવી પદ્ધતિઓથી દૂર કરી શકાય છે.

❖ 2021 સ્ટેટ ઓફ ધ એજ્યુકેશન રિપોર્ટ એન ઈન્ડિયા : યુનેસ્કો

- ✓ વિશ્વ શિક્ષક દિવસ (5 ઓક્ટોબર) ના દિવસે UNESCO (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આ રિપોર્ટ જાહેર કરાયો જેનું શીર્ષક 'નો ટીચર, નો ક્લાસ' રખાયું.
- ✓ આ રેપોર્ટનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)ના અમલીકરણનો વ્યાપ વધારી ટકાઉ વિકાસને મહત્વ આપવાનો છે તથા વિકાસશીલ અને વિકસિત દેશો તથા નાના ટાપુઓ પર શિક્ષકોની સંખ્યા વધારવાનો પણ હેતુ ધરાવે છે.
- ✓ અહેવાલના મુખ્ય તારણોમાં શિક્ષકોની અછત જોવા મળી. જેમાં દેશની લગભગ 1.2 લાખ સ્કૂલો જેમાંથી 89% સ્કૂલો ગામડાંની છે તેમાં માત્ર એક જ શિક્ષક છે જે હેઠળ હાલ ભારતને 11.16 લાખ નવા શિક્ષકોની જરૂર છે.
- ✓ અન્ય બાબતો
  - ત્રિપુરામાં સૌથી ઓછી મહિલા શિક્ષકો
  - મહિલા શિક્ષણમાં ગોવા, દિલ્હી, કેરળ, ચંદીગઢ મોખરે.
  - ખાનગીક્ષેત્ર શિક્ષકોનું પ્રમાણ 2018-19 માં 35% થયું
  - RTE મુજબ વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર ધો. 1 થી 5 માં 30:1 અને ઉચ્ચ ધોરણોમાં 35:1 હોવો જોઈએ.
  - સૌથી વધુ શિક્ષકોની ખાલી જગ્યા ઉત્તર પ્રદેશમાં
- ✓ શિક્ષણ સંબંધિત યોજનાઓ
  - નિપુણ ભારત મિશન

- નિષ્ઠા 2.0
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, (NEP) 2020
- સર્વ શિક્ષા અભિયાન
- PM પોષણ યોજના (મધ્યાહન ભોજન યોજના)
- RTE, 2009
- બેટી બચાઓ, બેટી પઢાઓ.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ રેસલર અંશુ મલિકે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો. 57kg વેઇટ કેટેગરીમાં આ મેડલ મેળવનાર તેણી પ્રથમ ભારતીય. તેમને હેલન મારોયુલિસ (ગોલ્ડ મેળવ્યો) સામે પરાજય થતાં સિલ્વર મેળવ્યો.
- ✓ ફિક્કીએ ઈકોનોમિક આઉટલૂક સર્વે રિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ 2021-22માં GDP વૃદ્ધિ દર 9.1% રહેવાનું અનુમાન કર્યું.
- ✓ બેંક ઓફ બરોડા (BOB)એ હોમલોનના દરમાં 0.25% નો ઘટાડો કરતાં નવો વ્યાજ દર 6.5% થયો.
- ✓ કાપડ મંત્રાલયે કપાસમાં સહયોગ વધારવા જર્મન કંપની GIZ (ગેસેલશાફ્ટ કર ઇન્ટરનેશનલ જુસામેન રબીટ) સાથે કરાર કર્યા.
- ✓ UAE (સંયુક્ત આરબ અમીરાત) દ્વારા 2050 સુધીમાં શૂન્ય ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન યોજનાની જાહેરાત કરી.
- ✓ સાહિત્યનો 2021 નો નોબેલ પુરસ્કાર 'અબ્દુલરઝાક ગુરનાહ' ને અપાયો.
- ✓ ભારતીય વાયુસેને 8 Oct. ના રોજ 89મો સ્થાપના દિવસ ઉજવ્યો. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ ખાતેના હિન્ડોન એરફોર્સ મથકે આ દિવસની ઉજવણી કરાય હતી.

**9 ઓક્ટોબર**

❖ NMCG અને WASH સંસ્થા વચ્ચે કરાર.
- ✓ NMCG–National Mission for clean Ganga
- ✓ WASH–Water, Sanitation And Hygiene
- ✓ ભારતમાં સારવાર ન કરાયેલ મળ કાદવ અને શહેરી ગટરનાં પાણી પ્રદૂષણનો મોટો સ્ત્રોત છે. તેને દૂર કરવા માટે સ્વચ્છ ભારત મિશન હેઠળ અનેક ઉપાયો હાથ ધરાયા છે.
- ✓ NMCG દ્વારા સ્વચ્છતા માટે શહેરની સ્થાનિક સંસ્થાના અધિકારીઓને તાલીમ આપવા માટે WASH સાથે કરારો કર્યા છે.
- ✓ આ કરારના આધારે તાલીમની પ્રથમ બેંચનું આયોજન ઉત્તર પ્રદેશથી કરાયું છે. ત્યારબાદ ગંગા બેસિન રાજ્યો - પ. બંગાળ. ઝારખંડ, બિહાર, ઉત્તરાખંડ વગેરેને તેમાં આવરી લેવાશે.

❖ ઉચ્ચ તાપમાનની બેટરી અને સુપર કેપેસિટર માટે Novel Composite પ્રકારનું માટેરિયાલ વિકસાવાયું.
- ✓ સંશોધકોએ ઊર્જા સંગ્રહ માટે લિથિયમ આયન બેટરીઓ માટે થર્મલ સ્ટેબલ સોલિડ ઇલેક્ટરોલાઇટ વિકસાવ્યું જે 30-500 ડિગ્રી સેલ્સિયસ તાપમાનની વિશાળ શ્રેણી માટે કામ કરી શકે છે.
- ✓ આ ટેકનિક BITS Pilani ના ભૌતિકશાસ્ત્રના ડૉ. અંશુમન દળવીની આગેવાનીમાં વિકસાવાઇ છે.
- ✓ આ શોધ માટે સરકારના Department of Science & Tech. દ્વારા જરૂરી ઇન્ફ્રાસ્ટ્રચર પૂરું પડાયું છે. તથા આ શોધને 'મટિરિયલ્સ રિસર્ચ બુલેટિન ઇન 2021' જર્નલમાં પ્રકાશિત કરાઇ છે.

❖ પોર્ટના સંચાલન માટે 'MyPort App' લોન્ચ કરી.

- ✓ કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કોલકાતા ખાતે આ એપ લોન્ચ કરી.
- ✓ એપમાં ભારતના તમામ પોર્ટની માહિતી ડિજીટલ સ્વરૂપે લખવામાં આવી છે. આ માહિતીમાં વેસલ બર્થિંગ, રેક એન્ડ ઇન્ડેન્ટ, રેક રસીદ, કન્ટેનર સ્થિતિ, ટેરિફ, બિલ વગેરેનો સમાવેશ છે.
- ✓ ઉપરાંત સોનોવાલે બંદર કામગીરી માટે નવીનીકરણીય ઊર્જા ઉત્પન્ન કરવા હલ્દિયા બંદર ખાતે IMW ના સોલાર પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું.

❖ દિલ્હી વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે યોગેશ સિંહની નિમણૂક
- ✓ પ્રો. યોગેશ સિંહ દિલ્હી વિશ્વવિદ્યાલયના 23માં કુલપતિ બન્યા. તેમણે યોગેશ ત્યાગીનું સ્થાન લીધું.
- ✓ યોગેશ ત્યાગીને અનિયમિતતા તથા કામગીરીમાં લાપરવાહી બદલ પદ પરથી દૂર કરાયા હતા.
- ✓ દિલ્હી વિશ્વવિદ્યાલયની સ્થાપના 1922માં કરવામાં આવી હતી.

❖ 9 ઓક્ટોબર : World Post Day (વિશ્વ ટપાલ દિવસ)
- ✓ આ દિવસ 1874 માં સ્વિસની રાજધાની બર્નમાં UPU– યૂનિવર્સલ પોસ્ટલ યુનિયનની સ્થાપનાની વર્ષગાંઠનું પ્રતીક છે.
- ✓ 1969માં ટોક્યો ખાતે આયોજિત UPU કોંગ્રેસ દ્વારા વિશ્વડાક દિવસ ઉજવવાનું નક્કી કરાયું હતું.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય ટપાલ ક્ષેત્રેની કામગીરીમાં જાગરૂકતા લાવવાનો છે. વર્ષ 2021નો વિષય - 'ઇનોવેટ ટુ રિકવર'

❖ સેમી ક્રાયોજેનિક પ્રોપેલેટ ટેન્ક
- ✓ તાજેતરમાં HAL– હિંદુસ્તાન એયરોનોટિક્સ લિ. દ્વારા ISRO ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનને અત્યાર સુધીની સૌથી વજનદાર સેમી ક્રાયોજેનિક પ્રોપેલેટ ટેન્ક –SC120–LOX આપી. અગાઉ વર્ષ 2020માં સૌથી વજનદાર ટેન્ક C32–LH2 આપી હતી.
- ✓ ક્રાયોજેનિક એન્જિનથી વિપરીત સેમી ક્રાયોજેનિક એન્જિન પ્રવાહી હાઇડ્રોજનને બદલે શુદ્ધ કેરોસીનનો ઉપયોગ કરે છે. જેમાં પ્રવાહી ઓક્સિજન ઓક્સિડાઇઝર તરીકે વપરાય છે.
- ✓ અર્ધક્રાયોજેનિકમાં વપરાતા કેરોસીનનો ફાયદો એ છે કે તે પ્રવાહી બળતણોમાં હળવા છે અને તેને સામાન્ય તાપમાને સંગ્રહિત કરી શકાય છે.

❖ ભારતમાં કોલસાની અછત
- ✓ હાલ ભારતમાં ચાલી રહેલા Thermal Power Plant (તાપ વિદ્યુત સયંત્ર)માં કોલસાની ચાલી રહેલ અછત ખૂબ જ ગંભીર છે.
- ✓ કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટમાં વર્ષ 2019માં 61.9% વીજ ઉત્પાદન સામે હાલ 66.4% ઉત્પાદન જરૂરિયાત સામે આવી છે.
- ✓ અગત્યની બાબત એ પણ છે કે ભારે વરસાદના પગલે ચાલી રહેલ કોલસાની ખાણોમાં ભરાયેલ પાણી પણ કોલસા ઉત્પાદનમાં હાલ ક્ષણિક ઘટાડો દર્શાવે છે.
- ✓ કોલસો એટલે શું ?
  - ▪ એક અશ્મિભૂત પ્રકારનું ઈંધણ છે, જે લોખંડ, સ્ટીલ, સ્ટીમ એન્જિન જેવા ઉધોગોમાં તથા વીજ ઉત્પાદનમાં વાપરવામાં આવે છે.
  - ▪ કોલસામાંથી ઉત્પન્ન થતી વીજળીને 'થર્મલ પાવર' કહે છે.
  - ▪ વિશ્વના કોલસા ઉત્પાદકોમાં ચીન, અમેરિકા, ઓસ્ટ્રેલીયા, ઇન્ડોનેશિયા અને ભારતનો સમાવેશ થાય છે.
  - ▪ ભારતમાં ઝારખંડના રાણીગંજ, ઝારીયા, ધનબાદ અને બોકારોમાંથી વિપુલ પ્રમાણમાં કોલસો મળે છે.
  - ▪ કોલસાના ચાર પ્રકાર : એન્થ્રેસાઇટ, બીટ્યુમિનસ, પીટ, લિગ્નાઇટ

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ભારતીય રિઝર્વ બેંકે IMPS (Immediate Payment Service) અંતર્ગત ટ્રાન્ઝેક્સનની દૈનિક મર્યાદા 2 લાખથી વધારી 5 લાખ કરી.
- ✓ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર (CEA) કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમે ત્રણ વર્ષનો કાર્યકાળ પૂરો થતાં રાજીનામું આપ્યું.
- ✓ ટાઈમ મેગેઝિને તેના કવર પેજ પર માર્ક ઝુકરબર્ગના ફોટા પર 'ડિલીટ / Cancel Facebook' લખી તાજેતરમાં બંધ થયેલા સોશિયલ મીડિયા માટેની વાતને દર્શાવી હતી.
- ✓ ગૂગલ જાહેરાતોમાં પ્રકાશકો અને યુટ્યુબ નિર્માતાઓ માટે નવી નીતિ બનાવશે. જેમાં જળવાયુ પરિવર્તનને લઈને ખોટા અને ભ્રમિત કરનાર જાહેરાતો બતાવાશે નહિ.
- ✓ ઇટાલીના સરમુખત્યાર બેનિટો મુસોલિનીની પૌત્રી 'રકેલે મુસોલિની'એ રોમની મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી જીતી.
- ✓ તેલુગુ ફિલ્મ નિર્માતા 'બેજવાડા ગોપાલ'ને ભારતીય સિનેમા જગતનો સત્યજીત રે પુરસ્કાર એનાયત કરાયો.

**10 ઓક્ટોબર**

- ❖ ખાધતેલ – તેલ પામ પર રાષ્ટ્રીય મિશન બિઝનેસ સમિતનું આયોજન.
  - ✓ નેશનલ મિશન ઓન ઓડીબલ ઓઇલ – ઓઇલ પાર પર NE (નોર્થ ઈસ્ટર્ન) રાજ્યો માટે બિઝનેસ સમિટ ગુવાહાટીમાં યોજાઇ હતી.
  - ✓ સમિટના મુખ્ય અતિથિ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર.
  - ✓ વડાપ્રધાનના વિઝન અને નેતૃત્વ હેઠળ, કેન્દ્ર સરકારે ઉત્તર-પૂર્વના વિશાળ વિસ્તારમાં ઓઇલ પામ પરની આયાતની નિર્ભરતા ઘટાડવા રૂ.11000 કરોડના ખાધ-તેલ ઓઈ પામના રાષ્ટ્રીય મિશનને મંજૂરી મળી છે.
  - ✓ દેશના 28 લાખ હેક્ટર વિસ્તાર પામતેલની ખેતી માટે યોગ્ય છે, જેમાંથી 9.62 લાખ હેક્ટર માત્ર ઉત્તરપૂર્વના વિસ્તારમાં સ્થિત છે.
- ❖ નાસાના પર્સવેરેંસ રોવરે 37 અબજ વર્ષ જૂની પ્રાચીન નદી ડેલ્ટાની મંગળ પરની તસવીર મોકલી.
  - ✓ નાસાનું પર્સિવરેંસ રોવર 18 ફેબ્રુઆરી, 2021ના રોજ મંગળ પરના 'જેઝેરો' ખાંડમાં ઉતાર્યું હતું. જે વિજ્ઞાનીઓના માટે નદીઓ દ્વારા બનાવેલ એક તળાવ હતું. જે પંખાના આકારે ડેલ્ટા સ્વરૂપે કાંપ જમા કરતું હતું.
  - ✓ સંસોધકોના મતે આ ડેલતાના નીચેના ભાગે ઓર્ગેનિક અને બાયોસિગ્નેચર્સના અવશેષો પણ મળી શકવાની સંભાવના છે.
  - ✓ સપ્ટેમ્બરની શરૂઆતમાં નિષ્ફળ ગયેલ રોવ રે ઓક્ટોબરમાં શોધેલ ખાડાને – રોવરના મુખ્ય ઇજનેર એડમ સ્ટેલ્ટઝનર'One Beautifully Perfect Cored Sample' તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- ❖ ટાયનોસોરસ રેક્સ સંબંધિત નવી પ્રજાતિ શોધાઈ.
  - ✓ વિજ્ઞાનીઓએ ટાયનોસોરસ રેક્સ સાથે સંબંધિત અને UK માં જોવા મળતી સૌથી જૂની માંસાહારી ડાયનાસોરની પ્રજાતિ શોધી. તેને 'પેન્ડ્રિંગ મિલેનરી' પણ કહેવામાં અવે છે.
  - ✓ રોયલ સોસાયટી ઓફ ઓપન સાયન્સ જર્નલ મુજબ, પેન્ડ્રેગ મિલેનરી એ 'લેટ ટ્રાઇસિક ઓફ વેલ્સનું નવું નાના કદનું કોએલોફાયસોઈડ થેરોપોડ છે, જે 200 મિલિયન વર્ષો પહેલા ઊકમાં જોવા મળતું.
  - ✓ આ પ્રજાતિનું કદ નાની મરઘીના આકાર જેવું છે.
- ❖ DRDO એ અખિલ ભારતીય રાજભાષા, વૈજ્ઞાનિક તકનિકી સેમિનારનું આયોજન કર્યું.
  - ✓ સંકલિત પરીક્ષણ શ્રેણી (ITR–IntegratedTestRange), સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)ની પ્રયોગશાળા દ્વારા) ચાંદીપુર ખાતે સેમિનાર યોજાયો.
  - ✓ દર વર્ષે DRDO ની પ્રયોગશાળાને વૈજ્ઞાનિક અને તકનીકી કાર્યો સહિત સત્તાવાર પ્રવૃતિઓમાં હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી સેમિનાર આયોજનની જવાબદારી સોંપવામાં આવે છે.
  - ✓ વર્ષ 2021ની થીમ :- 'સંરક્ષણ ઉત્પાદનોનું પરીક્ષણ અને મૂલ્યાંકન : જરૂરિયાત અને સિદ્ધિઓ.

- ડેનિશ PM 'મેટ્ટે ફ્રેડરિકસેન' 3 દિવસ ભારતની મુલાકાતે
  - ✓ વર્ષ 2020 માં યોજાયેલ વર્ચ્યુઅલ સમિટમાં ભારત અને ડેન્માર્ક 'ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ની સ્થાપના કરી હતી.
  - ✓ ભારતનાં વિદેશ રાજ્યમંત્રી - મીનાક્ષી લેખી.
- PM–MITRA યોજના
  - ✓ MITRA = Mega Integrated Textile Region and Apparel.
  - ✓ કેન્દ્ર સરકારે આ PM–MITRA યોજના હેઠળ 7 મોટા ટેક્સટાઇલ પાર્ક ઊભા કરવાની મંજૂરી આપી. જે હેઠળ '5F' ફોર્મ્યુલા વપરાશે.
  - ✓ 5F (ફાર્મ, ફાઇબર, ફેક્ટરી, ફેશન અને ફોરેન)- ફાર્મ ટુ ફાઇબર, ફાઇબર ટુ ફેક્ટરી, ફેક્ટરી ટુ ફેશન, ફેશન ટુ ફોરેન
- ચીન-તાઇવાન વચ્ચેનો સંઘર્ષ
  - ✓ તાજેતરમાં ચીન દ્વારા ટાઇવનના હવાઈક્ષેત્રમાં થયેલી ઘૂષણખોરીએ બંને વચ્ચેનો નવો સંઘર્ષ જન્મ્યો છે.
  - ✓ 1949ના ગૃહ યુદ્ધથી ચીન અને તાઇવાન અલગ થયા. તેમ છતાં ચીન આજે પણ તાઇવાનને પોતાનો હિસ્સો માની તેના પર નિયંત્રણ કરવા પ્રયત્ન કરે છે.
  - ✓ અગાઉ 1980માં ચીન 'એક દેશ, બે પ્રણાલી' હેઠળ ચીન અને તાઇવાનને એક કરવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમાં તે નિષ્ફળ રહ્યું હતું.
  - ✓ ચીનના નવા નિર્ણય મુજબ જે દેશો 'પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના' (ચીન) સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવા માંગે છે તેમણે 'રિપબ્લિક ઓફ ચાઇના' (તાઇવાન) સાથેના સંબંધો સમાપ્ત કરવા પડશે.
  - ✓ તાઇવાને સંરક્ષણના ભાગરૂપે અધતન એફ-16 ફાઇટર જેટ, સશસ્ત્ર ડ્રોન, રોકેટ સિસ્ટમની US પાસેથી ખરીદી કરી US સાથેના મિત્રતા સંબંધો વિકસાવવા પ્રયત્ન કર્યા.
  - ✓ ભારત અને તાઇવાનના રાજદ્વારી સંબંધો સ્થાપિત ન હોવા છતાં બંને દેશોએ રાજધાની ખાતે પોતાનાં કાર્યાલય સ્થાપ્યાં છે.
  - ✓ 1949ના વિવાદમાં તિબેટ પણ ચીન પોતાનું ગણાવે છે.
- Palk Bay Scheme– પાલ્કની ખાડીની યોજના
  - ✓ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દરિયાઇ માછીમારીના જહાજોની એકમ કિંમત રૂ. 80 લાખ થી વધારીને 1.3 કરોડ કરશે. જે 2021ના ચોમાસુ સત્રમાં પસાર કરાયેલ 'મરિન ફિશરીઝ બિલ' હેઠળ હશે.
  - ✓ બ્લૂ રિવોલ્યુશન સ્કીમ હેઠળ મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા તથા મત્સ્ય ખેડૂતોની આવક બમણી કરવાનો ઉદ્દેશ્ય આ યોજનામાં છે.
  - ✓ યોજના હેઠળ તમિલનાડુના માછીમારોને ત્રણ વર્ષમાં 2000 જહાજો પૂરાં પડાશે તથા આંતરરાષ્ટ્રીય દરિયાઇ સીમા રેખા (IMBC) નજીક માછીમારીનું દબાણ ઘટાડી તમિલનાડુના માછીમારોને શ્રીલંકાના વિસ્તારમાં જતા અટકાવાશે.
  - ✓ યોજના હેઠળ ભંડોળની ફાળવણી – કેન્દ્ર સરકાર – 50% રાજ્ય સરકાર – 20%, સંસ્થાકીય ભંડોળ – 10% અને લાભાર્થી – 20% રૂપે થશે.
  - ✓ યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓફ ધ લો ઓફ ધ સી (UNCLOS) અંતર્ગત દરિયાઇ પાણી અને સમુદ્રના તળના સંશોધનને ત્રણ ભાગમાં વહેંચાય છે.
    - આંતરિક જળ (IW)
    - ટેરિટોરીયલ સી (TS)
    - એક્સક્લુઝિવ એકોનોમિક ઝોન (EEZ)

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ડ્રગ્સ કેસમાં પકડાયા બાદ આર્યન ખાનના પિતા શાહરુખ ખાન પાસેથી લર્નિંગ એપ BYJU's દ્વારા તમામ જાહેરાતોનું પ્રસારણ સ્થગિત કરાયું.
- ✓ ભારત સહિત 136 દેશોમાં થયેલ ગ્લોબલ કોર્પોરેટ ટેક્સ ડીલ સમજૂતી મુજબ ગૂગલ, ફેસબૂક, નેટફ્લિક્સ 2023થી જે-તે દેશમાં લઘુતમ 15%ના દરે ગ્લોબલ ટેક્સ ચૂકવશે.
- ✓ કોરોનાની મોડર્ના વેક્સિનને ઉપયોગ બાદ હૃદયમાં સોજા આવવાની ઘટનાથી સ્વીડન, ફિનલેન્ડ બાદ આઇસલેન્ડે પણ પ્રતિબંધ કરી.
- ✓ ઉત્તરાખંડમાં મેળેલી હેલી સમિટમાં ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જાહેર કરેલ નવી હેલિકોપ્ટર નીતિ હેઠળ ભારતના 10 શહેરોમાં 82 રુટ પર હેલિકોપ્ટર સેવા શરૂ કરાશે. જેમાં અમદાવાદથી ગાંધીનગરનો પણ સમાવેશ.
- ✓ ગુજરાત HCના નવા ચીફ જસ્ટિસ તરીકે કર્ણાટક HCના જસ્ટિસ અરવિંદ કુમારની વરણી તથા ત્રિપુલ હકના અકીલ કુરેશીની રાજસ્થાન HCના ચીફ જસ્ટિસ તરીકે વરણી.
- ✓ 10 ઓક્ટોબર : વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ. સૌપ્રથમ વખત 1992 માં WHO અને વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ દ્વારા ઉજવાયો હતો.

## 11 ઓક્ટોબર

- ❖ ભારતની ઇથેનોલ યોજના અને ખાધ સુરક્ષા
  - ✓ ચોખા, મકાઇ અને ખાંડમાંથી મેળવેલ ઇથેનોલને પ્રોત્સાહન આપી અશ્મિભૂત ઈંધણના વપરાશમાં ઘટાડો કરવાની ભારતની મહત્વકાંક્ષી યોજના દેશની ખાધ સુરક્ષાને નુકશાન પહોંચાડી શકે છે.
  - ✓ ઇથેનોલ એક પ્રકારનું બાયોફ્યુઅલ છે જેથી તેનો ઉપયોગ કરી ઈંધણની આયાત ઘટાડી, કાર્બન ઉત્સર્જન ઘટાડી લાખો ડોલરની બચત કરી ભારત સરકાર તેને પેટ્રોલ સાથે મિશ્ર કરવાની યોજના બનાવે છે.
  - ✓ ભારત સરકારે વર્ષ 2030ના બદલે હવે 2025 સુધીમાં પેટ્રોલમાં 20% ઇથેનોલનું સંમિશ્રણ (એ 20 કહેવાય)નું લક્ષ્યાંક રાખ્યું છે. હાલ 8.5% મિશ્રણ કરવામાં આવે છે.
  - ✓ ભારતની આ યોજના 'રાષ્ટ્રીય જૈવ ઇંધણ નીતિ-2018' નો એક ભાગ છે. જેમાં ઇથેનોલના ઉત્પાદન માટે ખેતી અને વનીકરણના અવશેષો સાથે ચોખા, મકાઈનાં વવેતરને પ્રાધાન્ય અપાયું છે.
  - ✓ નિષ્કર્ષકોના માટે આ યોજનાથી સબસિડીવાળા ખાધ પાકોના ભાવમાં વધારો થશે તથા તેવા પાકોના ઉત્પાદનમાં જમીન અને પાણીની વધુ માત્રામાં જરૂરિયાત ખાધ સુરક્ષા માટે ખતરો બની શકે અને ભૂખમરાની સ્થિતિ નિર્મિત થઇ શકે.
- ❖ EWS કોટા સંબંધિત સુપ્રીમ કોર્ટના સવાલો.
  - ✓ EWS–EconomicalWeakerSection.
  - ✓ તાજેતરમાં સુપ્રિમ કોર્ટે સાર્વજનિક નોકરી તથા શિક્ષણમાં 10% EWS આપવા માટે વાર્ષિક આવકમર્યાદા રૂ. 8 લાખ નિશ્ચિત કરવા પર સવાલો કર્યા.
  - ✓ SC ના માટે EWS ક્વોટામાં નાણાકીય ક્ષમતાના આધારે શિક્ષણ અને રોજગરમાં સમાવવા માટે સરકારે કોઈ જ માપદંડો નક્કી કર્યા નથી.
  - ✓ સુપ્રિમ સવાલો મુજબ EWS માટે નાણાકીય મર્યાદા 8 લાખ નક્કી કરી પરંતુ દરેક રાજ્યમાં માથાદીઠ GDP અલગ છે. જેમ કે ગોવામાં માથાદીઠ આવક 4 લાખ, જ્યારે બિહારમાં તે રૂ.40,000 છે જે અસમાનતા દર્શાવે છે.
  - ✓ વિશેષમાં SC એ 1992 ના ઇન્દિરા સાહની કેસના ચુકાદા મુજબ 50% અનામતની મર્યાદાનું પણ ઉલ્લંઘન થતું હોવાનું દર્શાવ્યું છે.

- ✓ ભારતના બંધારણના અનુચ્છેદ 15 અને 16 માં ફેરફાર કરી અનુચ્છેદ 15 (6) અને 16 (6) નો ઉમેરો કરી બંધારણીય સુધારો 103, (2019) અન્વયે 10% EWS આપવામાં આવ્યું છે જે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેમાં અમલી છે.

❖ રિલાયન્સ ન્યુ એનર્જી સોલરે 771 મિલિયન ડોલરમાં REC સોલાર હોલ્ડિંગસનું અધિગ્રહણ કર્યું.
- ✓ REC સોલર હોલ્ડિંગસ ચાઈના નેશનલ બ્લૂસ્ટાર કંપની લિમિટેડ માલિકોનું છે જેને રિલાયંસની જ પોતાની કંપની રિલાયંસ ન્યૂ એનર્જી સોલર લિમિટેડ ખરીદી.
- ✓ આ અધિગ્રહણનો હેતુ વૈશ્વિક સ્તરે ફોટોવૉલ્ટેઇક (સોલાર સેલ)નું ઉત્પાદન કરવા માટેની સક્ષમ કંપની રિલાયન્સને બનાવવાનો છે.

❖ મોબાઈલ કોર્ટ (Court) યુનિટ
- ✓ તેલંગાણા અને ઉત્તરાખંડ, મોબાઈલ કોર્ટ યુનિટ શરૂ કરનાર દેશનાં પ્રથમ રાજ્યો બન્યાં.
- ✓ મોબાઈલ કોર્ટનો ઉદ્દેશ્ય મહિલાઓ, બાળકોના કેસમાં જરૂરિયાત પાડવા પર સાક્ષીઓ, ડોકટરો અને મેડિકલ ચિકિત્સકોની સાક્ષીના રેકોર્ડની સુવિધા ઊભી કરવાનો છે. જેના માટે કોર્ટમાં રૂબરૂ હાજર થવાની જરૂર રહેતી નથી.

❖ પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમના પિતા ‘અબ્દુલ કાદિર ખાન’નું નિધન.
- ✓ પાકિસ્તાને ખાનને વિશ્વની પ્રથમ ઈસ્લામિક પરમાણુ શક્તિ પાકિસ્તાનને બનાવનાર તરીકે સન્માન આપ્યું હતું.
- ✓ ઈરાન, લિબિયા અને ઉત્તર કોરિયા સાથે ગેરકાયદે પરમાણુ ટેકનોલોજી વહેચવાના આરોપ સાથે તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. અને બાદમાં માફી માંગતા તત્કાલીન પાક. ના વડા પરવેઝ મુશર્રફ દ્વારા તેમણે માફી અપાઈ હતી પરંતુ તેમણે નજરકેદ કરાયા હતા.

❖ લાંબા અંતરની ‘ત્રિશુલ’ અને ‘ગરુડ’ ટ્રેન
- ✓ દક્ષિણ મધ્ય રેલવે માટે પ્રથમ લાંબા અંતરની ટ્રેન સફળતાપૂર્વક ચલાવાઈ.
- ✓ ત્રિશૂલમાં – ત્રણ માલગાડી જોડીને એક બનાવી હોવાથી તેને આ નામ અપાયું. જેમાં 177 વેગન સમાવિષ્ટ છે.
- ✓ ત્રિશૂલ વિજયવાડાના કોંડાપલ્લી સ્ટેશનથી પૂર્વ તટીય ખુર્દા વિભાગ માટે ચલાવાઈ.
- ✓ જ્યારે ગરુડને ગુંતકલ ડિવિઝનના રાયચુરથી સિકંદરાબદ ડિવિઝનના મનગુરુ સુધી ચલાવાઈ.
- ✓ અન્ય લાંબી અને સુપર પાવર ટ્રેનો
  - ભારતીય રેલવેની સૌથી લાંબી માલવાહક ટ્રેન – વાસુકી (જાન્યુ.2021)
  - સુપર એનાકોન્ડા (જૂન.2020)
  - શેષનાગ (જુલાઇ-2020)
  - સુપર શેષનાગ (જાન્યુ.2021)
  - સૌથી લાંબી ડબલસ્ટેક લોંગ હૉલ કન્ટેનર ટ્રેન જે વિશ્વની સૌથી લાંબી (જાન્યુ-2021 – હરિયાણાથી રાજસ્થાન)

❖ તાજેતરમાં ચાલી રહેલ કોલસાની તંગીનાં મુખ્ય કારણો
- ✓ કોરોના બાદ અર્થતંત્ર સુધરતા કોલસાની તીવ્ર માંગ સામે ઉત્પાદનમાં ઘટાડો.
- ✓ જ્યાં કોલસાની ખાણો છે ત્યાં ભારે વરસાદ
- ✓ કોલસાની આયાતમાં ઘટાડો
- ✓ આયાતી કોલસામાં ભાવ વધારો
  - કેન્દ્રીય કોલસ મંત્રી = પ્રહલાદ જોશી

❖ દેશના મેન્ટર બનો યોજના (देश के मेन्टर)
- ✓ દિલ્હી સરકારે સરકારી શાળામાં અભ્યાસ કરતાં બાળકોની જિંદગીમાં મોટો બદલાવ લાવવા આ યોજના શરૂ કરી.

- ✓ આ યોજના હેઠળ બાળકોને તેમના અભ્યાસ, કારકિર્દી બાબતએ ગાઈડ કરી મેન્ટરની ભૂમિકા ભજવી શકાશે.
- ✓ મેન્ટર બનવાની લાયકાત માટે આપેલ પૈકી કોઇ એક માત્ર યોગ્યતા સાથે 35 વર્ષથી ઓછી વયને ધ્યાને લેવાશે.
  - કોઇ પણ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હોય.
  - યુવા પ્રોફેશનલ હોય
  - ઉધોગ સાહસિક હોય અને પોતાનો બિઝનેસ કરતાં હોય
  - સ્પોર્ટ્સ પર્સન, લેખક, ગાયક અને આર્ટિસ્ટ હોય.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ એલન મસ્કની કંપની 'સ્ટારલિંક' ડિસેમ્બર 2022માં ભારતમાં બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સર્વિસ શરૂ કરવાની ઓફિશિયલ જાહેરાત કરાઇ.
- ✓ Edayu મરચું અને Kuttiatoor કેરીને GI ટેગ. મરચું અને કેરીને કેરળમાં અનુક્રમે મલપ્પુરમ અને કુટ્ટીકટ્ટર જિલ્લામાં ઉગાડવામાં આવે છે.
- ✓ Windows નું 11મું વર્ઝન ભારતમાં લોન્ચ થયું. જેમાં 1996 બાદ પ્રથમ વખત સ્ટાર્ટ મેનૂનું સ્થાન ડાબી બાજુના બદલે મધ્યમ (વચ્ચે) આપવામાં આવ્યું.
- ✓ ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એલિસા પેરીએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સર્વાધિક (સૌથી વધુ) મેચ રમવાનો મહિલા ક્રિકેટર એલેક્સ બ્લેકવેલનો રેકોર્ડ તોડીને સૌથી વધુ મેચ રમનારી મહિલા ક્રિકેટર બની. તેણે 2007માં ડેબ્યૂ કર્યા બાદ હાલ સુધીમાં 252 મેચો રમી છે.
- ✓ આયર્લેન્ડના ઓપનિંગ બેટ્સમેન્ટ પૉલ સ્ટર્લિંગ વિશ્વમાં T-20 ઇન્ટરનેશનલમાં સૌથી વધુ ફોર મારનાર ખેલાડી (288 ફોર) બન્યા. તેણે અગાઉના વિરાટ કોહલી ને રેકોર્ડ (285 ફોર) તોડ્યો છે.
- ✓ ડૉ. જી. સતીશ રેડ્ડીને એસ્ટ્રોનોટિકલ ઓફ ઇન્ડિયા (ASI) દ્વારા આર્યભટ્ટ પુરસ્કારથી સન્માનિત કરાયા. આ સન્માન ભારતમાં અંતરિક્ષ યાત્રીઓના પ્રચારમાં આજીવન યોગદાન માટે અપાયું.
- ✓ બાળરોગ વિશેષત VS નટરાજનને 1 ઓક્ટોબરે વિશ્વ વૃદ્ધિ દિવસે વૃદ્ધોની ઉલ્લેખનીય સેવાઓ બદલ 'વયોશ્રેષ્ઠ સન્માન' અપાયું.
- ✓ વરિષ્ઠ ભારતીય – કેનેડીયન વૈજ્ઞાનિક હરપ્રીત કોચરને કેનેડાના સાર્વજનિક સ્વાસ્થ્ય એજન્સી (PHAC) ના પ્રમુખ નિયુક્ત કરાયા.

**12 ઓક્ટોબર**

- ❖ મેરા ઘર મેરે નામ (મેરે નામ પર મેરા ઘર) યોજના
  - ✓ પંજાબ CM ચરણજીત સિંહ ચન્નીએ આ યોજના જાહેર કરી.
  - ✓ કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજના હેઠળની 'મિશન લાલ લકીરે' યોજનાનું નવું નામ એટલે મેરા ઘર મેરે નામ .
  - ✓ આ યોજના લાંબા સમયથી ગામડા અને શહેરોના લાલ ડોરા માં રહેતા લોકોને માલિકીની હક આપવા માટે અમલમાં મૂકવામાં આવી.
  - ✓ આ યોજના એવા નગરોને પણ લાગુ પડશે જેઓ નોટિફાઇડ એરિયા કમિતિઓમાં (નગર પંચાયતમાં) અને મ્યુનિસિપલ કાઉન્સિલમાં સ્થાન પામ્યા છે પરંતુ ત્યાં હજી લાલ ડોરા સિસ્ટમ છે. લાલ ડોરા હેઠળ વ્યક્તિ મકાનને પોતાની જાતે વહેચી શકતો નથી.
- ❖ લાલ ડોરા જમીન

- ✓ 1908 માં બ્રિટિશ શાસન હેઠળ રેવન્યુ રેકોર્ડ્સની જાળવણી સરળ બનાવવા દિલ્લી નજીકની ખેતીની જમીનથી ગામની વસટીને અલગ પાડતા નકશા પર લાલ રેખા દોરવામાં આવતી અને આ જમીનનો ઉપયોગ સામાન્ય રીતે પશુધન અને ખેતપેદાશો રાખવા થતો હતો.
- ✓ લાલ ડોરા વિસ્તારમાં સ્થિત મિલકતો સિટી ઓથોરિટી હેઠળ નોંધણી કરાવી શકાતી નથી, તેને જે-તે વિસ્તારની સરકાર 'લાલ ડોરા સર્ટિફિકેટ' આપે છે જે મિલકતની માલિકીના પુરાવા તરીકે કામ કરે છે.

❖ એમ. રવિચંદ્રન પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના નવા સચિવ નિયુક્ત
- ✓ રવિચંદ્રન NCAOR– નેશનલ સેન્ટર ફોર એન્ટાર્કટિક એન્ડ ઓશન રિસર્ચના નિર્દેશક પણ છે. (ગોવા ખાતે)
- ✓ પૃથ્વી મંત્રાલયની સ્થાપના 29 જાન્યુ. ૨૦૦૬ના રોજ.
- ✓ તેમની નિમણૂકનો મુખ્ય હેતુ 'Deep Ocean Mission' હેઠળ મહાસાગરોની ઊંડાઈનાં સંશોધનો અને ટકાઉ વિકાસને પ્રાધાન્ય આપવાનો છે.

❖ ડૉ. રણદીપ ગુલેરીયાને લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પુરસ્કાર
- ✓ ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નયડુએ આ પુરસ્કાર એનાયત કર્યો.
- ✓ રણદીપ AIIMS (અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા)ના નિર્દેશક છે.
- ✓ તેમને વર્ષ ૨૦૧૫માં પદ્મશ્રી પણ અપાયો હતો.
- ✓ રણદીપ ગુલેરીયાએ હાલના રોગચાળામાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી અને Covid-19 સામે ફ્રંટલાઈન યોદ્ધાઓની લડવા માટે પ્રેરણા આપનાર વ્યક્તિત્વની સાથે પોતે પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્વનું યોગદાન આપ્યું છે.

❖ મનસુખ માંડવિયાએ કર્યું ગ્રીન રિબિન પહેલનું લોકાપર્ણ
- ✓ 10 ઓક્ટોબરના વિશ્વ માનસિક આરોગ્ય દિવસના ભાગરૂપે આ લોકાર્પણ કરાયું.
- ✓ ડૉ. માંડવીયાએ 5 થી 10 ઓકટોબર સુધી ચાલેલા માનસિક આરોગ્ય જાગૃતિ સપ્તાહ દરમિયાન માનસિક આરોગ્ય સંબંધિત જાગૃતિ લાવવા અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. જેના ભાગરૂપે ગ્રીન રિબિન પહેલનું લોકાર્પણ કર્યું હતું.

❖ T-20 વર્લ્ડ કપ માટે ઇનામોની જાહેરાત કરાઇ.
- ✓ વિજેતા ટીમને 12 કરોડ રૂપિયા અને રનર્સઅપ ટીમને 6 કરોડ રૂપિયા.
- ✓ વર્લ્ડ કપમાં કુલ 42 કરોડ રૂપિયા (5.6 મિલિયન ડોલર)ની મની પ્રાઇઝ અપાશે.
- ✓ T-20ની સુપર 12 ટીમો - ઓસ્ટ્રેલિયા, ભારત, ઈગ્લેન્ડ, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ, સાઉથ આફ્રિકા.

❖ કુરનુલમાં શરૂ થઈ આંધ્રપ્રદેશની પ્રથમ 'PM-WANI' યોજના
- ✓ PM-WANI - પ્રધાનમંત્રી Wi-Fi એક્સેસ નેટવર્ક ઇન્ટરકોમ
- ✓ નાણામંત્રી બગના રાજેન્દ્રનાથ રેડ્ડીએ કુર્નુલ જિલ્લાના ઉયાલાવાડા ગામમાંથી યોજનાનું લોકાપર્ણ કર્યું.
- ✓ નેશનલ ડિજિટલ કોમ્યુનિકેશન પ્લાન મુજબ કેન્દ્ર સરકારે 2022 સુધીમાં લખો વાઇ-ફાઇ હોટસ્પોટ સ્થાપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જે PM-WANI યોજના હેઠળ કારગત બનાવાશે.
- ✓ લોકાપર્ણ દરમિયાન, ટેસ અને તેરા ટેકનો સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડના CEO અને સ્થાપક એસ. વી. વી. સાંજયકુમારના નિવેદન મુજબ આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં જાહેર કચેરીઓમાં મફત ઇન્ટરનેટ પૂરું પાડવાની યોજના ચાલી રહી છે.
- ✓ પ્રોજેક્ટ હેઠળ લાભ લેવા Wi–Dot એપ ડાઉનલોડ કર્યા બાદ, વપરાશકર્તા કેવાયસી (KYC– KnowYourCustomer) વિગતો અપલોડ કરી નજીકના WANI– સુસંગત નેટવર્કને સરળતાથી શોધી શકશે.

❖ 'આંગણવાડી ઓન વ્હીલ્સ' યોજના

- ✓ દિલ્હી સરકારે બાળકોની પોષણ અને સ્વાસ્થ્ય સંબંધી જરૂરીયાતો પૂર્ણ કરવાના ઉદ્દેશ્યથી આ યોજના શરૂ કરી.
- ✓ આ યોજના હેઠળ જે બાળકો આંગણવાડી સુધી પહોંચવામાં અસક્ષમ છે તેમના સુધી પહોંચી તેમને પૌષ્ટિક આહાર તથા શિક્ષણ અને સ્વાસ્થ્ય સંબંધિત તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવા પ્રયત્નો કરાશે.
- ✓ દિલ્હીના મહિલા અને બાળ વિકાસ મંત્રી - રાજેન્દ્ર પાળ ગૌતમ
- ✓ દિલ્હી મહિલા આયોગના વડા - સ્વાતિ માલીવાલ
- ✓ આ પ્રોજેક્ટના ઉદ્દઘાટક - ડે. CM મનીષ સિસોદિયા

❖ મિલે સૂર મેરા તુમ્હારા ગીતનું નવું સંસ્કરણ દેશને સમર્પિત કરાયું.

- ✓ આ ગીત રેલવે કર્મચારીઓ અને અધિકારીઓ તૈયાર કર્યું છે.
- ✓ રેલવે અને કાપડ મંત્રી દર્શનાબેન જરદોશે આ ગીતને દેશને સમર્પિત કર્યું.
- ✓ આ ગીત 1988માં પ્રથમ વખત ટેલિકાસ્ટ થયું હતું અને 13 જુદી જુદી ભાષાઓમાં ગવાય છે.

❖ જમ્મુ – કાશ્મીર સરકારે 'પર્યટક ગાંવ' યોજના શરૂ કરી.

- ✓ J&K સરકારે ઉધમપુર જિલ્લાના પંચારીમાં આ યોજના શરૂ કરી છે.
- ✓ J&ક સરકારનું કેન્દ્રશાસિત પ્રદેશનાં 75 ગામોનો આદર્શ પર્યટક ગામ તરીકે વિકસિત કરવાનું લક્ષ્ય છે.
- ✓ વિશેષત: યોજના હેઠળ યાત્રિકોને 'ડોંગરા' વિશે માહિતગાર કરવામાં આવશે.
- ✓ J&K ના લે. ગવર્નર મનોજ સિંહા દ્વારા પ્રવાસન વિકાસ કાર્યક્રમ હેઠળ 'પાંચારી' ગામ ખાતે પ્રવાસી ગામનું લોકાર્પણ કર્યું.

❖ 12 ઓક્ટોબર : World Arthritis Day (વિશ્વ સંધિવા દિવસ)

- ✓ આ દિવસ સંધિવા અને મસ્ક્યુલઓસકેટલ રોગોના અસ્તિત્વ અને અસર વિશે જાગૃતિ ફેલાવવા માટે ઉજવાય છે.
- ✓ સંધિવા એ કોઈ રોગ નથી પરંતુ સાંધાને લગતા રોગો માટે વપરાતો શબ્દ છે. સાંધા અને તેની આસપાસ આવતો સોજો, દુ:ખાવો એ સંધિવાથી ઓળખાય છે.
- ✓ આ દિવસ સૌ પ્રથમ વાર 1996માં માનવાયો હતો.
- ✓ 2021ની થીમ: - ડોન્ટ ડિલે, કનેક્ટ ટુ ડે : ટાઇમ 2 વર્ક

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ અદાણી પોર્ટ્સ તેમના ટર્મિનલ પર ઈરાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાનથી મોકલાયેલાં માલ-સામાનને ઉતારવા પર પ્રતિબંધ મૂક્યો. આ નિર્ણય પોર્ટ પરથી હાલમાં પકડાયેલા ડ્રગ્સ બાદ લેવાયો.
- ✓ અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતા: અમેરિકન અર્થશાસ્ત્રીઓ ડેવિડ કાર્ડ, જોશુઆ ડી એંગ્રીસ્ટ, ગિડો ડબલ્યુ ઇનબેન્સ.
- ✓ આયર્લેન્ડની 'એમી હન્ટર' મહિલા વન-ડે ઇન્ટરનેશનલમાં સદી ફટકારનાર સૌથી યુવાન ખેલાડી. તેણે ભારતના મિતાલી રાજનો – 1999 નો રેકોર્ડ તોડ્યો.
- ✓ બિહારની જમુઈ જેલમાં બંધ કેદીઓએ જેલની અનિયમિતતા અને અમાનવીય વ્યવહાર અંગે બનિયાનમાં જેલ સત્તા વિરુદ્ધ લખાણ કરી મિડિયા સુધી પહોંચાડવા પ્રયત્નો કર્યા.
- ✓ 12 ઓક્ટોબર: NHRC (Natonal Human Rights Commission)નો 28મો સ્થાપના દિવસ ઉજવાયો. NHRCની સ્થાપના માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ 1993 અંતર્ગત થઈ હતી.
- ✓ જાણીતા ગુજરાતી સાહિત્યકાર અને ઉર્દૂ – હિન્દી શાયર 'અઝીઝ કાદરી'નું નિધન (જન્મ - વડોદરા)
  - 1993- ગુજરાત ગૌરવ પુરસ્કાર
  - 1987 – ગુજરાત ઉર્દૂ સાહિત્ય એકાદમીનું ઈનામ

- ✓ તામિલનાડુના કન્યાકુમારીના 'લવિંગ'ને GI ટેગ અપાયો. ભારતમાં ઉત્પાદિત લવિંગમાં 65% હિસ્સો આ લવિંગનો છે તથા તે તેની વિશેષ પ્રકારની સુગંધ માટે વિશેષ જાણીતા છે.
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરના દરેક ગામડામાં માટીકામના કારીગરોને 'ઇ-ચાકડા' ઉપલબ્ધ કરાવ્યા.

## 13 ઓક્ટોબર

### ❖ નોબેલ પ્રાઇસ 2021

**1) ભૌતિકશાસ્ત્ર**

- ✓ ત્રણ વ્યક્તિઓને અપાયો
  - o સ્યુકોરો મનાબે (જાપાન)
  - o કલૌસ હસલમેન (જર્મની)
  - o જ્યોર્જિયો પેરિસી (ઇટાલી)
- ✓ સ્યુકોરો મનાબે અને કલૌસ હસલમેનને પૃથ્વીની આબોહવાની ભૌતિક મૉડેલિંગ, પરિવર્તનશિલતા અને વિશ્વસનીય રીતે ગ્લોબલ વોર્મિંગની આગાહી કરવા માટે આ એવોર્ડ અપાયો.
- ✓ જ્યોર્જિયો પેરિસીને અણુથી ગ્રહોના ભીંગડા સુધી ભૌતિક પ્રણાલીઓમાં અવ્યવસ્થા અને વધઘટની ક્રિયા પ્રતિક્રિયાઓની શોધ માટે અપાયો.

**શોધ વિશે**

- ✓ સ્યુકોરો મનાબે જણાવ્યું છે કે વાતાવરણ માં $Co_2$ નું વધેલું પ્રમાણ પૃથ્વીની સપાટી પરના તાપમાનમાં કેવી રીતે વધારો કરે છે. તેમણે વર્તમાન આબોહવાના મોડેલના વિકાસનો પાયો નાખ્યો હતો. (1960માં)
- ✓ હેસાલમેને આબોહવા મોડેલ પર પ્રયોગો કરી કુદરતી ઘટનાઓ અને માનવ પ્રવૃતિની આબોહવા પર થતી અસરો માટેના સંશોધન ક્ષેત્રે કાર્ય કર્યું છે.
- ✓ જ્યોર્જિયો પેરિસીએ જટિલ વસ્તુઓમાં રહેલ અણુઓની ગોઠવણી રચના સંબંધિત કરેલ સંશોધન માત્ર ભૌતિકશાસ્ત્ર જ નહિ, પરંતુ ગણિત, જીવવિજ્ઞાન, ન્યૂરોસાયન્સ અને મશિનલર્નિંગ ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન આપે છે.

**2) રસાયણ શાસ્ત્ર**

- ✓ બે વ્યક્તિઓને અપાયો
  - i. બેન્જામિન લિસ્ટ (જર્મની)
  - ii. ડેવિડ W. C. મેકમિલન (ઇંગ્લેન્ડ)
- ✓ બેન્જામિન મેક્સ પ્લાન્ક – ઇન્સ્ટિટ્યૂટ ફોર કોહલેનફોર્સ ચુંગ, જર્મનીના ડાયરેક્ટર છે. જ્યારે ડેવિડ W.C. યુનિ. ઓફ કેલીફોર્નિયા, ઇરવિંન, અમેરિકા પ્રિન્સટન યુનિ.ના પ્રોફેસર છે.

**શોધ વિશે**

- ✓ બંનેને રાસાયણિક પ્રક્રિયા ઝડપી બનાવવા માટે કાર્બનિક ઉદ્દીપકોનું અસપ્રમાણ ઉમેરણના સંશોધન માટે (AsymmetricOrgangatotysis) પુરસ્કાર મળ્યો છે.
- ✓ આ શોધ પરમાણુ વિજ્ઞાન, ફાર્માસ્યુટિકલ, રસાયણ વિજ્ઞાન ક્ષેત્રના નવા સંશોધનોમાં વિશેષ પ્રદાન આપશે.
- ✓ ઉદ્દીપક એટલે ?
  - i. એવો ઘટક પદાર્થ જે રાસાયણિક પ્રક્રિયામાં ભાગ લીધા વગર, અંતિમ ઉત્પાદનનો ભાગ બન્યા વગર, રાસાયણિક પ્રક્રિયાઓને વેગ આપે તેમજ નિયંત્રિત કરે જેનાથી પ્રક્રિયા ઝડપી બને.

3) **ફિઝીયોલોજી/મેડિસીન**
- ✓ બે વ્યક્તિઓને અપાયો
  - i. ડેવિડ જુલિયસ (અમેરિકા)
  - ii. આર્ડેમ પેટાપોટીયાન (લેબનોન)
- ✓ બંનેને તાપમાન સંબંધિત 'રિસેપ્ટર્સની' શોધ માટે આ પુરસ્કાર અપાયો છે.
- ✓ **શોધ વિશે**
  - i. બંને વિજ્ઞાનીઓએ ગરમી, ઠંડી અને સ્પર્શનો અનુભવ સમજવા માટે માનવ શરીરનું ચેતાતંત્ર કેવા પ્રકારની પ્રતિક્રિયાઓ આપે છે અને એ પ્રતિક્રિયાઓ બાદ શરીરનો તાપમાન અને રુધિરના દબાણમાં થતાં ફેરફારોના અવલોકનનો સંબંધિત સંશોધન કર્યું છે.
  - ii. ડેવિડ જુલિયસે મરચાંમાં રહેલ 'કેપ્સાઈનીન' તત્વનો ઉપયોગ કરી મરચાંના કારણે ચેતાતંત્રમાં થતો પ્રતિક્રિયાઓનો અભ્યાસ કર્યો.
  - iii. જ્યારે આર્ડેમ પેટાપોટિયને શરીરમાં તાપમાન અને દબાણના કારણે આંતરિક અવયવોમાં થતાં યાંત્રિક ઉત્તેજનાના પ્રતિભાવોનો અભ્યાસ કર્યો છે.

4) **સાહિત્ય**
- ✓ 'અબ્દુલરઝાક ગુર્નાહ'ને વસાહતીવાદની અસરો અને સંસ્કૃતિઓ અને ખંડો વચ્ચેના ખડી દેશોના શરણાર્થીઓન ભવિષ્ય માટે સહાનુભૂતિ અને કરુણાપૂર્ણ પ્રવેશ માટે આ પારિતોષિક અપાયો.
- ✓ અબ્દુલરઝાકનો જન્મ = ઝાંઝીબાર (હાલ તાન્ઝાનિયા)માં થયો હતો અને તેઓ ઇંગ્લેન્ડની યુનિવર્સિટી ઓફ કેન્ટમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.
- ✓ તેમની જાણીતી નવલકથા – પેરેડાઇઝ (1994) જે બૂકર તેમજ વ્હાઇટબ્રેડ પ્રાઇઝ માટે પસંદગી પામી હતી.

5) **શાંતિ (પીસ)**
- ✓ બે વ્યક્તિઓને અપાયો
  - i. મારિયા રેસા (ફિલીપાઈન્સ)
  - ii. દમિત્રી આન્દ્રેયેવિચ મુરાતોવ  (રશિયા)
- ✓ આ પુરસ્કાર બંનેને અભિવ્યક્તિની સ્વતંત્રતાને સુરક્ષિત કરવા માટે કરેલા પ્રયત્નો માટે અપાયો છે.

**કાર્ય વિશે**
- ✓ મારિયા રેસાએ અભિવ્યક્તિની સ્વતંત્રતાના ઉપયોગ થકી સતાના દુરુપયોગ, હિંસાનો ઉપયોગ અને તે સાથે ફિલિપાઇન્સમાં વધતી સરમુખત્રીયર શાહીને છતી કરવા માટે કર્યો. તેમણે 2012 માં પત્રકારત્વ માટે 'ડિજીટલ મિડિયા કંપની રેપલર'ની સ્થાપના કરી.
- ✓ દમિત્રી મુરાતઓવે દાયકાઓથી રશિયામાં વધતી જતી પડકારજનક સ્થિતિઓમ વાણી સ્વાતંત્ર્યના બચાવ માટે કાર્ય કર્યું છે. 1993માં તેઓ સ્વતંત્ર અખબાર 'નોવાજા ગાઝેટના' સહસ્થાપક હતા. નોવાજા ગાઝેટા મુખ્યત્વે રશિયાન ભ્રષ્ટાચાર, પોલીસ હિંસા, ગેર કાયદે ધરપકડ, જેવી બાબતોમાં ટીકારૂપ લેખો પ્રકાશિત કરવા માટે જાણીતું છે.

6) **અર્થશાસ્ત્ર (Economics)**
- ✓ ત્રણ વ્યક્તિઓને અપાયો
  - i. ડેવિડ કાર્ડ (કેનેડા)
  - ii. જોશુઆ ડિ. એંગ્રિસ્ટ (અમેરિકા)
  - iii. ગુઈડો w ઇમ્બેન્સ (નેધરલેન્ડ)
- ✓ ડેવિડ કાર્ડને શ્રમ અર્થશાસ્ત્રમાં પ્રયોગાત્મક યોગદાન તથા જોશુઆ  અને ગુઈડોને અર્થશાસ્ત્રના કારણભૂત સંબંધોના વિશ્લેષણમાં તેમના પદ્ધતિસરનાં યોગદાન માટે આ પુરસ્કાર અપાયો છે.

**કાર્ય વિશે**

- ✓ શ્રમ બજારમાં કુદરતી પ્રયોગો થકી તેની થનાર અસરો, ઇમિગ્રેશનની બાબત રોજગાર અને આવક પરની અસરો, માટે ડેવિડે લઘુત્તમ વેતન, ઇમિગ્રેશન અને શિક્ષણ ક્ષેત્રની અર્થવ્યવસ્થા પર એકબીજાને સંલગ્ન અસરોની બાબતો અને તેના નિવારણ અંગેની વાત તેમના વિશ્લેષણમાં કરાય છે.

## નોબેલ પ્રાઇઝનો ઇતિહાસ

- ✓ નોબેલ પ્રાઇઝ – સ્વિડીસ એન્જિનિયર, કેમિસ્ટ અને ઉધોગપતિ શ્રી આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલણિ યાદમાં અપાય છે.
- ✓ આલ્ફ્રેડ તેમની વસિયતમાં પાંચ ક્ષેત્રો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સાહિત્ય, મીડિસીન, શાંતિ)માં નોબેલ આપવાની જાહેરાત કરી હતી, અને તે માટે તેમણે 31 મિલિયન ધનરાસી આપી હતી.
- ✓ પ્રથમ નોબેલ – 1901માં અપાયો હતો.
- ✓ 1968માં સ્વીડનની કેન્દ્રીય બેંક – 'સ્વરાજ રિક્સબેંક દ્વારા' ઇકોનોમિક સાયન્સ (અર્થશાસ્ત્ર) ને લગતા છઠ્ઠા નૉબેલની શરૂઆત કરી જેનું નામ સ્વૈછિક રિક્સ બેંક પ્રાઇઝ ઇન ઇકોનોમિક સાયન્સ ઇન મેમરી ઓફ આલ્ફ્રેડ નોબેલ રાખવામાં આવ્યું.

## નોબેલ પ્રાઇઝમાં આપતી વસ્તુઓ

i. નોબેલ ડિપ્લોમા
ii. નોબેલ મેડલ (18 કેરેટ – ગોલ્ડનું)
iii. સર્ટિફિકેટ

નોબેલ પ્રાઇઝ વિજેતાઓને "લૌરેટ્સ' કહેવાય છે.

### ❖ 2021ના નોબેલ માટે મહત્વની બાબતો

- o માત્ર 1 મહિલાને મળ્યો - મારિયા રેસા- શાંતિ પુરસ્કાર
- o 1901 થી 2021 સુધીમાં કુલ – 609 પુરસ્કારો અપાયા.
- o અત્યાર સુધીમાં સૌથી વધુ નોબેલ – ભૌતિક શાસ્ત્રમાં (115)
- o અત્યાર સુધીમાં સૌથી ઓછા નોબેલ – અર્થશાસ્ત્રમાં (53)
- o કુલ 59 મહિલાઓને અત્યાર સુધીમાં નોબેલ મળ્યા.

### ❖ નોબેલ મેળવનાર ભારતીયો

1. 1913 = રવિન્દ્રનાથ ટાગોર (સાહિત્ય)
2. 1930 = સી. વી. રામન (ભૌતિક શાસ્ત્ર)
3. 1979 = મધર ટેરેસા (શાંતિ)
4. 1998 = અમર્ત્યસેન (ઇકોનોમિક્સ)
5. 2007 = રાજેન્દ્ર પાચૌરિ – (શાંતિ)
6. 2014 = કૈલાસ સત્યાર્થી (શાંતિ)
7. 1968 = હરગોવિંદ ખુરાના (ફ્રીઝીઓલૉજી / મીડિસીન)
8. 1983 = સુબ્રમણ્યમ ચંદ્રશેખર (ફિજિક્સ)
9. 2009 = વૈંકી રામકૃષ્નન (કેમેસ્ટ્રી)
10. 2019 = અભિજીત બેનરજી (ઇકોનોમિક્સ)
11. 1989 = દલાઇ લામા (શાંતિ)

## અન્ય બાબતો

- ✓ એક જ પરિવારના ત્રણ સભ્યો જેમણે નોબેલ મેળવ્યા

i. મેરી ક્યુરી
ii. પિયરે ક્યુરી
iii. ઈરાન જ્યોતિટ ક્યુરી

✓ પતિ-પત્નિ કે જેમણે નોબેલ મેળવ્યા

i. મેરી ક્યુરી અને પીયરે ક્યુરી (1903)
ii. ઈરાન જયોલીટ ક્યોરી અને ફ્રેદરિક જયોલીટ ક્યુરી (1935)
iii. અભિજીત બેનરજી (2019) અને એસ્થર ડફ્લો (1972)

❖ 'સી. એમ. દા હૈસી' યોજના
- ✓ સી. એમ. દા હૈસી યોજના મણિપુરના મુ. મંત્રી એન. બીરેનસિંહ દ્વારા શરૂ કરવામાં આવી છે.
- ✓ સી. એમ. દા હૈસીનો અર્થ CM ને જણાવો એવો થાય.
- ✓ આ યોજના હેઠળ મણિપુરના નાગરિકો હેલ્પલાઈન નંબર 95347 95347 હેઠળ સીધા જ મુખ્ય મંત્રી સાથે સંવાદ અને ચર્ચા કરી શકશે.
- ✓ યોજના હેઠળ બે માસમાં ઓછામાં ઓછા 50% પરિવારો સુધી પહોંચવાનું લક્ષ્ય આ યોજના હેઠળ રહેલું છે.

❖ કર્ણાટક સરકારે NASSCOM સાથે કરાર કર્યા.
- ✓ NASSCOM– નેશનલ એસોશીએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસ કંપનીઝ
- ✓ આ કરાર હેઠળ NASSCOM 'ફ્યુચર સ્કિલ્સ પ્રાઇમ' પ્લેટફોર્મ પર કર્ણાટકના વિદ્યાર્થીઓને કૌશલ્ય તાલીમ આપશે.
- ✓ આ તાલીમમાં 3 વિષયો ડિજીટલ પ્રવાહ, કૃતિમ બુદ્ધિક્ષમતા (AI) અને સાઇબર સુરક્ષાનો સમાવેશ કરાયો છે.
- ✓ આ કરાર NASSCOM અને KSHEC (કર્ણાટક સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ) એટલે કર્ણાટક રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વચ્ચે થયા છે.
- ✓ કર્ણાટકના ઉચ્ચ શિક્ષણ મંત્રી - C. N. અશ્વધનારાયણ

❖ વડાપ્રધાન દ્વારા ISPA (ઇન્ડિયન સ્પેસ એસોસિએશનનું લોકાર્પણ
- ✓ વડાપ્રધાન આ લોકાર્પણના વર્ચ્યુઅલ કાર્યક્રમમાં જણાવ્યું કે હવે આવનારા ભવિષ્યમાં સ્પેસ વિજ્ઞાન પર માત્ર સરકારના હકને બદલે ખાનગી ક્ષેત્રને પણ તેમાં જોડવામાં આવશે.
- ✓ વડાપ્રધાને કરેલા આ લોકાર્પણમાં લોન્ચ કરવામાં આવેલ ISPA સેટેલાઇટ મારફતે ઘેર-ઘેર બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવા પહોંચાડવામાં મદદરૂપ થશે.
- ✓ ISPA સેટેલાઇટમાં પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીઝ જેવી કે એરટેલના OneWeb, MapMyIndia, WalChandnagerIndustries, તાતાના Nalco, AnarthTechnology ને સમાવિષ્ટ કરાઇ છે.
- ✓ વડાપ્રધાને સ્પેસ રિસર્ચના ચાર સ્તંભોનું મૂલ્યાંકન કર્યું.
  - પ્રાઇવેટ સેક્ટરને ઈનોવેશનમાં છૂટ
  - ઈનેબલર તરીકે સરકારની ભૂમિકા
  - ભવિષ્ય માટે યુવાનોને તૈયાર કરવા
  - સામાન્ય માણસ માટે સ્પેસ સેક્ટરને વિકાસ તરીકે જોવું.

❖ કેન્દ્ર સકારે PMO માં ફેરબદલી કરી નવી નિમણૂકો આપી.
- ✓ મીરા મોહંતી - PMO માં સંયુકત સચિવ
- ✓ રિતેશ ચૌહાણ - પ્રધાનમંત્રી ફૂસલ બીમા યોજનાના મુખ્ય કાર્યકારી અધિકારી
- ✓ વિપુલ બંસલ - વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ
- ✓ આશિષ કુમાર - ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ

❖ PFC 11મી મહારત્ન કંપની
- ✓ PFC - PowerFinanceCorporationLimited

- ✓ PFC કંપની કેન્દ્રની જાહેર સાહસ ક્ષેત્રની કંપની છે.
- ✓ મહારત્નનો દરજ્જો મળ્યા બાદ PFC હવેથી કોઇ પણ યોજના 5000 કરોડ રૂપિયા સુધી અથવા પોતાની કુલ સંપત્તિના 5% સુધીનું રોકાણ કરી શકશે.
- ✓ 1988માં સ્થાપિત PFC મૂળભૂત રીતે વીજળી મંત્રાલય હેઠળ કામ કરતી સંસ્થા છે.
- ✓ અગાઉ જાહેર કરાયેલ 10 મહારત્ન કંપનીઓમાં ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, કોલ ઈન્ડિયા લિમિટેડ, ગેલ ઈન્ડિયા લિમિટેડ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન, NTPCL લિમિટેડ, ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડનો સમાવેશ થાય છે.

❖ 13 ઓક્ટોબર : Interntional Day for Disaster Reduction (આપત્તિ નિવારણ આંતરરાષ્ટ્રીય દિવસ)

- ✓ આ દિવસની ઉજવણીનો હેતુ જોખમ અંગેની જાગૃતિ અને આપતિના ઘટાડા અંગે માહિતી પ્રદાન કરવાનો છે.
- ✓ આ દિવસની શરૂઆત 1989માં UN (સંયુક્ત રાષ્ટ્રો) દ્વારા કરાઇ હતી.
- ✓ દર બે વર્ષે આપતિ – જોખમના ઘટાડા માટે સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય વિશ્વભરમાં જોખમની સ્થિતિ અંગેની તપાસ કરવા વિશેષજ્ઞો અને નવતર પ્રયોગો કરનાર સાથે મળીને કાર્ય કરે છે.
- ✓ UNDRR - United Nations Office For Disaster Risk Reduction (સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય).

❖ કરુપૂર કલમકારી પેન્ટિંગ્સ, કલ્લાકુરિચી લાકડાની કોતરણીને GI ટેગ

- ✓ કરીપ્પુર પેઇન્ટિંગ્સ અને કલ્લાકુરિચી કોતરણી એ તમિલનાડુની કળા છે.
- ✓ આ પેઇન્ટિંગ સુતરાઉ કાપડ પર વાંસના ઝાડ અને નારિયેળના ઝાડના તાંતણાથી બનેલા બ્રશ/પેનનો ઉપયોગ કરીને બનાવાય છે.
- ✓ લાકડાની કોતરણીનો, ઉપયોગ પારંપારિક ડિઝાઇનો બનાવી મંદિર સંબંધિત વસ્તુઓ બનાવવામાં આવે છે.
- ✓ કરુપ્પુર કલમકારી પેઇન્ટિંગ માટે તમિલનાડુ હસ્તકલા વિકાસ નિગમ દ્વારા, તથા કલ્લાકુરિચી કોતરકામ હસ્તકલા ઔદ્યોગિક સહકારી લિમિટેડ સોસાયટી અને ચિન્નાસલેસ વૃક્ષ એસોશીએશન ઓફ વૂડ હેન્ડી ક્રાફ્ટના સ્વ. સહાય જૂથો (SHG–Self–HelpGroup) દ્વારા આ GI ટેગ મેળવવા અરજી કરાઇ હતી.

❖ સ્વચ્છ પર્યાવરણનો અધિકાર

- ✓ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે સ્વચ્છતા અને ટકાઉ પર્યાવરણીય માનવ અધિકારને સમર્થન આપવા મતદાન કર્યું હતું.
- ✓ UNના માનવાધિકારની સાર્વભૌમ ઘોષણપત્રના કુલ 30 અનુચ્છેદો જીવન, સ્વતંત્રતા, ગુપ્તતા, સુરક્ષા, આરોગ્ય અને સામાજિક અધિકારો પ્રદાન કરે છે.
- ✓ ભારતના બંધારણમાં પણ અનુચ્છેદ 21 દ્વારા વ્યક્તિને જીવન જીવવાના અધિકાર હેઠળ સ્વચ્છ અને પ્રદૂષણરહિત પર્યાવરણમાં જીવવાનો અધિકાર છે.
- ✓ ઉપરાંત ભારતનાં બંધારણમાં 42મા બંધારણીય સુધારા 1976 દ્વારા ઉમેરાયેલ અનુ. 48 A અને 51 A (8) પર્યાવરણીય સુરક્ષાને બંધારણીય દરજ્જો આપતા અધિકારો ભારતીય બંધારણે વિશ્વને આપેલ, પ્રથમ બંધારણીય અધિકારની ભેટ મનાય છે.
- ✓ ભારતમાં પર્યાવરણ સંબંધિત કાયદાઓ
  - વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1942
  - જલ (પ્રદૂષણ અટકાયત અને નિયંત્રણ) અધિનિયમ, 1974
  - વન (સંરક્ષણ) અધિનિયમ 1989
  - વાયુ (પ્રદૂષણ અટકાયત અને નિયંત્રણ) અધિનિયમ, 1981
  - પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986
  - રાષ્ટ્રીય હરિત અધિકરણ અધિનિયમ, 2010

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ નેપાળી લોકોએ ઝારખંડમાં રાંચીમાં 'નવપત્રિકા પ્રવેશ' એટલે કે નેપાળી લોકોના નવા વર્ષની ઉજવણી કરી.
- ✓ એમ જી મોટર ઇન્ડિયાએ ભારતના પ્રથમ વ્યક્તિગત AI મદદનીશ અને ફર્સ્ટ ઇન સેગમેન્ટ ઓટોનોમસ ટેકનોલોજી સાથેની એસ યુ વી એમ જી 'એસ્ટર' લોન્ચ કરી.
- ✓ અમેરિકાની ટેક્સાસ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ ખાસ પ્રકારની 'હાઇડ્રોજેલ' બનાવી. જે નદી-તળાવનો પાણીમાં નાખતા 99.9% સુધી બેક્ટેરિયામુક્ત બનાવી પાણીને એક કલાકમાં પીવાલાયક બનાવે છે.
- ✓ તમિલનાડુ સરકારે દુકાન અને ખાનગી ક્ષેત્રે કામ કરતા કર્મચારીઓને અનુકૂળતાના સમયે બેસવા માટેનો કાનૂની અધિકાર આપ્યો. અગાઉ કેરળ સરકારે પણ આવો અધિકાર આપ્યો હતો.
- ✓ વડાપ્રધાન  મોદીના સલાહકાર તરીકે પૂર્વ આઇએએસ અમિત ખરેની નિમણૂક.
- ✓ વર્ષ 2020 નો 'કુમાર સુવર્ણ ચંદ્રક' ડૉ. દર્શનાબેન ધોળકિયાને તેમની સ્મૃતિકથા 'વિષયક' લેખનમાળા માટે અપાયો. ગુજરાતી સાહિત્યના જૂના અને લોકપ્રિય સામયિક 'કુમાર' દ્વારા આ એવોર્ડ અપાય છે. આ એવોર્ડની સ્થાપના કુમારના લેખક યશવંત પંડયાએ 1944માં કરી હતી.
- ✓ દક્ષિણ અમેરિકાના પેરૂની રાજધાની લામાં ખાતે યોજાયેલ ISSF જુનિયર વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપ 2021 માં ભારતે કુલ 43 મેડલ (17 ગોલ્ડ, 14 સિલ્વર, 10 બ્રોન્ઝ) મેળવ્યા. એ સાથે ભારત મેડલ ટેલીમાં પ્રથમ ક્રમે રહ્યું જ્યારે અમેરિકા 21 મેડલ સાથે બીજા ક્રમે અને ઈટાલી 10 મેડલ સાથે ત્રીજા ક્રમે – આ ઈવેન્ટમાં હરિયાણાની મનુભાકરે 4 ગોલ્ડ મેડલ મેળવ્યા છે.

**14 ઓકટોબર**

- ❖ વિદેશ મંત્રી એસ. જયશંકર અને આર્મેનિયાના વડાપ્રધાન નિકોલ પશિનિયનની મુલાકાત.
  - ✓ મુલાકાત દરમિયાન બંને દેશો વ્યાપારિક સહયોગ વધારવા માટેનો એજન્ડા તૈયાર કરવા સહમત થયા.
  - ✓ એસ. જયશંકરે આ મુલાકાત દરમિયાન 'માતેનાદરણ પુસ્તકાલયની' પણ મુલાકાત લીધી હતી.
  - ✓ એસ. જયશંકરે આર્મેનિયાના તેમના સમકક્ષ 'અરારત મિર્ઝયાન' સાથે પણ બેઠક કરી જેમાં બંને દેશો વચ્ચે વેપાર, શિક્ષણ, સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા માટેની સહમતી સાધવામાં આવી હતી.
  - ✓ જયશંકર આર્મેનિયા સહિત કિર્ઝાસ્ટનઅને કઝાકિસ્તાનની પણ મુલાકાત લેશે. આર્મેનિયાની મુલાકાત લેનાર એસ.જયશંકર પ્રથમ ભારતીય વિદેશમંત્રી છે.
- ❖ ચીનના પ્રતિબંધના કારણે અમેરિકા સૌથી મોટો બિટકોઇન ધારક દેશ
  - ✓ UKના કેમ્બ્રિજ સેન્ટર ફોર ઓલ્ટરનેટિવ ફાઇનાન્સ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓમાં બિટકોઇનનો સૌથી મોટો હિસ્સો મેળવવામાં અમેરિકાએ ચીનને પાછળ રાખ્યું.
  - ✓ વૈશ્વિક બિટકોઇન નેટવર્ક સાથે જોડાયેલા કમ્પ્યુટર્સની શક્તિનો ચીનનો હિસ્સો 'હશે રેટ' તરીકે ઓળખાય છે તે મહિનામાં 44% હતો જે જુલાઇ સુધીમાં શૂન્ય થઇ ગયો.
  - ✓ ઓગસ્ટના અંત સુધીમાં અમેરિકાનો આ હેશ રેટ 35.4% જોવા મળ્યો હતો અને ત્યારબાદ ક્રમે કઝાકિસ્તાન અને રાશિયાનો સમાવેશ થાય છે.
- ❖ પુન: પ્રાપ્ય ઊર્જા (અક્ષય ઊર્જા) ક્ષેત્રે જાહેર કરાયેલા રોકાણમાં ભારત ત્રીજા સ્થાને
  - ✓ કન્સલ્ટન્સી ફર્મ EY દ્વારા જાહેર કરાયેલા 58મા RECAI રિપોર્ટ (રિન્યુએબલ એનર્જી કંટ્રી એટ્રેક્ટિવનેસ ઇંડેક્સ) મુજબ ભારત ત્રીજા સ્થાને.
  - ✓ અમેરિકા અને ચીન અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે.
  - ✓ RECAI એ અક્ષય ઊર્જામાં રોકાણ ક્ષેત્રના આકર્ષણોને આધારે વિશ્વના ટોચના 40 દેશોનું રેન્કિંગ આપ્યું છે.
  - ✓ ભારતની વિકસતી નવીનીકરણ ઊર્જા બજારની સ્થિતિ, સમાવિષ્ટ નીતિગત નિર્ણયો, રોકાણ અને ટેકનોલોજીમાં સુધારો એ સ્વનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરી સ્વચ્છ ઊર્જા પ્રદાન કરવાનું કામ કરે છે.

❖ ફિફા અન્ડર -17 વર્લ્ડકપ -2022માં 'ઇભા' નામનું મોસ્કોટ અનાવરણ થયું.
  ✓ 'ઇભા' એ મહિલા શક્તિનું પ્રતિનિધિત્વ કરતી એશિયાટિક સિંહણ છે. આ મોસ્કોટ આંતરરાષ્ટ્રીય કન્યાદિવસ (11 ઑક્ટો) ના રોજ કરાયું. છે.
  ✓ FIFA - Federation International De Football Association (વડું મથક - સ્વિટ્ઝરલૅન્ડ)
  ✓ ઇભાનો હેતુ મહિલા સશક્તિકરણ અને વિશ્વમાં મહિલાઓની ક્ષમતા પરિપૂર્ણ કરવાનો છે.

❖ 14 ઓકટોબર : World Sight Day (વિશ્વ દ્રષ્ટિ દિવસ)
  ✓ આ દિવસ દર વર્ષે ઓકટોબરના બીજા ગુરવારે મનાવાય છે.
  ✓ આ દિવસના હેતુ અંધાપા સહિત દ્રષ્ટિ સાથે જોડાયેલ વૈશ્વિક સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. દ્રષ્ટિની ખમીમાં મુખ્યત્વે મધુપ્રમેહ (ડાયાબિટિશ) અને ટ્રેકોમાં જેવી બીમારીઓ સમાવિષ્ટ છે.
  ✓ 2021ની થીમ : 'લવ યોર આઇઝ' (Love You rEyes)

❖ 14 ઓકટોબર : World Standards Day (વિશ્વ માનક દિવસ)
  ✓ 1956માં લંડનમાં મળેલ 25 દેશોના પ્રતિનિધિઓની બેઠકમાં આ દિવસ ઉજવણીની જાહેરાત કરાય.
  ✓ આ દિવસનો હેતુ ગ્રાહકો, નિયમનકારો અને ઉધોગમાં વૈશ્વિક અર્થતંત્રમાં માનકીકરણના મહત્વ બાબતે જાગૃતિ લાવવાનો છે.
  ✓ થીમ 2021 : ટકાઉ વિકાસ લક્ષ્યો માટેનાં ધોરણો – વધુ સારા ભવિષ્ય માટે સહિયારી દ્રષ્ટિ

❖ Ecological Threat Report 2021
  ✓ પરિસ્થિતિક તંત્ર માટે ખતરારૂપ સૌથી સંવેદનશીલ દેશોમાં બાંગ્લાદેશ મોખરે (163મો ક્રમ)
  ✓ IEP (Institute for Economics and Peace) દ્વારા આ રિપોર્ટ 178 દેશોમાં કરેલા સંશોધન આધારે જાહેર કરાયો.
  ✓ IEP ઓસ્ટ્રેલિયામાં સ્થિત છે.
  ✓ બાંગ્લાદેશમાં 2007 ના ચક્રવાત સિડરનના કારણે 3,000 થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.
  ✓ આ રિપોર્ટમાં અફઘાનિસ્તાન 178મો ક્રમ જે સૌથી વધુ નબળાઇ પ્રતિબંધિત કરતો દેશ દર્શાવાયો છે.
  ✓ આ રિપોર્ટમાં ભૂતાન (81), શ્રીલંકા (114), ભારત (144), પાકિસ્તાન (170) ક્રમ ધરાવે છે.

❖ પ્રાણી સંગ્રહાલયો અને પશુ ચિકિત્સકો માટેનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું.
  ✓ આ સંમેલનમાં દેશભરના પ્રાણી સંગ્રહાલયોના સંરક્ષણ માટે પ્રાથમિક પક્ષીઓ તરીકે સ્થાનિક પક્ષીઓ અને પ્રાણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો મંત્ર અપાયો.
  ✓ આ સંમેલન ભારતીય પ્રાણી સંગ્રહાલયો ને વૈશ્વિક ધોરણે અપગ્રેડ કરવા માટે 2021-2031 સુધીનો પ્લાન ઘડાયો છે.
  ✓ આ સંમેલન સેન્ટ્રલ ઓથોરિટી તથા સરદાર પટેલ જુઓલૉજીકલ પાર્ક કેવડિયા દ્વારા આયોજિત કરાયું હતું.
  ✓ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી - ભૂપેન્દ્ર યાદવ.
  ✓ ગુજરાત વન અને પર્યાવરણ મંત્રી - કિરીટસિંહ રાણા
  ✓ આ પ્રસંગે વાઇલ્ડ,લાઇફ ક્રાઇમ કંટ્રોલ બ્યૂરો દ્વારા નિર્મિત 'પ્રકૃતિ સાથે સુમેળમાં વન્યજીવનમાં ગેરકાયદે વેપાર બંધ કરો' નામની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી. તથા દર વર્ષે ચાર શ્રેણી (ઝૂ ડિરેક્ટ / ક્યુરેટર, જીવ વિજ્ઞાની/ શિક્ષણ શાસ્ત્રી, પશુ ચિકિસ્તક અને પશુપાલક, પ્રાણી સંગ્રહાલય ફ્રન્ટ લાઇનર)માં અપાતા 'પ્રાણી મિત્ર એવોર્ડ' પણ અપાયો.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

  ✓ ગુજરાત રાજ્ય સરકારે સરકારી ભરતીમા સપ્ટેમ્બર 2021 થી ઓગસ્ટ, 2022 સુધીની મર્યાદામાં કોરોનાને ધ્યાને રાખી 1 વર્ષની વય મર્યાદા વધારી.
    **ખાસ:** જેમાં ઉમર મર્યાદા 45 વર્ષ અગાઉથી જ હતી તેમાં કોઇ વધારો કર્યો નથી. (જેમ કે મહિલાઓની સ્નાતક સમકક્ષ અનામત કેટેગરીની જગ્યાઓ)

- ✓ ઇંગ્લેન્ડના પેસ બોલર ક્રિસ જોર્ડને T20 વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ઘૂંટણિયે બેસીને બ્લેક લાઈવ મેટર્સ (રંગભેદ વિરોધી) અભિયાનને સમર્થન આપવાનું જણાવ્યું.
- ✓ પાવરલિફ્ટિંગ સ્પોર્ટ્સ એસોસીએશન દ્વારા આયોજન 'ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ ચેમ્પિયન' માં હિરેન્દ્રકુમાર માયોવંશી (83kg) અને રિયા માયાવંશી (52 kg)ને ગોલ્ડ મેડલ મળ્યા.
- ✓ મિઝોરમના રમતગમત શ્રી રોબર્ટ રોમાવીયા રોયતે એ 15 બાળકોને જન્મ આપનાર મહિલા ને રૂ. 1 લાખનું ઈનામ આપ્યું.
- ✓ કેન્દ્ર સરકારે આતંકવાદ અને સરહદ પારની ગુનાખોરી પર સકંજો કસવા BSF (બોર્ડર સિક્યુરિટી ફોર્સ)ના અધિકારોને વધાર્યા. હવેથી તેવો પાક. અને બાંગ્લાદેશ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય ક્ષેત્રની અંદર 50 km સુધી સર્ચ ઓપરેશન કરી શકશે. આ તકે ગુજરાત રાજ્યમાં BSFનું અધિકાર ક્ષેત્ર 80થી ઘટાડી 50 km કરાયું.
- ✓ જયપુર આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનું સંચાલન અદાણી ગ્રુપ દ્વારા હાથમાં લેવાયું.

## 15 ઓક્ટોબર

- ❖ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ અમેરિકાને માનવાધિકાર પરિષદ માટે પસંદ કર્યું.
  - ✓ આ પસંદગી કરવામાં કરાયેલા મતદાનમાં અમેરિકાને 193 સભ્યોમાંથી ગુપ્ત મતદાનમાં 168 મત પ્રાપ્ત થયા.
  - ✓ અમેરિકા 1 જાન્યુ. 2021 થી ત્રણ વર્ષનો કાર્યકાળ UN માનવાધિકાર પરિષદમાં સ્થાપિત કરશે.
  - ✓ અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ તંત્રએ ઇઝરાયેલ સામે ક્રોમિક પૂર્વગ્રહ ને સુધારાના અભાવને કારણે 47 સભ્યોની આ સંસ્થા છોડી દીધા બાદ ફરીથી ત્રણ વર્ષ બાદ અમેરિકાએ જોડાણ કર્યું છે.
  - ✓ આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય માનવાધિકારના રક્ષકો સાથે ઊભા રહી અને માનવાધિકારના ઉલ્લંઘન અને દૂરપયોગ સામે બોલવાનો છે.
- ❖ 29મું હુન્નરહાટ 2021
  - ✓ ઉત્તર પ્રદેશના રામપુર ખાતે 29મા હુન્નરહાટનું આયોજન કરવામાં આવશે.
  - ✓ હુન્નરહાટમાં ઘરમાં ઉપયોગ થઇ ગયેલી વસ્તુઓ કે જેનો બીજી વખત ઉપયોગ થવાનો નથી તેમાંથી ઉત્પાદકો નવીનત્તમ વસ્તુઓ બનાવશે.
  - ✓ આ વસ્તુઓને રાજ્ય અને કેન્દ્રાશાસિત પ્રદેશોમાં વેચાણ તથા પ્રદર્શન માટે મૂકવામાં આવશે.
  - ✓ હુન્નરહાટ 2021ની થીમ - Best from Waste.
  - ✓ કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉધોગ સાહસિકતા મંત્રી - ધર્મેન્દ્ર પ્રધાન (હુન્નરહાટ 2021ના ઉદ્ઘાટક.
- ❖ કેન્દ્રીય કેબિનેટે સમગ્ર દેશમાં 100 સૈનિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી.
  - ✓ આ મંજૂરી NEP (NationalEducationPolicy) અંતર્ગત આપવામાં આવી છે.
  - ✓ સૈનિક સ્કૂલોમાં બાળકોને લશ્કરી તાલીમ, ઉધોગ સાહસિકતા, વહીવટી સેવાઓ, ન્યાયિકસેવાઓ તથા વિજ્ઞાન અને તકનીકિ ક્ષેત્રનું શિક્ષણ પ્રદાન કરાય છે.
  - ✓ હાલ ભારત દેશમાં 33 સૈનિક શાળાઓ છે જે સંરક્ષણ મંત્રાલયની સૈનિક શાળાઓ સાથે જોડાઇને કાર્યરત થયેલ છે.
- ❖ 15 ઓક્ટોબર: International Day of Rural Women (ગ્રામીણ મહિલાઓનો આંતરરાષ્ટ્રીય દિવસ)
  - ✓ થીમ 2021 - રૂરલ વુમન કલ્ટીવેટીંગ ગુડ ફૂડ ફોર ઓલ.
  - ✓ આ દિવસ વિશ્વની ખાધ પ્રણાલીઓમાં ગ્રામીણ મહિલાઓ અને છોકરીઓની આવશ્યક ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઉજવાય છે.
  - ✓ આ દિવસ સૌ પ્રથમ વખત 2008માં મનાવાયો હતો.
  - ✓ UNAના મતે ગ્રામ્ય કક્ષાએ વિકાસશીલ દેશોમાં 40% મહિલાઓ ખેતી ક્ષેત્રે જોડાયેલી હોવા છતાં જમીન, મકાનના માલિકી હકો પ્રાપ્ત કરવામાં તેઓને ઘણો મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

- ❖ મોસ્કો પ્રારૂપ બેઠક
  - ✓ ભારત અફઘાનિસ્તાન સાથે જોડાયેલ મોસ્કો પ્રારૂપ બેઠકમાં ભાગ લઈ શકે છે.
  - ✓ 2021માં અફઘાનિસ્તાનના ઉપર તાલિબાનના થયેલા અધિગ્રહણ બાદ આ પ્રથમ પ્રારૂપ બેઠક છે.
  - ✓ આ બેઠકમાં અફઘાનિસ્તાન અને દિલ્લી સરકારની ઔપચારીક પ્રથમ બેઠકની સંભાવના છે. અગાઉ 31 ઓગસ્ટે તાલિબાન અને ભારતનો દોહામાં ઔપચારીક સંપર્ક થયો હતો.
  - ✓ રશિયા અફઘાનના મુદ્દાવન ઉકેલવા માટે વર્ષ 2017થી 'મોસ્કો ફોર્મેટ'નું આયોજન કરે છે.
  - ✓ ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા - અરિંદમ બાગચી
- ❖ વર્લ્ડસ બેસ્ટ એમ્પ્લોયર્સ રેન્કિંગ 2021
  - ✓ ફોર્બ્સ દ્વારા પ્રકાશિત વિશ્વનો સર્વ શ્રેષ્ઠ નિયુક્તિકર્તા કંપની (સૌથી વધુ નોકરી આપનાર) તરીકે ભારતમાં રિલાયન્સ કંપની પ્રથમ સ્થાને.
  - ✓ 750 વૈશ્વિક કોર્પોરેટ્સમાં રિલાયન્સ 52 મા સ્થાને છે.
  - ✓ વૈશ્વિક રેન્કિંગમાં સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ સૌથી ઉપર છે. ત્યારબાદ IBM (International Business Machine) માઈક્રોસોફ્ટ અને એમેઝોનનું સ્થાન છે.
  - ✓ ચીનની હુવેઇ (Huawei) કંપની આ શ્રેણીમાં 8મા ક્રમે છે.
  - ✓ આ ઉપરાંત ભારતની ટોચની 10 કંપનીઓમાં રિલાયન્સ બાદ ICICI, HDFC, HCLTechnologies, SBI, Larsen&Turbo, Bajaj, Axis, IndiaBenk, ONGCno સમાવેશ થાય છે.
- ❖ ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ 2021
  - ✓ વિશ્વના 116 દેશોમાં થયેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ (GHI)ના નિરીક્ષણમાં ભારત 101મા સ્થાને છે.
  - ✓ 2020 માં ભારત આ રેન્કિંગમાં 107 દેશોમાંથી 94મા સ્થાને હતું.
  - ✓ આ યાદીમાં સૌથી વધુ ખરાબ સ્થિતિ સોમાલિયા (116)ની છે.
  - ✓ આ રિપોર્ટ આઈરિશ સહાયક એજન્સી કન્સર્ન વર્લ્ડવાઈડ અને જર્મન સંગઠન વેલ્ટ હંગર હિલ્ફ દ્વારા તૈયાર થાય છે.
  - ✓ ભારતમાં ભૂખમરાનું સ્તર 2000માં 38.8 હતું જે 2012 થી 2021માં ઘટીને 28.8 – 27.5ની રેન્જમાં આવતાં ભયજનક સ્થિતિ ઉત્પન્ન કરે છે.
  - ✓ GHI સ્કોરની ગણતરી ચાર સૂચકાંકો પર નિર્ધારિત થાય છે.
    - ▪ કુપોષણ
    - ▪ Child Wasting– પાંચ વર્ષની nana બાળકો જેમની ઊંચાઇ અને વજનના પ્રમાણમાં મોટો તફાવત હોય.
    - ▪ Child Stunting– પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકો કે જેઓ ક્રોનિક કુપોષણથી ઓછી ઊંચાઈનો શિકાર થયા હોય.
    - ▪ બાળ મૃત્યુ દર – પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો મૃત્યુદર
  - ✓ ભારતના પાડોશી દેશો નેપાળ (76), બાંગ્લાદેશ (76), મ્યાનમાર (71), પાકિસ્તાન (92)નો સ્કોર ધરાવે છે. જેની સામે ભારત – 101 સાથે અતિ ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે.
- ❖ ઈંધણ ભરવા માટેની ટેકનિક 'યુ ફિલ' (Ufill)
  - ✓ BPCL(ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ) દ્વારા Ufill તકનીકિ શરૂ કરવામાં આવી છે. જે હાલ 65 શહેરોમાં કે જેઓ ઝડપી, સુરક્ષિત અને સ્માર્ટ સીટીના દરજ્જામાં આવી શકે તેમ છે તેમાં શરૂ કરવામાં આવી છે.
  - ✓ Ufill માટે કોઈ સ્પેશિયલ એપ ડાઉનલોડ કરવાની જરૂરિયાત રહેતી નથી. પરંતુ, ગ્રાહક Gpay, PayTM, Phonepe વગેરે જેવી ડિજીટલ પેમેન્ટ ક્ષેત્રની એપનો ઉપયોગ કરી નાણાકીય નિવેશ કરી શકશે.
  - ✓ આ પ્રોજેક્ટનો મૂળ મંત્ર –Fast Forward Your Fill (તમારા ભરણને (અહીં ઈંધણ ભરવાની ક્રિયા) આગળ વધારો)
- ❖ DRDOના NSTL માં એપીજે અબ્દુલ કલામ પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન થયું.

- ✓ NSTL–Naval Science & Technological Laboratory
- ✓ DRDO–Defence Research and Development Organisation
- ✓ આ પ્રેરણા સ્થળ વિશાખાપટ્ટનમ ખાતે તૈયાર કરાયું છે અને ભારત પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની 90મી જન્મ જયંતી (15 ઓકટોબર) નિમિત્તે તેનું ઉદ્ઘાટન કરાયું છે.
- ✓ આ સ્થળના કાર્યનો ઉદ્દેશ્ય DRDOના R&D (Research&Devlopment) વિભાગની કામગીરી પ્રત્યે યુવાનોને આકર્ષિત કરી તેમણે આ ક્ષેત્રમાં પ્રદાન આપવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- ✓ DRDOના ડિરેક્ટર જનરલ (નેવલ સિસ્ટમ એન્ડ મટિરિયલ્સ) - ડૉ. સમીર વી. કામત

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ધ મ્યૂઝિકલ ચેર એન્ડ સ્કેટિંગ સ્પોર્ટ્સ એસોસીએશન દ્વારા યોજાયેલી અમદાવાદ ઓપન રોલર મ્યૂઝિકલ ચેર ચેમ્પિયનશિપમાં સેન્ટ ઝેવિયર્સનો વિદ્યાર્થી હિયાન પટેલ અંડર -8 કેટેગરીની મ્યૂઝિકલ ચેર સ્કેટિંગ ફ્રી સ્ટાઇલ, સ્કેટિંગ સ્પીડ રેસ તથા મ્યૂઝિકલ ચેર ઈવેન્ટમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા.
- ✓ CAIT (કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ) દ્વારા એમેઝોન કંપની દ્વારા ભારતીય ઉત્પાદકોની નકલ વેચીને બ્રાન્ડિંગ કરવાના આરોપ સાથે અમેરિકન સેનેટર એલિઝાબેથ વોરેનને તપાસ કરવાનો આદેશ / માંગણી કરી.
- ✓ કે. સુકેશ ચંદ્ર શેખર દ્વારા કરાયેલા 200 કરોડના છેતરપિંડી કેસમાં અભિનેત્રી નોરા ફતેહી અને જેકલિન ફર્નાન્ડીઝને હાજર થવા ED એ સમન્સ પાઠવ્યું.
- ✓ તાજેતરમાં કેન્દ્ર સરકારે BSF ના અધિકાર ક્ષેત્રમાં કરેલા વધારા સામે સરહદી રાજ્યો પંજાબ, પશ્ચિમ બંગાળ અને આસામ દ્વારા વિરોધ નોંધવવામાં આવ્યો. તેમના મતે આ નિર્ણય એકપક્ષીય તથા આંતરિક કટોકટી લાદવા સમાન છે.
- ✓ તમિલનાડુમાં રાજ્ય સ્વાસ્થ્ય મંત્રી એમ.સુબ્રમણ્યમે 2-18 વર્ષના બાળકોને રસી આપવા માટે (Covid-19 રસી)ની શરૂઆત કરનાર રાજ્ય તમિલનાડુ સમગ્ર દેશમાં પ્રથમ હશે તેવી જાહેરાત કરી.
- ✓ ખાડી દેશ કુવૈત દ્વારા સેનામાં મહિલા સૈનિકોની નિમણૂંકને મંજૂરી આપતાં આવું કરનાર કુવૈત પ્રથમ ખાડી દેશ બન્યો. કુવૈતના સંરક્ષણ મંત્રી શેખ હમદ જબેર અલ-અલી અલ-સબાહ અગાઉ વર્ષ 2001 થી કુવૈત પોલીસમાં મહિલાઓને સ્થાન અપાયું હતું.
- ✓ બ્રિટનના મહારાણી એલિઝાબેથ-2 ની 2012માં તુષાદ મ્યુઝિયમમાં સ્થાપિત મૂર્તિના સ્થાને નવી 'મીણ'માંથી બનાવેલી પ્રતિમા સ્થાપિત કરાઇ.
- ✓ કોરોનાની ઉત્પતિની તપાસ કરવા માટે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ રચેલી નિષ્ણાતોની સમિતિમાં ભારતના ડૉ. રમન ગંગાખેડકરનો સમાવેશ કરાયો.
- ✓ ગુજરાતના ગાંધીનગર ખાતે ભારતનું પ્રથમ 'પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર' બનશે. હાલ પાંચ દસકા જૂના ઇમારતમાં ચાલી રહેલ આ કેન્દ્રને અધતન બનાવવા પ્રદેશ પંચાયત કારોબારી બેઠકમાં નિર્ણય લેવાયો છે.
    - ગુજરાત પ્રદેશ પરિષદના ઉપપ્રમુખ = ભૂષત બોદર
- ✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76માં સમેલનમાં ભારતીય રાજદૂત પંકજ શર્માએ નિ:શસ્ત્રીકરણ અંગે મહત્વનું નિવેદન આપતાં જણાવ્યું કે ભારત એક પરમાણુ શાસ્ત્ર સંપન્ન દેશ છે પરંતુ તેની પ્રથમ હુમલો ન કરવાની નીતિ હેઠળ પરમાણુ શાસ્ત્ર ન ધરાવતા દેશ પર ક્યારેય પરમાણુ હુમલો નહિ કરે.
- ✓ ભારત અમેરિકા વચ્ચે 15 દિવસનો સૈન્યાભ્યાસ અમેરિકાના 'અલાસ્કા'માં યોજાશે. અગાઉ આવો જ અભ્યાસ ભારતના બિકાનેરમાં ફેબ્રુઆરીમાં યોજાયો હતો.

**16 ઓકટોબર**

- ❖ 300 T-20 મેચોમાં કેપ્ટન પદ પર રહેનાર એમ. એસ. ધોની વિશ્વના પ્રથમ ખેલાડી
    - ✓ આ રેકોર્ડ તેમણે દુબઇ, (UAE) ખાતેની ચેન્નાઇ સુપર કિંગ્સ (CSK) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR), વચ્ચેની ઇન્ડિયન પ્રીમીયર લીગ (IPL) 2021ની ફાઇનલ દરમિયાન નોંધાવ્યો.

- ✓ IPL– 2021માં ફાઇનલમાં CSK (ચેન્નાઈ સુપર કિંગ્સ)નો વિજય થયો છે.
- ✓ આ યાદીમાં ધોની બાદ બીજા સ્થાને ડૈરેન સેમી જેમણે આ શ્રેણીમાં 208 મેચોમાં કેપ્ટન પદ પર કામ કર્યું છે.

❖ 16 ઓક્ટોબર: World Food Day (વિશ્વ ખાદ્ય દિવસ)
- ✓ આ દિવસ અનના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO–Food & Agriculture Organisation)ની સ્થાપનાની વર્ષગાંઠના ભાગરૂપે મનાવાય છે.
- ✓ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય વૈશ્વિક ભૂખ સામે લડવાનો તથા વિશ્વભરમાંથી ભૂખમરાને નાબૂદ કરવાનો છે.
- ✓ વર્ષ 2021ની થીમ - સેફ ફૂડ નાઉ ફોર ધ હેલ્થીયર ટૂમોરો (Safe food now for the Healther Tomorrow)

❖ ભારતમાં હિટવેવ સંબંધિત સ્થાનિક પરિવર્તન.
- ✓ તાજેતરમાં થયેલા હિટવેવ સંબંધિત સંશોધન મુજબ ભારતના પૂર્વ અને પશ્ચિમના કિનારાઓ હાલ હિટવેવથી સુરક્ષિત છે પરંતુ આવનારા ભવિષ્યમાં આ વિસ્તારને ભારે હિટવેવનો સામનો કરવો પડી શકે છે.
- ✓ એક અભ્યાસ મુજબ 1951-2016 દરમિયાન હોટવેવમાં માસિક, મોસમી, દશક અને લાંબા ગાળાના વલણોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું જેના આધારે ભવિષ્યમાં થનારી ગંભીર અસરોની આગાહી કરવામાં આવી છે.
- ✓ હિટવેવની ગંભીર અસરોની ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી અને મધ્ય પ્રદેશના ઉત્તરીભાગ માં વધુ જોવા મળે છે.
- ✓ હિટવેવની સ્થિતિ મુખ્યત્વે બે પરિબળો પર આધાર રાખે છે. 1) રાત્રિના સમયના તાપમાનમાં વધારો, જે રાત્રે ગરમીના વિસર્જનને અવરોધ છે. 2) ભેજનું વધતું પ્રમાણ
- ✓ સામાન્ય રીતે મેદાની પ્રદેશમાં 40°C અને પહાડી પ્રદેશમાં 30°C તાપમાન બાદની સ્થિતિને હિટવેવ ગણવામાં આવે છે.

❖ 6G ટેકનોલોજી
- ✓ તાજેતરમાં સરકારે ટેલિમેટિક્સ ડેવલપમેન્ટ સેન્ટર (C-DOT)ને સમય સાથે હાથ મિલાવવા 6Gનો વિકાસ શરૂ કરવાનું સૂચન કર્યું.
- ✓ આગામી સમયમાં 5G કરતાં 50 ગણી ઝડપી 6 G ટેકનિકને 2028-2030 વચ્ચે વેપારી ધોરણે લોન્ચ કરવાનો લક્ષ્યાંક સરકાર ધરાવે છે.
- ✓ 6G ઇન્ટરનેટનો ધ્યેય માઇક્રોસેકન્ડ-લેટન્સી કમ્યુનિકેશન (સંદેશા વ્યવહારમાં માઇક્રો સેકન્ડનો વિલંબ)ને ટેકો આપવાનો છે. આ ટેકનોલોજીમાં ટેરાહર્ટ્ઝ (તહજ) ફ્રિકવન્સીનો ઉપયોગ થવાની શક્યતા છે.
- ✓ ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ પર ઇન્ફ્રારેડ તરંગો અને માઇક્રોવેવ્સ વચ્ચે ટેરાહર્ટ્ઝ તરંગો પ્રાપ્ત થાય છે.

**C-DOT ટેલિમેટિક્સ development સેન્ટર**
- ✓ સ્થાપના 1984
- ✓ આ સંસ્થા સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ રજીસ્ટર થયેલી છે.
- ✓ તે ભારત સરકારના વૈજ્ઞાનિક અને ઔધોગિક સંશોધન વિભાગ (DSIR) સાથે નોંધાયેલ જાહેર ભંડોળ ધરાવતી સંશોધન સંસ્થા છે.
- ✓ હાલ C-DOT સરકારના વિવિધ કાર્યક્રમને સાકાર કરવામાં કાર્યરત છે જેમાં ડિજીટલ ઈન્ડિયા, ભારત નેટ, સ્માર્ટ સિટીનો સમાવેશ થાય.

❖ 16 ઓક્ટોબર: Wolrd Spine day (વિશ્વ કરોડરજ્જુ દિવસ)
- ✓ આ દિવસ વર્લ્ડ ફેડરેશન ઓફ કાયરોપ્રેક્ટિક દ્વારા 2012 થી વિશ્વભરમાં મનાવાય છે.
- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં કરોડરજ્જુના દર્દીવન તેનાથી થતી વિકલાંગતા માટે જાગરૂકતા લાવવનો છે.

- ✓ કરોડરજ્જુને હિંદીમાં 'રીઢ કી હડ્ડી' કહેવાય છે.
- ✓ વર્ષ 2021 ની થીમ - Back 2 Back

❖ 16 ઓક્ટોબર: World Anesthesia Day (વિશ્વ એનેસ્થેસિયા દિવસ)

- ✓ WFSA = World Federation of societies of Anesthesia દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ આ દિવસને કેટલાક દેશોમાં નેશનલ એનેસ્થેસિયા ડે અથવા ઈથર ડે તરીકે પણ ઉજવાય છે.
- ✓ એનેસ્થેસિયા એ નિયંત્રિત, અસ્થાયી સંવેદના અથવા જાગૃતિની સ્થિતિ છે જે તબીબી ક્ષેત્રે ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.
- ✓ 1846માં થયેલ 'ડાયઇથાઈલ ઈથર' ની શોધ એનેસ્થેસિયા માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે.
- ✓ W.T.G. Morton દ્વારા એનેસ્થેટિક તરીકે ઈથરનું પ્રથમ સત્તાવાર સફળ પ્રદર્શન શોધાયું હતું. જેણે 16 ઓક્ટોબરે એનેસ્થેટિક તરીકે ઈથરનું પ્રથમ સત્તાવાર સફળ પ્રદર્શન શોધાયું હતું. જેણે 16 ઓક્ટોબરે એનેસ્થેસિયોલોજીની પ્રેક્ટિસના યુગની શરૂઆત કરી હતી.

❖ GRAP– ગ્રેડેડ રિસ્પોન્સ એક્સન પ્લાન

- ✓ તાજેતરમાં એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM) ના રિપોર્ટમાં ગ્રેડેડ રેસપોન્સ એક્શન પ્લાનની ખૂબ જ નબળી અને ગંભીર કેટેગરી હેઠળ હવાની ગુણવત્તાને અત્યંત પ્રદૂષિત દર્શાવી.
- ✓ રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્લીમાં હવાની ગુણવત્તા અંગે એમસી મહેતા VS યુનિયન ઓફ ઈન્ડિયા (2016)માં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, વિવિધ હવા ગુણવતા સૂચકનકો હેઠળ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે છે.
- ✓ વર્ષ 2020 સુધીમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત પર્યાવરણીય પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) આઉથોરિટી (EPCA) GRAPને અમલમાં મૂકવા રાજ્યોને આદેશ આપ્યા. વર્ષ 2020માંએપકાનું વિસર્જન કરવામાં આવ્યું અને તેના સ્થાને CAQMને મૂકવામાં આવ્યું.
- ✓ CAQM એ દિલ્લી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન ઉત્તર પ્રદેશમાં હવાની ગુણવત્તા સુધારવાના વિવિધ પ્રયાસોના સંકલન અને દેખરેખની પદ્ધતિ છે.

❖ NGT હવેથી વિશિષ્ટ ફોરમ તરીકે જાહેર થયું.

- ✓ સુપ્રીમ કોર્ટે NGT (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ)ને વિશિષ્ટ ફોરમ જાહેર કર્યું અને દેશભરના પર્યાવરણીય મુદ્દાઓ ઉઠાવવા માટે 'સુઓમોટો' લેવાની સત્તા આપવામાં આવી.
- ✓ NGTની કાર્યસત્તા વધારવાનો મૂળ હેતુ પર્યાવરણીય આદેશોમાં સંપૂર્ણ ન્યાય માટે વ્યાપક સત્તાનો લાભ લેવાનો છે.
- ✓ NGT એ 'નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ (2010)' હેઠળ સ્થાપિત એક ખાસ સંસ્થા છે જે પર્યાવરણીય સંરક્ષણ અને જંગલો અને અન્ય કુદરતી સંસાધનોના સંરક્ષણ સંબંધિત બાબતોના અસરકારક અને ઝડપી ઉકેલો શોધે છે.
- ✓ NGTનું મુખ્ય મથક - દિલ્હી. ચાર પ્રાદેશિક કચેરીઓ - ભોપાલ, પૂણે, કોલકાતા, ચેન્નાઈ.
- ✓ ટ્રિબ્યુનલમાં એક અધ્યક્ષ અને ઓછામાં ઓછા દસ ન્યાયિક સભ્યો (વીસથી વધુ નહિ) અને ઓછામાં ઓછા દસ નિષ્ણાત સભ્યો (વીસથી વધુ નહિ) હોય છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ઋતુરાજ ગાયકવાડ IPL2021માં ઓરેન્જ કેપ મેળવનાર સૌથી યંગેસ્ટ પ્લેયર બન્યો (CSK).
- ✓ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના પેસ બોલર હર્ષલ પટેલને 32 વિકેટ લેવા બદલ IPL 2021 માં પર્પલ કેપ.
- ✓ ભારતની જવેલરી બ્રાન્ડ્સમાંની એક રિલાયન્સ જ્વેલ્સ આ વખતે ધનતેરસમાં 'કાસ્યમ કલેક્શન' લોન્ચ કરશે. જે હેઠળ બનારસનો સમૃદ્ધ વારસો, પરંપરા કલા અને સંસ્કૃતિથી લોકોને પ્રેરિત કરશે.
- ✓ IIT ગાંધીનગરના પ્રો. ડૉ. મનીકુમારને ભારતીય સૈન્ય માટે 3D પ્રિંટેડ ડિફેન્સ સ્ટ્રકચર્સના વિકાસમાં માર્ગદર્શન આપવા બદલ 'પ્રશંસા કાર્ડ' આપવામાં આવ્યું.
- ✓ જેફ બેઝોસની બ્લૂ ઓરિજિન કંપનીના રોકેટ વર્ષ 2021માં કેનેડાના અભિનેતા વિલિયમ શેટનર (ઉ. 90 વર્ષ) સ્પેસમાં જનાર સૌથી મોટી વયના વ્યક્તિ બન્યા.

- ✓ ભારતીય રિઝર્વ બેંકે પંકજ કુમાર પાંજાને કર્ણાટક બેન્કના કાર્યકરી અધ્યક્ષ (3 વર્ષ માટે) નિયુક્ત કર્યા.
- ✓ અખિલ ભારતીય શતરંજ મહાસંઘ (AICF) એ પાંચ વર્ષ માટે રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના આયોજન માટે MPL (મોબાઇલ પ્રિમિયર લીગ) સાથે કરાર કર્યા.
- ✓ RBIએ અમિતાભ ચૌધરીની એક્સિસ બેંકના MD તરીકે પુનઃ નિયુક્તિને મંજૂરી આપી.
- ✓ વર્લ્ડ સ્ટીલ એસોસીએશન (WSA) એ સ્ટીલ લિમિટેડના અધ્યક્ષ તરીકે 'સજ્જન જિંદાલ'ને નિયુક્ત કર્યા. WSAના અધ્યક્ષ બનનાર સજ્જન જિંદાલ પ્રથમ ભારતીય પ્રતિનિધિ છે. WSAની સ્થાપના 1967માં થઇ હતું જેનું વડું મથક બેલ્જિયમ છે.
- ✓ ઇન્ડસાઇન્ડ (IndulInd) બેંકના મુખ્ય નાણાકીય અધિકારી તરીકે ગોવિંદ જૈનની નિમણૂક. અગાઉ આ પદ પર રહેલા એસ. વી. જરેગાવકરે રાજીનામું આપ્યું હતું.
- ✓ UCO બેંકના MD એ. કે. ગોયલ IBA (ભારતીય બેંક સંઘ –Indian bank Association) ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત.
- ✓ કોટક મહિન્દ્રા બેંક દ્વારા ભારતમાં માઇક્રો ATM શરૂ કરવામાં આવશે. ડેબિટ કાર્ડ વાપરનાર તમામ બેંકના ગ્રાહકો માઇક્રો ATMનો ઉપયોગ કરી બેન્કિંગ સેવાનો લાભ મેળવી શકશે.

**17 ઓક્ટોબર**

- ❖ ક્વોન્ટમ ડિસ્ટ્રીબ્યુશન
  - ✓ તાજેતરમાં સરકારે C-DOT (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ) ક્વોન્ટમ કોમ્યુનિકેશન લેબનું ઉદ્દઘાટન કર્યું અને સ્વદેશી 'વિકસિત ક્વોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન (QKD) સોલ્યુશનનું અનાવરણ કર્યું.
  - ✓ સરકારે નેશનલ મિશન ઓન ક્વોન્ટમ ટેકનોલોજી અને એપ્લિકેશન માટે 8 વર્ષના સમયગાળા માટે 1 અબજ ડોલરની ફાળવણી કરી છે.
  - ✓ QKD, જેને ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સુરક્ષિત સંદેશાવ્યવહાર વિકસાવવા માટેની એક પદ્ધતિ છે. તે ક્રિપ્ટોગ્રાફી પ્રોટોકોલ માટે જરૂરી ગુપ્ત ચાવીઓને વહેંચવાનો માર્ગ પૂરો પાડે છે.
  - ✓ QKDમાં એન્ક્રિપ્શન કી ઓપ્ટિકલ ફાઇબર પર 'ક્યુબિટ્સ' અથવા ક્વોન્ટમ બિટ્સ તરીકે કાર્ય કરે છે. જેમાં ઓપ્ટિકલ ફાઈબર અન્ય માધ્યમોની તુલનાએ લાંબા અંતર માટે ઝડપી ડેટાનું પ્રસારણ કરી શકે છે.
  - ✓ આ પદ્ધતિથી ડેટા લીકની માહિતી, ત્રુટિ ધરાવતા ડેટાની માહિતી, માહિતીની આપ-લેમાં આવતી અડચણો વગેરેને દૂર કરી શકાશે.
- ❖ ગ્લોબલ ગર્લહુડ રિપોર્ટ 2021
  - ✓ તાજેતરમાં 'સેવ ધ ચિલ્ડ્રન' નામની બિનસરકારી સંસ્થા (NGO)એ આ રિપોર્ટ 'ગ્લોબલ ગર્લહૂડ રિપોર્ટ 2021: ગર્લ્સ રાઇટ ઇન ક્રાઇસીસ' બહાર પડ્યો છે.
  - ✓ આ રિપોર્ટ મુજબ પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં વિશ્વમાં બાળ લગ્નનો દર સૌથી વધુ છે. તથા એ જ કારણે વિશ્વમાં છોકરીઓનો મૃત્યુ દર પણ વધુ છે. જેમાં મૃત્યુનું કારણ મુખ્યત્વે ગર્ભાવસ્થા અને બાળ વિવાહના કારણે બાળકોનો જન્મ છે.
  - ✓ અહેવાલ મુજબ 2030 સુધીમાં દસ મિલિયન છોકરીઓનાં બાળ લગ્ન થવાની ધારણા છે જેના કારણે મૃત્યદર પણ વધી શકે છે.
  - ✓ ભારતમાં બાળ લગ્ન સંયમ અધિનિયમ, 1929 હેઠળ બાળ વિવાહ પર પ્રતિબંધ છે.

- ✓ સ્પેશિયલ મેરેજ એક્ટ 1954 અને પ્રોહિબિશન ઓફ ચાઇલ્ડ મેરેજ એક્ટ, 2006 હેઠળ મહિલાઓ અને પુરુષની લગ્નની લઘુત્તમ વય મર્યાદા અનુક્રમે 18 અને 21 નક્કી કરાઇ છે.
- ✓ UNICEF અનુસાર ભારતમાં દર વર્ષે 18 વર્ષથી ઓછી વયના ઓછામાં ઓછા 1.5 મિલિયન છોકરીઓનાં લગ્ન થાય છે. જે વિશ્વની 1/3 જેટલી સંખ્યા આ કિસ્સાઓ દર્શાવે છે.

❖ સિલિકોસિસ રોગ

- ✓ ભારતમાં ખાણો, બાંધકામ અને કારખાનાઓમાં કાર્યરત અસંખ્ય કામદારો ધૂળના સંપર્કમાં આવતાં લાંબા ગાળે 'સિલિકોસિસ' થી તેમનું મૃત્યુ થઈ રહ્યું છે.
- ✓ સિલિકા ($SiO_2$ /સિલિકોન ડાયોક્સાઈડ) એક સ્ફટિકમય ધાતુ ખનીજ છે જે રેતી, ખડક અને ક્વાર્ટ્ઝમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. આ ખનીજને કારણે ફેફસાનો રોગ થાય છે જેનાથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે. તથા ચામડી વાદળી રંગની બની જય છે.
- ✓ સિલિકાના સંપર્કમાં આવ્યાની જાણ લાંબા સમય સુધી ન થવા પાછળ કરણ સિલિકા ગંધહિન તથા બળતરા જેવી સંવેદના ધરાવતું નથી.
- ✓ સિલિકોસિસને માઇન્સ એક્ટ, 1952 અને ફેક્ટરીઝ એક્ટ, 1948 હેઠળ સૂચિત રોગની યાદીમાં સમવાયો છે તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા 'સિલિકોસિસ પોર્ટલ' શરૂ કરાયું છે જેમાં કામદારો નિદાન માટે નોંધણી કરાવી શકે છે.
- ✓ ભારતમાં ગુજરાત, રાંજસ્થાન, પોંડિચેરી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા અને પ.બંગાળમાંથી ખનીજ ક્ષેત્રે કામ કરનારમાં આ રોગ વધુ જોવા મળે છે.

❖ પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના

- ✓ તાજેતરમાં ભારત સરકારે લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા માટે મૂળભૂત માળખામાં સંકલન થકી ગતિશક્તિ યોજના અથવા 'નેશનલ માસ્ટર પ્લાન ફોર મલ્ટી-મોડલ કનેક્ટિવિટી પ્લાન' શરૂ કર્યો.
- ✓ આ યોજનાનો ઉદ્દેશ્ય આગામી ચાર વર્ષમાં નીચેના લેવલથી કામને વેગ આપવા, ખર્ચ ઘટાડવા અને રોજગારના સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- ✓ આ યોજના હેઠળ 11 ઔદ્યોગિક કોરિડોર અને 2 નવા સંરક્ષણ કોરિડોર (તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ) મનાવવામાં આવશે. તથા 4G કનેક્ટિવિટી તમામ ગામોમાં વિસ્તૃત કરવામાં આવશે તથા ગેસ પાઇપલાઇન નેટવર્કમાં 17000 કિમીની ક્ષમતા ઉમેરવાની યોજના બનાવાઇ છે.

❖ જૈવ વિવિધતા પરનું Kunming Declaration

- ✓ તાજેતરમાં જૈવ વિવિધતા પર સંયુક્ત રાષ્ટ્રસંઘના સંમેલનમાં પક્ષોની પરિષદની 15ની બેઠકમાં ચીનમાં 100 થી વધુ દેશોએ કુંનમિંગ ઘોષણાપત્ર અપનાવ્યું. અગાઉ આ કરારમાં 2011 થી 2020 સુધીની વ્યૂહાત્મક યોજના 2010 જાપાનના આઈચીમાં 20 લક્ષ્યાંકો સાથે હસ્તાક્ષર કરાયા હતા.
- ✓ આ ઘોષણાપત્રમાં સહી કરનાર રાષ્ટ્રો રોગચાળા પછીની નીતિઓ, કાર્યક્રમો અને યોજનાઓ જૈવ વિવિધતા સંરક્ષણ ને ટકાઉ ઉપયોગમાં યોગદાન આપે છે અને ટકાઉ અને સમાવિષ્ટ વૃદ્ધિને પ્રોત્સાહિત કરશે.
- ✓ ઘોષણાપત્રમાં '30 x 30 સંરક્ષણ લક્ષ્ય'ની કલ્પના છે. જે મુજબ 2030 સુધીમાં મહાસાગરો અને જમીનને 30% સુધી સુરક્ષિત કારવનો લક્ષ્યાંક છે.

❖ ચીને પોતાના નાગરિકોના મોતના વળતર પેટે પાકિસ્તાન પાસેથી રૂ. 285 કરોડ માંગ્યા.

- ✓ ચીન દ્વારા દાસુ ડેમ પ્રોજેક્ટની કામગીરી આગળ વધારતાં અગાઉ આ રકમની માંગણી કરી છે. દાસુ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા 9 એન્જિનિયરોના મોતના વળતરની આ માંગણી છે.

- ✓ જુલાઇ 2021માં પ્રોજેક્ટ માટે કામ કરી રહેલા ચીનના એન્જિનિયરોને લઈ જતી બસને વિસ્ફોટકો ભરેલી કારે ટક્કર મારતાં બસમાં મુસાફર 9 એન્જિનિયરો 2 સ્થાનિક લોકો, ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરીના 2 કર્મચારી સહિત 13 ના મોત થયાં હતાં.
- ✓ ચીનની કંપની ગેઝૉબા ગ્રુપ દાસુ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.

❖ 17 ઓક્ટોબર: International Day for the Eradication of Poverty (આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી દિવસ)

- ✓ 2021 ની થીમ - Ending Persistent Poverty, Respecting all people and our planet UN દ્વારા 1993થી ઉજવાય છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ગુજરાત રાજ્ય સરકારમાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓમાં પતિ-પત્નિ કેસમાં બિનબદલીપાત્ર નોકરી સહિતની તમામ નોકરીમાં પતિ-પત્નીને એક જ સ્થળ પર નોકરી માટે બદલી કરી આપવાની જાહેરાત કરાઇ.
- ✓ 2011 થી સૌરાષ્ટ્રની સિનિયર ક્રિકેટ ટીમમાં વિકેટ કીપર કમ બેટ્સમેન તરીકે રમતા અવિ બારોટનું હાર્ટ એટેકના કારણે 29 વર્ષથી યુવા વયે નિધન.
- ✓ અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાએ ‘લુસી એસ્ટરોઇડ સ્પેસક્રાફ્ટ’ લોન્ચ કર્યું. આ સ્પેસક્રાફ્ટનું મિશન 12 વર્ષ ચાલશે અને તે સૌરમંડળની ઉત્પતિનાં રહસ્યો પરથી પડદો ઉઠાવશે. આ યાન ‘એપ્લાસ વી રોકેટ’ની મદદથી 6.3 અબજ KM નો પ્રવાસ કરશે જે નાસાનું આ પ્રકારનું પ્રથમ યાન હશે.
- ✓ 478 વર્ષ પ્રાચીન ‘ભરત મિલાપ’ પરંપરાનું કાશી ખાતે આયોજન થયું. આ પરંપરામાં રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન એકબીજાને ભેટે છે. (બનાવેલ પાત્રો) અને માત્ર 5 જ મિનિટની આ પરંપરામાં લાખો લોકો ઉપસ્થિત રહે છે. સંવત 1600માં ગોસ્વામી તુલસીદાસની પ્રેરણાથી તેમના મિત્ર સંત મેઘા ભગતે આ લીલાની શરૂઆત કરી હતી.
- ✓ રાહુલ દ્રવિડને ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે 2023 સુધી નિયુક્ત કરાયા. હાલ તેઓ રાષ્ટ્રીય ક્રિકેટ અકાદમીના પ્રમુખ છે. તેઓને આ પદ માટે 10 કરોડ રૂ.નું મહેનતાણું મળશે. આ સાથે જ તેમના સહયોગી સારસ મ્હામ્બ્રે બોલિંગ કોચ તરીકે અને વિક્રમ રાઠોર બેટ્સમેન કોચ તરીકે જોડાશે.
- ✓ કેન્દ્રીય કાયદા વિભાગે ગુજરાત HCમાં બે મહિલા સહિત સાત વકીલોને નવા જસ્ટિસ તરીકે નિયુક્તિ આપી. જેમાં મૌના એમ. ભટ્ટ, સમીર દવે, હેમંત પ્રચ્છક, સંદીપ ભટ્ટ, અનિરુદ્ધ માયી, નિરલ મહેતા, નિશા ઠાકોરનો સમાવેશ થાય છે.

**18 ઓક્ટોબર**

❖ મહિલા પાયલોટ આરોહી પંડિત

- ✓ Indian Women Pilot Association અને ટાટા પાવર તરફથી આયોજિત ભૂજથી જુહુ સુધી ફ્લાઇટ આરોહી પંડિત દ્વારા ચલાવવામાં આવી.

- ✓ મહત્વની વાત એ છે કે આ દરમિયાન આરોહી GPS ટેકનિકનો ઉપયોગ કર્યો ન હતો અને 926 KM જેટલું અંતર 5 કલાકના સમયમાં પૂર્ણ કર્યું હતું.

❖ ભારત UNHRCમાં 6ઠ્ઠી વખત ચૂંટાયું.

- ✓ UNHRC – United Nations Human Right Council.
- ✓ UNHRCમાં સભ્યપદ મેળવવા માટે 97 મતની બહુમતી આવશ્યક છે. ત્યારે 193 સભ્યોમાંથી 184 દેશોએ મત આપ્યો.
- ✓ ભારત ડિસેમ્બર 2021 સુધી (વર્તમાન) સભ્ય પદે રહેશે.
- ✓ UNHRCમાં કુલ 18 સભ્યો માટે ચૂંટણી યોજી હતી. જેમાં આર્જેન્ટિના, બેનીન, કેમેરુન, ફિનલેન્ડ, એરિટ્રિયા, ગાંબિયા, ભારત, હોન્ડુરાસ, કઝાકિસ્તાન, લક્ઝમબર્ગ, લિથુઆનિયા, મલેશિયા, પેરાગ્વે, મોન્ટેનેગ્રો, કતાર, યુએઇ, સોમાલિયા અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ✓ ભારત સહિત તમામ દેશો જાન્યુ. 2022થી 3 વર્ષ સુધી સેવા આપશે.
- ✓ UNHRCનું લક્ષ્ય વિશ્વભરમાં માનવ અધિકારોનું રક્ષણ અને પ્રોત્સાહન આપવાનું છે.

❖ ટેનિસ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ

- ✓ ટેનિસમાં કુલ 4 મહત્વની ઇવેન્ટ્સ છે. જે દર વર્ષે યોજાય છે અને તે ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપ કહેવાય છે.
  - ઓસ્ટ્રેલિયન ઓપન : મેલબોર્નમાં હાર્ડકોર્ટ પર યોજાઇ છે. (જેની શરૂઆત 1905થી થઇ)
  - ફ્રેન્ચ ઓપન : મેના અંત અને જુનની શરૂઆતમાં પેરિસમાં કલે કોર્ટ પર યોજી છે. (જેની શરૂઆત 1891 થી)
  - વિમ્બલડન : જૂનના અંત અને જુલાઇની શરૂઆતમાં લંડનના વિમ્બલડનમાં ઓલ ઈંગ્લેન્ડ કલબ તેનું આયોજન કરે છે જે ગ્રાસ કોર્ટ પર યોજાય છે. (જેની શરૂઆત 1877 થી)
  - યુ. એસ. ઓપન : વર્ષના અંતમાં ઓગસ્ટના છેલ્લા સોમવારથી શરૂ થાય છે અને સપ્ટેમ્બર સુધી યોજાય છે. ન્યુયોર્કમાં હાર્ડકોર્ટ પર યોજી છે. (જેની શરૂઆત 1881માં થઇ હતી)

❖ 2021 ગ્રાન્ડ સ્લેમ વિશે

- ✓ 2021ની યુએસ ઓપન – રશિયન ખેલાડી ડેનિલ મેટ્રેદેવ દ્વારા જીતવામાં આવી.
- ✓ 2021 ની અન્ય ત્રણેય – ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન 'નોવાક જોકોવિચે' જીતી.
- ✓ આ ગ્રાન્ડ સ્લેમમાં મહિલા વિજેતાઓમાં
  - નાઓમી ઓસકા (ઓસ્ટ્રેલિયન ઓપન)
  - બાર્બોરા રેજીકોવા (ફ્રેન્ચ ઓપન)
  - એસ્લેબર્ટી (વિમ્બલડન)
  - એમા રાડુકાનું (યુએસ ઓપન)નો સમાવેશ થાય છે.

❖ શીપ ટુ શીપ (StoS) LPG ઓપરેશન

- ✓ કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા LPG (લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ)નું શીપ ટુ શીપ ઓપરેશન હાથ ધર્યું હતું.

- ✓ હલ્દિયા ડોક કોમ્પ્લેક્સ (HDC) પર 44,551 MT (મેટ્રિક ટન) કાર્ગોના પાર્સલ લોડ સાથે મધર શીપ –MTYUSHAN (યુશાન) એ ડોટર શીપ MTHAMPSHIRE (હેમ્પશાયર)માં 17 કલાકના સમયમાં 23,051 MT કાર્ગોનો જથ્થો હસ્તાંતરણ કર્યો.
- ✓ આ પ્રકારની પદ્ધતિથી પૈસા, સમય અને મુસાફરીમાં બચાવ થાય છે.
- ✓ મધર શિપ એટલે – જે જહાજમાં જથ્થો ભરેલ હોય તે
- ✓ ડોટર શિપ એટલે – જે જહાજમાં જથ્થો ખાલી કરવાનો હોય તે.

❖ Return on Investment in Sexual and Reproductive Health of Adolescerts.

- ✓ રાજસ્થાનમાં કિશોરોના યૌન અને પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત 'સેકસયુલ અને રિપ્રોડક્ટિવ હેલથમાં રોકાણ પર વળતર' નામના અભ્યાસનાં તારણો બહાર પાડવામાં આવ્યા.
- ✓ કિશોર અર્થાત 10થી 19 વય જૂથનું એક સમૂહ જે વિકાસના વિવિધ તબક્કે છે તથા દરેક તબક્કે જુદી જુદી પરિસ્થિતિમાં જુદી જુદી જરૂરીયાતો ધરાવે છે.
- ✓ રાજસ્થાન સરકારનો આ અભ્યાસ યુવાવસ્થામાં તથા કિશોરાવસ્થામાં પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત થતાં આર્થિક અને સ્વાસ્થ્ય લાભોની તપાસ કરવા અંગેનો છે.
- ✓ આ અહેવાલના આધારે ગર્ભનિરોધકોની સેવાઓ વધારવાની સંભાવના સાથે રાજ્યમાં સાપ્તાહિક ફોલિક એસિડ સપ્લિમેન્ટ અને માસિક સ્વચ્છતા યોજનાઓને સમાવિષ્ટ કરવામાં આવી છે.
- ✓ ભારતમાં દર પાંચમો વ્યક્તિ કિશોર વયનો છે. જ્યારે રાજસ્થાનમાં રાજ્યની 23% વસ્તી કિશોર વયની છે. જે કિશોરાવસ્થામાં જ બાળલગ્ન અને ગર્ભાવસ્થાના જેવી ગંભીર સમસ્યાઓ સામે લડી રહ્યું છે.
- ✓ 10-19 વર્ષની કિશોરવસ્થાની માતાઓ ઉચ્ચ વય જૂથની મહિલાની સાપેક્ષમાં એકલેમ્પસિયા, પયુરપેરલ એન્ડોમેટ્રિટિસ (ગર્ભાશય ચેપ) અને અન્ય ચેપી રોગોનો શિકાર થવાની શક્યતાઓ વધારે દર્શાવે છે.
- ✓ રાંજસ્થાન સરકાર શૂન્ય કિશોર ગર્ભાવસ્થા અભિયાન હેઠળ રાજ્યમાં કિશોરાવસ્થામાં પ્રેગ્નેન્સી વિશેની જાગૃતિ લવી તેણે સમાપ્ત કરવા તરફના પ્રયાસો કરે છે.
- ✓ વિશેષત: આ જ ક્ષેત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા કિશોર મૈત્રીપૂર્ણ આરોગ્ય સેવા કાર્યક્રમ નામક અભિયાન પણ ચલાવે છે.

❖ વડાપ્રધાને નવી સાત સંરક્ષણ કંપનીની સ્થાપના કરી.

- ✓ OFB (શાસ્ત્ર નિર્માણ લોર્ડ - Ordnance Factory Board) દ્વારા સરકાર પાસેથી 100% સરકારી માલિકીની કોર્પોરેટ સંસ્થાઓ બનાવી સંરક્ષણ ક્ષેત્રે દેશને અગ્રિમતા અપાવવા આ કંપનીઓની રચના કરી.
- ✓ આ કંપનીઓ
  - ઈન્ડિયા એપલ લિમિટેડ
  - એડવાન્સ વેપન્સ એન્ડ ઇક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ
  - ટ્રુપ કૈફ્ટર્સ ઈન્ડિયા લિમિટેડ
  - અવની આર્મર્ડ વ્હીકલ્સ
  - મ્યુનિશન ઈન્ડિયા લિમિટેડ
  - યંત્ર ઈન્ડિયા લિમિટેડ
  - ગ્લાઈડર્સ ઈન્ડિયા લિમિટેડ

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ઓનલાઈન જુગાર અને સટ્ટાને પ્રોત્સાહન આપવાના આરોપ સાથે કર્ણાટકમાં DREAM 11 ગેમ પર પ્રતિબંધ મૂકાયો.
- ✓ ચીન સરકારની ઇન્ટરનેટ પરની સેન્સરશીપનો વિસ્તાર પડકારજનક હોવાના કારણ સાથે માઇક્રોસોફ્ટ કંપનીએ ચીનમાં તેનું સોશિયલ મિડિયા પ્લેટફોર્મ Linkedin ભવિષ્યમાં બંધ કરવાનું નક્કી કર્યું.
- ✓ કેન્યાના એથ્લેટ એલિશા રોટિચ (પુરુષ) અને ઇથોપિયાની ટિજિસ્ટ મેમુયે (મહિલા)એ પેરિસ મેરેથોન રેસ જીતી. આ રેસમાં 145 દેશોના 60000 ઉમેદવારોએ ભાગ લીધો હતો.
- ✓ ગુજરાત વિધાપીઠની સ્થાપનાને 100 વર્ષ પૂર્ણ. 18 ઑક્ટોબર 1920ના રોજ મહાત્મા ગાંધીએ તેણી સ્થાપના અમદાવાદમાં કરી હતી. વર્ષ 1963માં તેને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો અપાયો હતો. ગુજરાત. વિધાપીઠના પ્રથમ કુલપતિ મહાત્મા ગાંધી, હાલનાં કુલપતિ – ઇલાબેન ભટ્ટ.
- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન એરોસ્પેસ અને ડિફેન્સના ક્ષેત્રમાં એક્સપર્ટ ગણાતા ભારતીય મૂળના રવિ ચૌધરીનું નામ પેન્ટાગોનના ઉચ્ચ પદ પર નોમિનેટ કર્યું.
- ✓ કેન્દ્ર સરકારે અબોર્શન સંબંધિત નવા નિયમો અનુસાર ગર્ભપાતનો સમય વધારીને 24 સપ્તાહ કર્યો.
- ✓ સત્યા નડેલા ગ્લોબલ બિઝનેશ સસ્ટેનેબિલીટી લીડરશિપ માટેનો પ્રતિષ્ઠિત 'સી. કે. પ્રહલાદ' પુરસ્કાર 2021થી સન્માનિત.
- ✓ તાજેતરમાં ચર્ચિત ગ્રીન કેકર્સ નિયમ વાયુ પ્રદૂષણ સાથે સંબંધિત છે.
- ✓ હરિયાણા સરકારે રાજ્ય સરકારના સરકારી કર્મચારીઓને રાજનીતિ તથા ચૂંટણીમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો.
- ✓ તમિલનાડુ સરકારે મંદિરનાં આભૂષણોને ઓગાળવાની યોજના જાહેર કરી.
- ✓ 'રશ્મિ માધુરી'એ 'મિસ અર્થ ઈન્ડિયા 2021'નો ખિતાબ જીત્યો.
- ✓ વારાણસી રોપવે સેવાનો ઉપયોગ કરનાર પ્રથમ ભારતીય શહેર બન્યું.
- ✓ 18 ઓકટોબરના રોજ World Menopause Day (રજોનિવૃતિ દિવસ) ઉજવાયો. દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય રજોનીવૃતિની બાબતમાં જાગરૂકતા લાવવાનો છે. વર્ષ 2021ની થીમ 'બોન હેલ્થ' (BoneHealth)

**19 ઓકટોબર**

- ❖ ડૉ. વિવેક લાલને લાઈફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ
  - ✓ ભારતીય વિજ્ઞાની ડૉ. વિવેકા લાલને દુબઈમાં રિટોસા ફેમીલી સમીટ્સમાં એવોર્ડ અપાયો છે.
  - ✓ વિવેક લાલ ભારત-અમેરિકા રક્ષા વ્યાપારને આગળ વધારવા તથા જરૂરીએ બંને દેશ વચ્ચેના રક્ષા કરારોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
  - ✓ તેમણે આ ક્ષેત્રમાં 'ઉત્કૃષ્ટ વિઝન સમર્પણ અને સફળતા માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
  - ✓ આ એવોર્ડ પ્રસંગે યુનાઇટેડ આરબ અમીરાતના શાસક પરિવારના સભ્ય અને યુવા બિઝનેસ ટાયકૂન શેખ મોહમ્મદ બિન અહમદ બિન હુમદા ન અલ નહાન અને કિંગ હીરોલ્ડની પુત્રી તથા નૉર્વેના રાણી-સોન્જા રાજકુમારી માર્યા લુઈસ પણ હાજર રહ્યા હતા.

❖ ભારતના ડ્રોન ક્ષેત્રમાં થેલ્સ કંપની 1 અરબ ડોલરનું રોકાણ કરશે.
  - ✓ થેલ્સ એ ફ્રાન્સની રક્ષા અને એરોસ્પેસ કંપની છે. જે પાંચ વર્ષના સમય માટે આ રોકાણ કરશે.
  - ✓ આ રોકાણ હેઠળ નવા ડ્રોનનું નિર્માણ, આયાત નિકાસ તથા ખરાબીના સમયે તેનું સમારકામ તમામ બાબતો પર કંપની કમ કરશે.
  - ✓ હાલ ભારતમાં 6 લાખ ડ્રોન છે અને થેલ્સ આગામી 5 થી 8 વર્ષમાં તેની સંખ્યા 6 ગણી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

❖ ક્રિકેટર ઋષભ પંતે રારિયો સાથે કરારો કર્યા.
  - ✓ ભારતીય વિકેટ કીપર અને દિલ્લી કેપિટલ્સના કેપ્ટન ઋષભપંતે ક્રિકેટ NFT પ્લેટફોર્મ રારિયો સાથે કરાર કર્યા.
  - ✓ રારિયો વિશ્વનું પ્રથમ લાઇસેન્સ પ્રાપ્ત ક્રિકેટ ક્ષેત્રનું ડિજિટલ મંચ છે જેમાં પ્રશંસકો તેમની પસંદગીના ક્રિકેટરો અને આંતરરાષ્ટ્રીય લીગને ખરીદી શકે છે અને વેપાર કરી શકે છે.
  - ✓ NFT = નોન ફજીબલ ટોકન

❖ ટાટા  AIGએ RPAS વીમા યોજના શરૂ કરવાની જાહેરાત કરી
  - ✓ RPAS - રિમોટલી પાયલટેડ એયરક્રાફ્ટ સિસ્ટમ
  - ✓ ટાટા  AIG જનરલ ઈન્સ્યોરન્સ કંપની અને ડીપ-ટેક સ્ટાર્ટઅપ TROPOGO સાથે મળી આ યોજના પર કામ કરશે.
  - ✓ ટાટા AIG ડ્રોન માલીકો અને ઓપરેટરો દ્વારા સામનો કરવામાં આવતા વિવિધ જોખમોને સમજ્યા માટે 'ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા સાથે નજીકથી સંકળાયેલા છે અને આ વીમા હેઠળ બોડી લોસ, નાઈટ ફ્લાઇંગ, ડેટા લોસ જેવી તમામ બાબતોને આવરી લેવામાં આવશે.

❖ ભારતનું પ્રથમ સામાજિક ક્રિપ્ટો ટોકન ચિંગારીનું 'SGARI' લોન્ચ થયું.
  - ✓ ભારતીય શોર્ટ વિડીયો શેરિંગ પ્લેટફોર્મ ચિંગારીએ 30 થી વધુ વેન્ચર ફંડસ અને વ્યક્તિગત રોકાણકારો પાસેથી 19 મિલિયન ડોલરથી વધુનું ભંડોળ મેળવ્યું.
  - ✓ સોશિયલ ટોકન એપ, ચિંગારી એ ફિલ્મ સ્ટાર્ટ અને ચિંગારીના બ્રાન્ડ એમ્બ્રેસેડર સલમાન ખાનના હસ્તે મુંબઇ ખાતે SGARI લોન્ચ કર્યું અને ચિંગારી પ્રથમ ભારતીય સોશિયલ નેટવર્ક છે જેણે ક્રિપ્ટો ટોકન્સ જાહેર કર્યા હોય એવો દાવો કરાયો છે.

❖ આંદામાનના માઉન્ટ હેરિયટનું નવું નામ માઉંટ મણિપુર
  - ✓ મણિપુરના સ્વાતંત્ર્ય સૈનિકોને શ્રદ્ધાંજલિના રૂપમાં કેન્દ્ર સરકારે આંદામાન નિકોબાર ટાપુ પર આવેલ દ્વીપ શિખર માઉન્ટ હેરિયટનું નામ બદલીને માઉન્ટ મણિપુર રાખવા નિર્ણય કર્યો.
  - ✓ માઉન્ટ હેરિયર આંદામાન નિકોબાર દ્વીપ સમૂહમાં ત્રીજું સૌથી ઊંચું શિખર છે. જ્યાં મણિપુરના મહારાજા કુલચંદ સિંહ અને અન્ય 22 સ્વતંત્રતા સેનાનીઓ એંગ્લો-મણિપુર યુદ્ધ દરમિયાન કેદ થયા હતા.

❖ બ્રિટનની ટ્રેનમાં લાઈવ યોગા
  - ✓ બ્રિટનની હિથ્રો એક્સપ્રેસ ટ્રેનમાં લાઈવ યોગા શરૂ કરવામાં આવ્યા અને આ પ્રકારની શરૂઆત વિશ્વમાં પ્રથમ માનવામાં આવે છે.
  - ✓ આ કાર્યક્રમ હેઠળ યોગા એક્સપર્ટ સેલેસ્ટ પરેરાએ 12 મિનિટના સિટીંગ યોગામી થીમ શરૂ કરી છે.

- ✓ બ્રિટનમાં થયેલા એક સર્વે મુજબ ટ્રેનની મુસાફરી દરમિયાન મુસાફરો સતત ટ્રેસ અનુભવ કરી રહ્યા છે. તેમનો ટ્રેસ દૂર કરવા માટે યોગાની મદદ લઇ ટ્રેનમાં જ તેમના શરૂઆતથી ગંતવ્ય સ્થાન સુધી યોગા કરાવવામાં આવશે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ અમદાવાદ સાયન્સ સિટી ખાતે દક્ષિણ આફ્રિકાથી 6 પેંગ્વિન લાવવામાં આવ્યાં. જેમના માટે સાયન્સ સિટી ખાતે એકવાટિક ગેલેરી અને રોબોટિક્સ ગેલેરી ખાતે 1 થી માઇનસ 7 ડિગ્રી તાપમાન ધરાવતું શેલ્ટર હોમ તૈયાર કરવામાં આવ્યું છે.
- ✓ ફ્રોડ ક્લાસિફિકેશનના નિયમોનું યોગ્ય પાલન ન કરી ફ્રોડનું પર્યાપ્ત રિપોર્ટિંગ ન કરવા બદલ RBI એ દેશની મોટી બેંક SBIને 1 કરોડનો દંડ ફટકાર્યો.
- ✓ અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી (પ્રથમ અશ્વેત) અને જોઇન્ટ ચીફ ઓફ સ્ટાફના અધ્યક્ષ કોલિન પાવેલનું કોરોનાથી નિધન.
- ✓ છત્તીસગઢ સરકારે ચા, કોફીની ખેતીને પ્રોત્સાહિત કરવા માટે એક બોર્ડની રચના કરવાની જાહેરાત કરી.
- ✓ દિલ્લીમાં વાહનોથી થતા પ્રદૂષણને અટકાવવા ઇ-વ્હિકલ ને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે ઇ-ઓટો પરમિટની ઓનલાઈન રજીસ્ટ્રેશન 33% મહિલાઓ માટે અનામત રાખવાનો નિર્ણય.
- ✓ નિર્દેશક – નિર્માતા ઇમ્તિયાજ અલી ભારતમાં રશિયા ફિલ્મ મહોત્સવના ઍમ્બેસેડર નિયુક્ત. ઉત્સવના ભાગ રૂપે અલગ અલગ 10 રશિયન ફિલ્મોને ભારતીય દર્શકો માટે ડિજની + હોટ સ્ટાર પર પ્રિમિયર કરવામાં આવશે.
- ✓ નવરંગ સૈનીને ઇનસોલ્વનસી એંક બેંક રપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા અધ્યક્ષ તરીકે (IBBI) વધારાનો ચાર્જ અપાયો.
- ✓ દિવ્યા દેશમુખ બની ભારતની 21મી મહિલા ગ્રાન્ડ માસ્ટર (WGM). (ગ્રાન્ડ માસ્ટર - ચેસની રમત)

**20 ઓક્ટોબર**

- ❖ ભાસ્કરબદાને સત્તાવાર આસામ કેલેન્ડરમાં ઉમેરવામાં આવશે.
  - ✓ આ કેલેન્ડરની ગણતરી કામરુપ (આસામ)ના 7મી સદીના શાસક અને હર્ષવર્ધનના સમકાલીન ભાસ્કરવર્મનના સ્વર્ગ રોહણની તારીખથી થાય છે.
  - ✓ આસામ સરકાર આ કેલેન્ડરમાં દર વર્ષે વન્યજીવન, છોડ, સંસ્કૃતિ, ભોજન અને આસામના અન્ય પાસાં આધારિત થીમ પણ આપવામાં આવશે.
  - ✓ ગ્રેગોરિયાન કેલેન્ડર કે જેમાં દિવસની શરૂઆત મધ્યરાત્રિએ શરૂ થાય છે જ્યારે આસામના ભાસ્કરબદામાં સૂર્યોદય સમયે જ દિવસની શરૂઆત ગણવામાં આવે છે.
  - ✓ ભાસ્કરબદા અને ગ્રેગોરિયાન વચ્ચેનું અંતર 593 વર્ષ છે.
- ❖ B S યેદિયૂરપ્પાને 'સુપર કોરોના વોરિયાર' પુરસ્કાર
  - ✓ કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી BS યેદિયૂરપ્પાને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
  - ✓ COVID-19 મહામારીને રોકવા બદલ તેમણે આપેલા યોગદાન માટે આ સન્માન તેમને અપાયું. તેઓ તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન બે વખત સંક્રમિત થયા હતા.

- ✓ આ ઉપરાંત કર્ણાટકાના હોણાલી ખાતે થયેલ આ સન્માન કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીઓ, આશા કાર્યકરો, આંગણવાડી કાર્યકરો સહિત 5200 જેટલા કોરોના યોદ્ધાઆને સન્માનિત કરવામાં આવ્યા હતા.

❖ રેલવે બોર્ડ IRSDC ને બંધ કરવાની જાહેરાત કરી.
- ✓ IRSDC - Indian Railway Station Development Corporation
- ✓ IRSDCની સ્થાપના દેશભરમાં સ્ટેશનોના પુનર્વિકાસ માટે કરવામાં આવી હતી.
- ✓ 2021માં 7 સપ્ટેમ્બર ઇન્ડિયન રેલવે ઓર્ગેનાઇઝેશન ફોર અલ્ટરનેટિવ ફ્યુલ (IROAP) બંધ થયા બાદ રેલ મંત્રાલય દ્વારા બંધ થનાર IRSDC બીજું સંગઠન છે.

❖ ભારત 75 લોકશાહી દેશોના 'જનરલ નેક્સ્ટ' નેતાઓનું આયોજન કરશે.
- ✓ ICCR–Indian Council for Cultural Relations ના ડૉ. વિનય સહસ્ત્રબુદ્ધના જણાવ્યાનુસાર આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે ભારત જનરલ નેક્સ્ટ ડેમોક્રેટિક નેટવર્ક પહેલ હેઠળ 75 લોકશાહીના યુવા નેતાઓનું આયોજન કરશે.
- ✓ આ આયોજનમાં શાસક પક્ષ, વિપક્ષ, અન્ય મુખ્ય પક્ષમાંથી 55 વર્ષથી ઓછી ઉમરના યુવા નેતાને આમંત્રણ આપવામાં આવશે.
- ✓ આયોજનની પ્રથમ બેચમાં ભૂતાન, શ્રીલંકા, બંગલાદેશ, જાપાન, ઇન્ડોનેશિયાના નેતાઓ સામેલ થશે.
- ✓ આ આયોજનનું ઉદ્ઘાટન 25 નવેમ્બર, 2021ના રોજ થશે.

❖ 20 ઓક્ટોબર : World Statistics Day (વિશ્વ આંકડા દિવસ)
- ✓ UNના Statistical Commission દ્વારા આ દિવસની ઉજવણી થાય છે જે દર પાંચ વર્ષે કરવામાં આવે છે.
- ✓ આ દિવસ પ્રથમ વખત વર્ષ 2010માં માનવાયો હતો.
  - યાદ રાખો : રાષ્ટ્રીય આંકડા દિવસ – 29 જૂન (પ્રો. પ્રશાંતચંદ્ર મ્હાલનોબિસનો જન્મદિન)

❖ અમેરિકાએ શરૂ કર્યો ફેલોશિપ પ્રોગ્રામ
- ✓ અમેરિકાએ સાયન્સ ફીલ્ડમાં પ્રતિભાશાળી ભારતીય મૂળની મહિલાઓને ચંદ્ર પર લઈ જવા આ પ્રોગ્રામ શરૂ કર્યો.
- ✓ આ પ્રોગ્રામ ભારતીય મૂળના એસ્ટ્રોનોટ કલ્પના ચાવલાની યાદમાં તેમના મિત્રોએ શરૂ કર્યો છે.
- ✓ વર્ષ 2021માં આ પ્રોજેક્ટ હેઠળ ટ્રેનિંગ માટે પાંચ ભારતીય મહિલાઓ 1) રિયલ અભંગ 2) સુરોરાના પાટિલ 3) ડૉ. સરસ્વતીદાસ 4) મોનિકા એકલ 5) ડૉ. ગરિમા પટેલની પસંદગી કરાય છે.

❖ દુબઈ દ્વારા જમ્મુ-કાશ્મીરમાં આધારભૂત સંરચના સ્થાપિત કરવા ભારત સાથે કરારો કર્યા.
- ✓ દુબઈ દ્વારા થયેલા આ કરાર જમ્મુ કાશ્મીરની સ્વતંત્રતા રદ કર્યા બાદ (કલમ 370) સંવેદનશીલ વિસ્તારમાં કોઈ વિદેશી સરકારે કરેલું પ્રથમ રોકાણ છે.
- ✓ દુબઈ ઉધોગિક પાર્ક, IT ટાવરો, મેડિકલ કોલેજ, હોસ્પિટલ સહિતની સુવિધાઓ માટે કામ કરશે.

❖ 20 ઓક્ટોબર: World Osteoporosis Day (વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ)
- ✓ શરીરમાં ખનિજ તત્વોની ઉણપથી હાડકાં સાથે જોડાયેલી ઓસ્ટીયોપોરોસીસ એક બિમારી છે જેમાં હાડકાં નબળાં પડે છે અને તૂટી જાય છે.
- ✓ આ દિવસની શરૂઆત 1996માં યુનાઇટેડ કિંગડમના નેશનલ ઓસ્ટીયોપોરોસીસ સોસાયટી દ્વારા કરાઇ હતી.
- ✓ વર્ષ 2021ની થીમ - સર્વ અપ બોન સ્ટ્રેન્થ

- ✓ આ રોગમાં સામાન્ય છીંક દરમિયાન પણ હાડકાં તૂટવાની સંભાવના રહેલી છે તથા પ્રારંભિક તબક્કામાં તેના લક્ષણો ઓછા જોવા મળતા હોવાથી તેને મૌન રોગ (Silent Disease) પણ કહેવાય છે.

❖ 20 ઓક્ટોબર : અભિધમ્મ દિવસ

- ✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય, આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ ઉત્તર પ્રદેશે સાથે મળીને અશ્વિન પૂર્ણિમાના (શરદ પૂર્ણિમા)ના દિવસે કુશીનગર ખાતે આ દિવસનું આયોજન કર્યું.
- ✓ આ કાર્યક્રમમાં શ્રીલંકાના વસ્કદુવા શ્રી સુબુદ્ધિ રાજવિહાર મંદિરથી બુદ્ધના લવાયેલા અવશેષનું પ્રદર્શન મહત્વનો ભાગ ભજવશે.
- ✓ કુશીનગર ગૌતમ બુદ્ધનું અંતિમ વિશ્રામ સ્થળ છે જ્યાં તેમને તેમના મૃત્યુ બાદ મહાપરિનિર્વાહની પ્રાપ્તિ થઇ હતી.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ભારત પુખ્તવયના 75% લોકોને સિંગલ ડોઝ આપીને દુનિયાના સૌથી સુરક્ષિત દેશોમાં સામેલ.
- ✓ 86% સાથે ગોવા ગુનાઓની તપાસ બાબતે દેશમાં સૌથી ઉપર. 2020માં આ જ અંક 93% હતો જે 2021માં 86% થયો. 2020માં ગોવામાં  34 ખૂન કેસની સામે 2021માં 16 જ ખૂન કેસ સામે આવ્યા.
- ✓ આતંકીઓને નાણાં ઉપલબ્ધ કરાવનારાઓ પર નિયંત્રણ કરનાર વૈશ્વિક સંગઠન FATF દ્વારા એપ્રિલ 2022 સુધી પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય કર્યો.
- ✓ ઉત્તર પ્રદેશની 2022ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે 40% ટિકિટ મહિલાઓને આપવાની જાહેરાત કરી.
- ✓ ગુજરાત રાજ્ય સરકારે રાજકોટ, જામનગર, જુનગાઢ અને પોરબંદરમાં અતિવૃષ્ટિથી તારાજી માટે ખેડૂતોને હેક્ટરદીઠ 13,000ની સહાય આપવાની જાહેરાત કરી.
- ✓ મેરિલબોન ક્રિકેટ કલબ (MCC– લંડન) દ્વારા 18 માનદ આજીવન સભ્યનાં નામ જાહેર થયા જેના ભારતના પૂર્વ પેસર જવાગલ શ્રીનાથ અને સ્પિનર હરભજન સિંહનો સમાવેશ થયો.
- ✓ ભારતીય ક્રિકેટ ટીમના સુકાની વિરાટ કોહલીના વેક્સ સ્ટેચ્યૂ (મીણનું પૂતળું) દુબઈના મશહૂર મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં મૂકવામાં આવ્યું. અગાઉ 2018માં લંડનના મેડમ તુસાદ મ્યુઝિયમમાં કોહલીનું આવું જ સ્ટેચ્યૂ મુકાયું હતું.
- ✓ ન્યુઝીલેન્ડના ક્રિકેટ અમ્પાયર 'ફ્રેડ ગુંડાલ'નું નિધન. તેઓ અનેક ક્રિકેટ મેચમાં થયેલા વિવાદોના કારણે વિવાદાસ્પદ અમ્પાયર તરીકે ઓળખાતા હતા.
- ✓ ઇન્ટરનેશનલ બોક્સિંગ ફેડરેશન (AIBA) મેન્સ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પરંપરાગત રેડ અને બ્લૂના સ્થાને 'વ્હાઇટ' ગલવ્ઝનો ઉપયોગ કરશે. જેને વિવાદોથી દૂર રમતમાં એક નવી શરૂઆતના પ્રતીક રૂપ મનાય છે.
- ✓ વડાપ્રધાન મોદીના સતામાં 20 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કૌશંબીની પાંચ વિધાન સભાઓમા પ્રચારાર્થે 'મોદી વાન'ને લીલી ઝંડી આપી. આ વાનમાં હાઇસ્પીડ ઇન્ટરનેટ સર્વિસ અને 32 ઇંચના ટેલિવિઝન પર PMના 'મન  કી બાત' કાર્યક્રમનું પ્રસારણ થશે.
- ✓ આદિત્ય બિરલા સન લાઇફ AMC ના CEO એ બાલા સુબ્રમાણ્યમને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના AMFI (મ્યુચ્યુઅલ ફંડ એસોસીએશન)ના અધ્યક્ષ નિયુક્ત કર્યા.

- ✓ બજાજ સમૂહ (BAJAJ) દ્વારા ગોપાલ અગ્રવાલને કાર્યકારી નિર્દેશક – નાણા તરીકે નિયુક્ત કર્યા.
- ✓ સંયુક્ત રાજ્ય અમેરિકા અને યુરોપના વિશેષજ્ઞોના એક આંતરરાષ્ટ્રીય ટીમ દ્વારા નેચર કમ્યુનિકેશનમાં કરેલા સંશોધનમાં ધમનીઓમાં જનીનના ફેરફાર તથા જનીન સંબંધિત કાર્યને નિયંત્રિત કરતી ત્રણ નવા આનુવંશિક રૂપો 'ફ્રાઇબ્રોમસક્યુલર ડિસપ્લેસિયા'ની જાણકારી મેળવી. જે હૃદયરોગ સંબંધિત ગંભીર સ્થિતિનું નિર્માણ કરી શકે છે.
- ✓ IRCTC ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ 2021ની 1 ટ્રિલિયન બજાર મૂડીને પાર કરનાર નવમી PSU બની.
- ✓ ઉત્તર કોરિયાએ સિનપો નજીકથી તેના પૂર્વીય તટ પરથી દુનિયાની સૌથી શક્તિશાળી કહેવાતી બેલેસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કર્યું.

**21 ઓક્ટોબર**

- ❖ પંડિત દિનદયાલ પોર્ટ ખાતે પરિયોજનાઓની શરૂઆત
  - ✓ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ગુજરાતના કંડલા ખાતેના પંડિત દિનદયાલ પોર્ટ ખાતે રૂ. 275 કરોડની પરિયોજનાઓ માટેની શરૂઆત કરી.
  - ✓ આ પરિયોજનાઓમાં ગોદામ, ઓઇલ જેટ્ટી, અલગ અલગ પ્રકારના ટ્રકો માટે પાર્કિંગ તથા પાઇપલાઇન નેટવર્કનું આધુનિકીકરણ સામેલ છે.
- ❖ સૂડાન અને મિશ્ર વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ
  - ✓ ઈજિપ્ત (મિશ્ર) અને સુદાનની સશસ્ત્ર દળોએ ઉત્તરી ઈજિપ્તમાં સંયુક્ત કવાયત હાથ ધરી જેમાં ઈજિપ્તની સરહદ રક્ષકો અને સરહદ સુરક્ષા માટે તાલીમ પામેલા સુદાનના પાયદળનો સમાવેશ થાય છે.
  - ✓ તાલીમના પ્રથમ તબક્કામાં સરહદ સુરક્ષા જાળવવા અને સરહદ પાર દાણચોરી અને ઘુષણખોરી સામે લડવા માટે ઉપયોગમાં લેવાતા હથિયારો, ઉપકરણો અને સાધનોનું પ્રદર્શન સામેલ છે.
  - ✓ ઈજિપ્ત – સુદાનની લશ્કરી તાલીમનો ઉદ્દેશ્ય "ઈજિપ્ત અને સુદાનની સશસ્ત્ર દળો વચ્ચે સંયુક્ત કાર્ય વિકસાવવાનો છે.
  - ✓ ઈજિપ્ત સૈન્યના પ્રવક્તા – ગરીબ અબ્દેલ – હાફેઝ
- ❖ ગૌતમ અદાણી અને UK PMની મુલાકાત, સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે 70 અરબ ડોલર આપવાની જાહેરાત
  - ✓ અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણીએ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં UK ના PM બોરિસ જોનસન સાથેની મુલાકાતમાં સુર્ય, પવન અને હાઇડ્રોજન ($H_2$) તથા એ સિવાયના ઊર્જા ઉત્પાદન ક્ષેત્રોમાં 70 બિલિયન અમેરિકી ડોલરના રોકાણની જાહેરાત કરી.
  - ✓ ગૌતમ અદાણીએ આબોહવા પરિવર્તન સામેની લડાઈ ન્યાયપૂર્ણ અને વ્યાવહારિક નીતિઓ સાથે લડવાનો મંત્ર આપ્યો અને યુકે સરકારને આ ક્ષેત્રમાં લક્ષ્યો અને એજન્ડા નક્કી કરવા માટે હાંકલ કરી.
- ❖ NASAનું 'ગામા-રે' ટેલિસ્કોપ
  - ✓ અમેરિકન અંતરિક્ષ એજન્સી NASA (National Aeronautics and Space Administration)એ આકાશગંગામાં સ્થિત તારાના જન્મ, મૃત્યુ તેમજ તેમાં રહેલા રાસાયણિક તત્વોના નિર્માણ બાબતનો ઇતિહાસ જાણવા માટે નવા ટેલિસ્કોપ 'ગામા-રે' નો પ્રસ્તાવ રાખ્યો.

- ✓ કોમ્પટન સ્પેક્ટ્રોમીટર અને ઇમેજર (COSI) નામનું ગામા ટેલિસ્કોપ 2025માં લોન્ચ થવાની સંભાવના છે.
- ✓ આ મિશન આપણી ગેલેક્સી (આકાશગંગા)ના પોઝીટ્રૉનની રહસ્યમય ઉત્પતિની તપાસ કરશે. જેને એન્ટીઇલેક્ટ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ✓ એન્ટીઇલેક્ટ્રોન એ સબટોનિક કણો છે જે ઇલેક્ટ્રોન જેવો જ સમૂહ ધરાવે છે પરંતુ સકારાત્મક ચાર્જ (PositiveCharge) ધરાવે છે.

❖ 21 ઓક્ટોબર : પોલિસ સ્મૃતિ દિવસ
- ✓ 21 ઓક્ટોબર, 1959ના દિવસે લદ્દાખમાં ભારત – તિબેટની સરહદે તૈનાત ટુકડી પર અચાનક થયેલા ચીની સૈનીકોના આક્રમણ સામે બહાદૂરી પૂર્વક લડતાં 10 જવાનો વીરગતિ પામ્યા હતા. તેમની યાદમાં વર્ષ 1960થી આ દિવસ મનાવાય છે.
- ✓ યાદ રાખો : 15 માર્ચ - પોલીસ ક્રૂરતા વિરોધી આંતરરાષ્ટ્રીય દિવસ.

❖ બ્રહ્માપુત્રા નદી નીચે બનાવાશે ટનલ (બોગદું)
- ✓ આસામ ખાતે આ બોગદું બનાવવામાં આવશે.
- ✓ આ બોગદું ઉત્તરમાં જામુગુરિહાટથી દક્ષિણના સિલ્હાટ સુધી વિસ્તરેલું હશે.
- ✓ આ બોગદાનો ઉદ્દેશ્ય ભારત-ચીન સરહદે મુશ્કેલીના સમયમાં ભારતીય સૈન્યના જવાનોની એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી હેરફેર કરી શકવાનો છે.
- ✓ ભારત માટે આ બોગદાંનું મહત્વ એટલા માટે આંકવામાં આવે છે કેમકે ચીન-ભારતની આસામ નજીકની સરહદે ભારત પાસે ‘બોમ્ડીલા ઘાટ’ નજીક માત્ર એક જ રસ્તો છે જે સૈન્ય તથા જરૂરી સામગ્રીની હેરાફેરી માટે વાપરી શકાય છે, પરંતુ ચીન પાસે આવા પાંચ માર્ગો છે.

❖ ઇઝરાયેલમાંથી Covid-19નો ડેલ્ટા વેરિયંટ ‘AY 4.2’ નો પ્રથમ કેસ મળ્યો.
- ✓ આ કેસ બંને ગુરિયાન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોલ્ડોવાથી પરત આવેલા 11 વર્ષના છોકરામાં જોવા મળ્યો.
- ✓ ડેલ્ટા પ્લસથી ઓળખાતા AY.4.2માં થતા નવા પરિવર્તનો વાઇરસને લાંબો સમય જીવિત રાખે છે.

❖ પાકને બાળીને થતાં ઉત્સર્જનની બાબતમાં ભારત મોખરે
- ✓ વર્ષ 2015 થી 2020 સુધીની માહિતીના આધારે ભારત આ બાબતમાં વિશ્વમાં 13% હિસ્સો ધરાવે છે.
- ✓ આ માહિતી ક્લાયમેટ ટેક સ્ટાર્ટઅપ બ્લૂ સ્કાઇ એનાલિટિક્સ દ્વારા આપવામાં આવી છે જે વૈશ્વિક ગઠબંધન ‘કલાઈમેટ ટ્રેસ’નો એક હિસ્સો છે.
- ✓ બ્લૂ સ્કાઇના રિપોર્ટ અનુસાર 2020માં કોપલેન્ડ (જમીન પાકો)ને ફાયર ઉત્સર્જનની બાબતમાં 12.2% યોગદાન ભારતનું હોવાનું જણાવ્યું.

❖ કુશીનગર ઇન્ટરનેશનલ એરપોર્ટ
- ✓ વડાપ્રધાન ન.મોદીએ ઉત્તર પ્રદેશના કુશીનગર ખાતેના કુશીનગર ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્દઘાટન કર્યું.
- ✓ વર્ષ 2020માં જુલાઇ માસમાં એ હવાઈમથકને આંતરરાષ્ટ્રીય હવાઈમથકનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- ✓ આ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર શ્રીલંકાથી આવેલા પ્રથમ વીમામાં બૌદ્ધ ભિક્ષુકોનો સમાવેશ થાય છે.

- ✓ વડાપ્રધાને અંહિ મહાપરિનિર્વાણ મંદિર ખાતેન ભગવાન બુદ્ધની ઊંઘતી પ્રતિમાનાં દર્શન કર્યાં અને ગુજરાતના વડનગર ખાતેથી મળી આવેલ બૌદ્ધના અવશેષોનું પ્રદર્શન પણ નિહાળ્યું.

❖ 21 ઓક્ટોબર: World Iodine Deficiency Day (વિશ્વ આયોડિન ઊણપ દિવસ)

- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય દૈનિક આહારમાં આયોડિનની જરૂરી માત્રા સંબંધિત જાગૃતિ કેળવવાનો છે.
- ✓ WHO મુજબ લગભગ 54 જેટલા દેશ વિશ્વમાં આયોડિનની ઊણપ સામે ઝઝૂમી રહ્યા છે.
- ✓ આયોડિન એ મીઠામાં (NaCl– સોડિયમ ક્લોરાઇડ) હાજર તત્વ છે જે આપણા શરીરમાં થાઇરૉઇડ હોર્મોનને નિયંત્રિત કરવા માટે જવાબદાર છે તથા તેના જ આધારે વ્યક્તિની એકંદર વૃદ્ધિ માટે પણ જવાબદાર છે.
- ✓ WHO 1980ના દાયકાથી National Salt Iodization Programs (રાષ્ટ્રીય મીઠું આયોડાઇઝેશન કાર્યક્રમ) પર કામ કરી રહ્યું છે જે આયોડિનની ઊણપથી થતી અસરોને રેખાંકિત કરવા માટેની પહેલ છે.
- ✓ UNICEF ના ICCIDC –International Council for Control of Iodine Deficiency Disorders – કાર્યક્રમ હેઠળ 66% ઘરોને આયોડિન યુક્ત મીઠું પાડવાનું ધ્યેય સાકાર કરવા તરફ કાર્ય કરી રહ્યું છે.
- ✓ ભારતમાં આશરે 200 મિલિયન લોકો આયોડિનની ઊણપ સામે સામનો કરી રહ્યા છે તથા 1962માં ભારતે આ માટે NGCP નેશનલ ગોઈટર કંટ્રોલ પ્રોગ્રામ શરૂ કર્યો હતો.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ તેલંગાણાની કે. ચંદ્રશેખર રાવ (CM) સરકાર રાજ્યના ભુવનગિરિ જિલ્લામાં શ્રી લક્ષ્મી નરસિમ્હા સ્વામીના મંદિર માટે 125 kg સોનું આરબીઆઇ (RBI) પાસેથી ખરીદશે.
- ✓ ભારતમાં કોવિડ વિરુદ્ધ જંગમાં રસીકરણ અભિયાનનો આંકડો 100 કરોડ પર પહોંચ્યો. આ પરિસ્થિતિને ધ્યાને રાખી કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને યુનિસેફે ‘સેન્ટીનલ ઓફ સોઇલ’ (ધરતીના પ્રહરી) નામે એક કોફી ટેબલ બુક લોન્ચ કરી. જેમાં ફ્રન્ટલાઇન વર્કર્સની કહાનીઓનો સમાવેશ છે.
- ✓ ઇન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF)ના ચીફ ઇકોનોમીસ્ટ અને રિસર્ચ ડીપાર્ટમેન્ટ ડિરેક્ટર ગીતા ગોપીનાથે તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું. તેઓ 2022ના જાન્યુઆરીમાં આ પદ છોડ્યા બાદ ફરીથી હાર્વર્ડ યુનિવર્સિટીમાં જોડાશે. IMFના MD ક્રિસ્ટલિના જ્યોર્જિયા છે.
- ✓ બોડેલી (વડોદરા)ના અલહાદપૂરા ચિલિંગ સેન્ટરમાં રૂ. 120 કરોડના ખર્ચે મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.
- ✓ પાદુકોણ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ (PSM) એ નેશનલ સ્પોર્ટ્સ કલબ ઓફ ઈન્ડિયા (NSCI) સાથે ભાગીદારી કરી. મુંબઈમાં PSM બેડમિન્ટન કોચિંગ પ્રોગ્રામ લોન્ચ કર્યો.
- ✓ સર્બાનંદ સોનોવાલે (કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી) ગાંધીધામ ખાતે ‘આયુષ વન’નું ઉદ્ઘાટન કર્યું. જ્યારે 30 એકર જમીનમાં વિવિધ આયુર્વેદિક છોડને ઉછેરવા આવશે.
- ✓ જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં જમ્મુ કાશ્મીર સરકારે ‘મહાજન, ખત્રી અને શીખોને’ કૃષિ ભૂમિના ખરીદ વેચાણ માટેનો અધિકાર આપ્યો.

- ✓ ભારતીય-અમેરિકી ફિલ્મ નિર્માતા એમ. નાઈટ શ્યામલન 2022 બર્લિન આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના આંતરરાષ્ટ્રીય જજ તરીકે નિયુક્ત થશે. શ્યામલના તેમની ફિલ્મો 'સિક્સ સેંસ', 'અનબ્રેકેબલ', 'સાઇન્સ'ના કારણે પ્રખ્યાત છે. બર્લિન ખાતેનો આ મહોત્સવ 2022માં યોજાશે.
- ✓ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટીનના કટ્ટર વિરોધી પક્ષના નેતા 'એલેક્સી નવેલની'ની યુરોપિયન યુનિયનના (EU) પ્રતિષ્ઠિત 'સખરોવ' સન્માન માટે પસંદગી કરવામાં આવી.
- ✓ અમેરિકામાં રાષ્ટ્રપતિ બાઈડેનના સ્વાસ્થ્ય સચિવ તરીકે નિમણૂક પામનાર ડૉ. રેસેસ લેવિન અમેરિકાના પ્રથમ ટ્રાન્સજેન્ડર છે જેઓ 4 સ્ટાર ઓફિસર તરીકે કાર્ય કરે છે.
- ✓ આઝાદ હિંદ ફોઝ (1942- રાસ બિહારી બોઝ સ્થાપિત)ની 21 ઓક્ટોબરે વર્ષગાંઠ ઉજવાઈ. આ સંસ્થાને 1943માં સુભાષચંદ્ર બોઝે નવચેતન આપ્યું અને તેને ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર તરીકે ઓળખવામાં આવે છે.

**22 ઓકટોબર**

- ❖ જલવાયુ રિપોર્ટ : આફ્રિકાના દુર્લભ હિમનદીના ગ્લેશિયરો વિનાશના આરે
  - ✓ રિપોર્ટ યુગાંડાના કિલિમાંજારો, માઉન્ટ કેન્યા અને રાવેનજોરી પર્વતના અસ્ત થતાં ગ્લેશિયરો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  - ✓ આફ્રિકાની હિમ નદીઓ આબોહવા પરિવર્તનના કારણે આગામી બે દાયકામાં અદૃશ્ય થવાનો ભય છે.
  - ✓ આ અહેવાલ વિશ્વ હવામાન સંગઠન અને અન્ય એજન્સીઓએ સ્કોટલેન્ડમાં UN ક્લાયમેટ કોન્ફરન્સ પહેલા આપવામાં આવ્યો જેમાં જણાવાયું છે કે આફ્રિકાના 1.3 અબજ લોકો હવામાનના પરિવર્તનને કારણે અત્યંત ગંભીર સ્થિતિનો સામનો કરશે.
  - ✓ ગ્લેશિયરનો સંપૂર્ણ નાશ થવાની ઘટનાને ડી-ગ્લેશિયશન કહેવાય છે.
- ❖ મિસ ઇન્ટરનેશનલ વર્લ્ડ 2021 પુરસ્કાર
  - ✓ ભારતના ડૉ. અક્ષતા પ્રભુએ USA ખાતે આ પુરસ્કર મેળવ્યો છે.
  - ✓ આ પુરસ્કાર ભારત દેશને સૌપ્રથમ વખત મળ્યો છે. જેથી અક્ષતા પ્રભુ આ પુરસ્કાર મેળવનાર સૌપ્રથમ ભારતીય મહિલા ગણાય છે.
  - ✓ આ પુરસ્કારમાં ડૉ. અક્ષતાને રશિયાની પૂર્વ મિસ ઇન્ટરનેશનલ વર્લ્ડ સુશ્રી ગેલ્સિન્યા બારીવાએ તાજ પહેરાવ્યો હતો.
- ❖ My Nation (માય નેશન) સ્ટોલ
  - ✓ તેલંગાણા રાજ્ય કારાગૃહ વિભાગ દ્વારા આ સ્ટોલ શરૂ કરાયો.
  - ✓ આ સ્ટોલમાં કારાવાસના કેદીઓએ બનાવેલ વસ્તુઓ વેચવામાં આવશે.
  - ✓ રાજ્યભરમાં 950 જેટલા આ સ્ટોલ સ્થાપિત કરાયા છે.
  - ✓ આ આઉટલેટસમાં સ્ટૂલ, બેડશીટ, ટુવાલ, ડોરગેટ , એસિડ, ફિનાઇલ, બેકારીની વસ્તુઓ, બાળકોના વુલન ગારમેન્ટ્સ વેચવામાં આવશે.
- ❖ PPIS શિખર સંમેલન
  - ✓ PPIS = પ્રોગ્રેસિવ પંજાબ ઈન્વેસ્ટર્સ સમિટ
  - ✓ આ સંમેલનનો ઉદ્દેશ્ય પંજાબની સફળતાની વાતો તથા રોકાણના અવસરોની વાત જાણવા માટે એક મંચ તૈયાર કરવાનો છે.

- ✓ આ તકે પંજાબના CMએ દેશભરના રોકાણકારોને પંજાબમાં રોકાણ માટે આહવાન કર્યું છે.

❖ ભારતીય જનસંઘની સ્થાપનાનાં 70 વર્ષ

- ✓ BJS (ભારતીય જનસંઘ) હાલની BJPની પુરોગામી છે. જેની સ્થાપના 1951માં 21 ઓક્ટોબરના રોજ કરવામાં આવી હતી.
- ✓ BJSનો 1980ના દાયકામાં BJPમાં વિલય થયો હતો.
- ✓ BJSની સ્થાપનાનો મુખ્ય શ્રેય શ્યામાપ્રસાદ મુખરજીને જાય છે.

❖ 22 ઓક્ટોબર : International Stuttering Awareness Day

- ✓ 1998માં આ દિવસની ઉજવણીની શરૂઆત થઈ.
- ✓ વર્ષ 2021નો વિષય - સ્પીક ધ ચેન્જ યુ વિશ ઊ સી.
- ✓ આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય બોલતો સમયે હકલાતા લોકો માટે જાગૃતિ લાવવાનો છે. જે વિશ્વની 1% જનસંખ્યાને પ્રભાવિત કરે છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ગુજરાત રાજ્ય સરકારે ખેડૂતો માટે 'નો યોર ફાર્મર' યોજના શરૂ કરી. જે હેઠળ ખેડૂતને 15 હજારની કિમત સુધીનો સ્માર્ટ ફોન ખરીદવા લોન અપાશે જેનું રૂ. 1500 જેટલું વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે. મોબાઇલ ખરીદી બાદ તેનું બિલ ગ્રામ પંચાયતમાં VCLમાં રજૂ કરવાનું રહેશે.
- ✓ FIFA રેન્કિંગમાં ભારત 106મા ક્રમે. આ યાદીમાં બેલ્જિયમ સૌથી ઉપર જ્યારે બ્રાઝિલ બીજા સ્થાને છે.
- ✓ જર્મનીના ઓટો ડિઝાઇન કંપની હુકીના નિકો વોન હકીએ ઇલેક્ટ્રિક બાઇક ડિઝાઇન કરી જેને ટર્ડીગ્રેડ નામ આપ્યું. આ બાઇક 15 km 1 કલાકની ઝડપે ચંદ્ર પર અંતરિક્ષયાત્રીઓ ચલાવી શકશે.
- ✓ કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં 3% નો વધારો થતાં કુલ 31% મોંઘવારી ભથ્થું થયું.
- ✓ ભારતના 100 કરોડ વેક્સિન ડોઝ અપાયાની ખુશીમાં આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાએ ભારતનાં 100 હેરિટેજ મોન્યુમેન્ટ (જેમાં 17 વર્લ્ડ હેરિટેજ સાઇટ પણ સામેલ છે.) ને ત્રિરંગાના રંગથી લાઇટ દ્વારા પ્રજલિત કરી સંદેશ પાઠવ્યો.
- ✓ અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટૂથ સોશિયલ' લોન્ચ કરશે. ઉલ્લેખનીય છે કે ફેસબૂક અને ટિવટર દ્વારા તેમના એકાઉન્ટ બંધ કરાયાં છે.
- ✓ ખેતી અને ખેડૂત કલ્યાણ વિભાગે વિમેન ઇન એગ્રી સ્ટાર્ટઅપ : ક્રિએટિંગ વેલ્યૂ વિથ સપ્લાઇ ચેન મેનેજમેન્ટ' વિષય પર વેબિનારનું આયોજન 22 ઓક્ટોબર (મહિલા કિસાન દિવસ) ના રોજ કર્યું. તથા 'પ્રગતિશીલ મહિલા ખેડૂતો અને કૃષિ સાહસિકોના સક્સેસ સ્ટોરીઝ પર ઇ-બુક લોન્ચ કરી.

**23 ઓક્ટોબર**

❖ 'એલેક્સી નવલની'ને યુરોપીય સંઘનો શ્રેષ્ઠ માનવાધિકાર પુરસ્કાર.

- ✓ એલેક્સી નવલની જેઓ રશિયાના વિપક્ષી નેતા છે અને હાલ તેઓ જેલમાં છે.

- ✓ યુરોપિયન સંસદે તેમને 'Immense Personal Brovery' (અતિશય વ્યક્તિગત બહાદુરી) બદલ આ પુરસ્કાર આપ્યો.
- ✓ નવલનીએ વ્લાહિમીર પુતિનના શાસનના ભ્રષ્ટચાર સામે સતત ઝુંબેશ ચલાવી અને સોશિયલ મીડિયા દ્વારા રશિયાના લાખો લોકોનું સમર્થન મેળવ્યું. અને આ માટે તેમને તેમના વિરોધીઓ દ્વારા ઝેર આપી હત્યાની પણ કોશિશ કરી હતી તથા તેમને જેલની સજા પણ થઈ હતી.
- ✓ માનવાધિકાર પુરસ્કાર મુખ્યત્વે અભિવ્યક્તિની સ્વતંત્રતા, અલ્પસંખ્યકોના અધિકારો, આંતરરાષ્ટ્રીય કાનૂન, લોકતંત્રના વિકાસ તથા શાસન સંબંધિત ખમીઓને લોકો સુધી પહોંચાડનારને આપવામાં આવે છે.

❖ ન્યુઝીલેન્ડની ગવર્નર જનરલ બની પ્રથમ માઓરી મહિલા
- ✓ ડેમ સિંડી કારો એ ન્યુઝીલેન્ડનાં પ્રથમ માઓરી મહિલા ગવર્નર જનરલ તરીકે શપથ લીધા.
- ✓ ન્યુઝીલેન્ડમાં ગવર્નર જનરલ બ્રિટિશ સમ્રાટ તરફથી સંવેધાનિક અને ઔપચારિક કર્તવ્યોનું પાલન કરે છે તથા જે તે દેશના પ્રમુખ રાજકર્તા તરીકે કાર્ય કરે છે.
- ✓ ન્યુઝીલેન્ડમાં માઓરી સમુદાયની વસતી 17% જેટલી છે તથા તેમની મોટા ભાગની જનસંખ્યા હાલ સામાજિક અને આર્થિક રીતે વંચિત છે.

❖ નીતિ આયોગે 'અટલ ઇનોવેશન મિશન ડિજી બુક' લોન્ચ કરી
- ✓ NITI : Nationala Institution for Transforming India
- ✓ AIM : અટલ ઇનોવેશન મિશન અંતર્ગત 'ઇનોવેશન ફોર યૂ' બુક લોન્ચ કરાઇ.
- ✓ તેમાં અલગ અલગ ક્ષેત્રમાં અટલ ઇનોવેશન મિશન અંતર્ગત સ્ટાર્ટઅપ્સની સફળતાની વાતોને પ્રદર્શિત કરવાનો પ્રયાસ કરાયો છે.
- ✓ આ પુસ્તકના પ્રથમ આવૃતિમાં સ્વાસ્થ્ય સંબંધિત ઇનોવેશનની બાબતોને ધ્યાને લેવામાં આવી છે અને એ સિવાયના ક્ષેત્રોને ટૂંક સમયમાં આવરી લેવાનો ધ્યેય છે.
- ✓ આ પુસ્તક અટલ ઇન્કયુબેશન સેન્ટરના ઇન્કયુબેટેડ 45 હેલ્થ ટેક સ્ટાર્ટઅપ્સનું સંકલન છે.

❖ જાદવપૂર વિશ્વવિદ્યાલયના 29 વિજ્ઞાનીઓને સ્ટેનફર્ડ યુનિવર્સિટી ડેટાબેઝમાં સ્થાન
- ✓ જાદવપૂર વિષવિદ્યાલય ભારતના કોલકાતામાં સ્થિત છે.
- ✓ યુનિવર્સિટીએ તૈયાર કરેલો આ ડેટાબેઝ વિશ્વભરના 2% વિજ્ઞાનીઓને તેની શોધના આધારે રેન્ક આપવા માટે તૈયાર થાય છે.
- ✓ આ યાદીમાં જાદવપૂર યુનિ. પ્રથમ સ્થાને સૌથી વધુ વિજ્ઞાનીઓ ધરાવે છે. ત્યારબાદ BHU (24), હૈદરાબાદ યુનિ. (22) અને દિલ્હી યુનિ. (18)નું સ્થાન છે.
- ✓ આ યાદીમાં દેશભારની વિવિધ યુનિ.ના 2049 નામોએ સ્થાન મેળવ્યું છે.
- ✓ જાદવપૂર યુનિ. ના વાઇસ ચાન્સલેર = પ્રો. સુરંજન દાસ

❖ ભારતે આગામી 5 વર્ષમાં 100 અબજ ડોલરની કાપડની નિકાસનું લક્ષ્ય રાખ્યું છે.
- ✓ કાપડ રાજ્યમંત્રી દર્શના જરદોશે આ ક્ષેત્રેના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વિવિધ યોજનાઓ લાવવાના આયોજન વિશેની માહિતી આપી.
- ✓ આ બાબતની માહિતી તેમણે ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ આયોજિત ટેક્સટાઇલ અને એપેરલ પર આંતરરાષ્ટ્રીય પરિષદની 13મિ આવૃતિ દરમિયાન આપી.

❖ NITI આયોગે રાષ્ટ્રીય નીતિ સંવાદનું આયોજન કર્યું.
- ✓ NITI આયોગે 'પ્લાસ્ટિક મુક્ત શહેર અને મહાસાગર' વિષય પર સંવાદનું આયોજન કર્યું હતું.

- ✓ આ આયોજન NITI આયોગના ઉપાધ્યક્ષ – ડૉ. રાજીવકુમારની અધ્યક્ષતામાં 'પાર્લે ફોર ધ ઓશન્સ' ના સંસ્થાપક અને CEO શ્રી સિરિલગુત્સ સાથે કરાયું હતું.
- ✓ આ સંવાદ પ્લાસ્ટિક ઉત્પાદનોનો ફરીથી વપરાશ તથા એક જ વખત ઉપયોગમાં લઈ શકાય તેવા પ્લાસ્ટિકની નાબૂદી સંબંધિત વિચારો આપવા માટેનો હતો.
- ✓ NITI આયોગના અધ્યક્ષ = ન. મોદી (વડાપ્રધાન હોદ્દાની રૂએ NITI આયોગના અધ્યક્ષ હોય છે.)

❖ 23 ઓક્ટોબર: MOLE (મોલ દિવસ)

- ✓ આ દિવસની ઉજવણી એવોગ્રેડૉના નંબરના સન્માનમાં ઉજવાય છે.
- ✓ એવોગ્રેડૉ નંબર 6.02 x$10^{23}$ તરીકે દર્શાવ્યા છે. જે કોઈ પણ પદાર્થના કણોની સંખ્યા દર્શાવે છે. આ સંખ્યા ઇટાલિયન વિજ્ઞાની એવોગ્રેડૉ એ આપેલ અણુ અને પરમાણુનું પ્રમાણભૂત માપ એકમ છે.
- ✓ આ દિવસની શરૂઆત 1980ના દાયકામાં થઈ. USA ના વિસકોન્સિના રસાયણશાસ્ત્રના શિક્ષક મૌરિસ ઓટલેરે 'ધ સાયન્સ ટીચર' નામના લેખમાંથી પ્રેરણા લઈ 'નેશનલ મોલ ડે ફાઉન્ડેશનની' સ્થાપના કરી આ દિવસની શરૂઆત કરી.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ SAI–Sports Authority of India એ P. K. ગર્ગને Tops ટારગેટ ઓલમ્પિક પોડિયામ સ્કીમના CEO બનાવ્યા.
- ✓ DRDOએ ફાઇટર ડ્રોન HEAT (હાઈસ્પીડ એક્સ્પેન્ડેલલ એરિયલ્ ટાર્ગેટીનું સફળ પરીક્ષણ કર્યું. તે જમીનથી હવા અને હવામાંથી હવામાં લક્ષ્યને ટાર્ગેટ કરી શકે છે.
- ✓ દુબઈમાં ચાલી રહેલ એક્સપોમાં 'એન દુબઈ' નામનું 48 પોડસ અને 1900 લોકો બેસી શકે તેવું વિશ્વનું સૌથી મોટું ચકડોળ ખુલ્લુ મુકાયું.
- ✓ અમેરિકામાં કોરોના વચ્ચે ડુંગળીમાંથી ઉદ્દભવતો સલ્મોનેલા રોગ ફાટી નીકળ્યો.
- ✓ કિન્નોર બંને ડોઝ સાથે 100% રસીકરણ કરનાર દેશનો પ્રથમ જિલ્લો બન્યો.
- ✓ ઇક્વાડોર દેશે વધતાં અપરાધોને કારણે દેશમાં કટોકટીની જાહેરાત કરી.
- ✓ ગુજરાત રાજ્ય સરકારે આયોધ્યાની તીર્થયાત્રા માટે જનજાતિના લોકોને રૂ. 5000ની સહાય આપવાની ઘોષણા કરી.

**24 ઓક્ટોબર**

❖ પ્રશાસન ગાંવ કે સંગ અભિયાન.

- ✓ આ અભિયાન રાજસ્થાન સરકાર દ્વારા શરૂ કરાયું.
- ✓ આ અભિયાન હેઠળ રાજસ્થાનના છેવાડાનાં ગામડાંમાં સ્થાનિક પ્રશાસનના 22 વિભાગો સુધી પહોંચવાની વિચારધારા છે. જે હેઠળ ગ્રામ પંચાયતમાં આવેદકોને તમામ સુવિધા ઓન ધ સ્પોટ પ્રદાન કરવામાં આવશે.
- ✓ રાજસ્થાન મહેસુલ મંત્રી - હરીશ ચૌધરી

❖ દિલ્લીના બાળ અધિકાર આયોગે દ્વિ- વાર્ષિક પત્રિકા બહાર પાડી.

- ✓ આ પત્રિકામાં ભારતમાં કોવિડ મહામારી સમયે ઓનલાઇન શિક્ષણથી લઇ સામાજિક- ભાવનાત્મક અભિગમની કમીની બાળકો પર થતી અસરોની બાબતોનો સમાવેશ કરે છે.
- ✓ આ પત્રિકાના પ્રથમ અંકને 'ચિલ્ડ્રન ફર્સ્ટ : જર્નલ ઓન ચિલ્ડ્રા' નામ પ્રાથમિકતાઓનું પુનર્ગઠન કરવાની જરૂરિયાતનું પ્રતિનિધિત્વ કરતું હોવાનું જણાવ્યુ.
- ✓ આ જર્નલ પત્રિકામાં 100થી વધુ લોકોએ લેખ લખ્યો છે.

❖ ફૈજાબાદ રેલવે સ્ટેશન જંકશન હવે અયોધ્યા કેંટ રેલવે સ્ટેશન.
- ✓ ઉત્તરપ્રદેશ સરકારે આ નામ બદલવાનો નિર્ણય કર્યો છે 2008માં ઉત્તરપ્રદેશ દ્વારા ફૈજાબાદને અયોધ્યા નામ આપ્યુ છે.
- ✓ આ સ્ટેશન 1874માં સ્થાપિત કરાયું હતું.
- ✓ અગાઉ મુગલસરાય રેલવે જંકશનને પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંકશન કરવામાં આવ્યુ હતું.

❖ 24 ઓક્ટોબર: વિશ્વ પોલિયો દિવસ. (World polio Day)
- ✓ રોટરી ઇંટરનેશનલ દ્વારા 'જોનસ સાલ્ક' ના જન્મ નિમિત્તે આ દિવસની શરૂઆત કરી.
- ✓ વર્ષ 2021ની થીમ - વન ડે વન ફોકસ: એડિંગ પોલિયો - ડિલિવરિંગ ઓન અવર પ્રોમિસ ઓફ અ પોલીયો ફ્રી વર્લ્ડ.
- ✓ પોલિયોમાઇલાઇટિસ બાળકોમાં જોવા મળતો રોગ છે.

❖ 24 ઓક્ટોબર: United Nations Day. (સંયુક્ત રાષ્ટ્ર દિવસ)
- ✓ 1945માં 24 ઓક્ટોબરે UNની સ્થાપના થઇ હતી. 1947માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 24 ઓક્ટોબરને તેની વર્ષગાંઠના રૂપમાં ઘોષિત કર્યું.
- ✓ વર્ષ 2021ની થીમ - Bulding Bank Together for Peace and Prosperity (શાંતિ અને સમૃદ્ધિ માટે એક સાથે નિર્માણ કરવું.)
- ✓ UNનું વડું મથક : ન્યૂયોર્ક

❖ પ્રધાનમંત્રીની 60 સૂત્રીય કાર્ય યોજના.
- ✓ આ કાર્યયોજના ત્રણ શ્રેણી - શાસન માટે IT અને ટેકનોલોજીનો લાભ મેળવવો, વ્યાવસાયિક સુધારા અને સિવિલ સેવાના લાભ આધારિત છે.

1. IT અને ટેકનોલોજીનો લાભ ઉઠાવવો.

- ✓ ઇલેક્ટ્રોનિક અને સૂચના ટેકનોલોજી મંત્રાલય માટે વિધર્થીઓને સુવ્યવસ્થિત કરવા વિધોર્થીઓ માટે સ્વદેશી ટેબ્લેટ અને લેપટોપ વિકસાવવા.
- ✓ 'માતૃભૂમિ' નામના કેન્દ્રીય ડેટાબેઝ હેઠળ વર્ષ - 2023 સુધીમાં તમામ જમીન રેકોર્ડસનું ડિજિટલાઈઝેશન.
- ✓ ટેકનોલોજી દ્વારા નાગરિકત્વને જન્મ પ્રમાણપત્ર સાથે જોડવું.

2. વ્યાવસાયિક સુધારા :-

- ✓ તેમાં ચોક્કસ પ્રદેશમાં વ્યવસાય શરૂ કરવા માટે લાગૂ કરવી પડતી પ્રારંભિક કિંમત ઘટાડવી.
- ✓ સમયસર જમીન સંપાદન અને વન મંજુરી માટે રાજ્યોને પ્રોત્સાહન આપવું તથા નવા સ્ટાર્ટઅપ્સને પ્લેટફોર્મ પુરૂ પાડવું.
- ✓ GDPના વધારા માટે નિર્ણયો લેવા તથા ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS) નો ઉપયોગ કરવા.

3. સિવીલ સેવાઓનો લાભ :-

- ✓ મિશન કર્મયોગી હેઠળ - કેન્દ્ર અને રાજ્યોમાં ઉચ્ચ નાગરિક સેવાઓ માટે નવીનત્તમ તકનીકો દ્વારા માળખાકીય સુવિધાઓ, કુશળતાનો સંચાર અને ક્ષમતા નિર્માણના વિવિધ પાસાઓ પર અધિકારીઓને તાલીમ.
- ✓ સેવાઓની ગુણવત્તા સુધારવા તેના સભ્યોની સમસ્યા અને જરૂરીયાતો ઉકેલવા ગવર્મેન્ટ પ્રોસેસ રિ એન્જિનિયરીંગ (GPR)નો દર 10 વર્ષે અમલ કરવો.

❖ યોગ કરનારને મેડિક્લેઇમમાં લાભ આપવાનો આદેશ.

- ✓ 'વીમા નિયંત્રણ સંસ્થા - IRDAI એ નાગરિકોને આરોગ્યપ્રદ પ્રવૃતિમાં સ્વેચ્છાએ જોડવા માટે આ જાહેરાત કરી છે.
- ✓ જે વ્યક્તિ નિયમિત યોગ કરશે તેમને તેમના મેડિક્લેઇમ પ્રિમિયમમાં ડિસ્કાઉન્ટ મળશે તથા નવા વર્ષે વીમાની રકમ આપોઆપ વધારી આપવામાં આવશે.
- ✓ આ આદેશ હેઠળ આ મુજબના લાભ મળશે.
  1. રજિસ્ટર હોસ્પિટલના વાઉચર સ્વરૂપે ડિસ્કાઉન્ટ.
  2. પ્રોટિન સપ્લિમેન્ટ માટે વાઉચર ડિસ્કાઉન્ટ.
  3. યોગ કેન્દ્રો અને જીમ સેન્ટરની ફીમા વાઉચર ડિસ્કાઉન્ટ.
  4. વીમાની રકમમાં આપમેળે વધારો.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ચીન સરકારે બાળકોના હોમવર્ક અને તે પછીના તેના ટ્યૂશન સાથે જોડાયેલ અભ્યાસને દૂર કરી માનસિક ભારણ દૂર કરતો કાયદો ઘડ્યો.
- ✓ ચીન સરકારે હાલમાં જ ઓનલાઇન ગેમ્સને દૂર કરવા સબંધી નિયમો પણ ઘડ્યા છે ચીનના મતે ઓનલાઇન ગેમ્સ એ 'આધ્યાત્મીક અફીણ' છે.
- ✓ ઇન્ડોનેશિયાની બેડમિન્ટન ટીમે 'થોમસ કપ-2021' જીત્યો.
- ✓ દક્ષિણ કોરિયામાં કેન્સરને જડમૂળમાંથી નાબૂદ કરતી CAR-T થેરાપી શોધાઇ. CAR-T એટલે કાઇમરિક એન્ટિજન રિસેપ્ટરી, આ શોધ કોરિયા એડવાન્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેક. દ્વારા શોધાય છે. જેમાં શરીરના ઇમ્યૂન સિસ્ટમને કેન્સરના સેલ પર હૂમલો કરી તેને નાબૂદ કરાય છે.
- ✓ ઇન્સ્ટિટ્યુટ ઓફ પોપ્યુલેશન સ્ટડીના અભ્યાસ મુજબ કોવિડથી ભારતમાં સ્ત્રી - પૂરૂષના સરેરાશ આયુષ્યમાં બે વર્ષનો ઘટાડો થયો પુરૂષોનું આયુષ્ય 68.5 વર્ષ અને મહિલાઓનું આયુષ્ય 69.5 વર્ષ નોંધાયું છે.
- ✓ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યુ કે UPSC ના સફળ ઉમેદવારોને પસંદગીનું સ્થળ કે હોમ કેડર મેળવવા માટે અધિકાર (પસંદગી કરવાને પાત્ર) નથી. અગાઉથી જ અરજી સમયે તેમણે દેશના કોઇ પણ સ્થળે કોઇ પણ જગ્યા પર ફરજ બજાવવાની બાંહેધરી આપેલી હોય છે.
- ✓ 24 ઓક્ટોબર: ભારત - તિબેટ સીમા પોલીસ (ITBP) સ્થાપના દિવસ. 1962માં ITBPની સ્થાપના થઇ હતી. ITBP ભારત - ચીન સરહદને 3488 kmના વિસ્તારમાં સુરક્ષા આપે છે. જેમાં લદ્દાખના કારાકોરમ અરૂણાચલ પ્રદેશના દીફૂલા સુધીનો વિસ્તાર સમાવિષ્ટ છે.
- ✓ રશિયા અને ચીને પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં તેમનો પ્રથમ સંયુક્ત સૈન્યાભ્યાસ કર્યો.

- ✓ શૈફી કિદવાઇએ તેમનું પુસ્તક "સર સૈયદ અહમદ ખાન: રીઝન રિલિજન એન્ડ નેશન' બહાર પાડ્યું. સર સૈયદ અહમદ ખાન મોહમ્મડન એંગ્લો-ઓરિએંટલ કોલેજના સ્થાપક છે જે બાદમાં અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયના નામથી પ્રચલિત થઇ.
- ✓ વૈજ્ઞાનિકોએ સૌથી ઓછા તાપમાનનો રેકોર્ડ તોડી પારાને -273.15 ડિગ્રી પહોંચાડ્યું. વિશ્વમાં સૌથી ઓછું તાપમાન એન્ટાર્કટિકના વોસ્તોક નામના સ્થળે (-89) જોવા મળે છે. જ્યારે વૈજ્ઞાનિકોએ નવું તાપમાન 393 ફૂટ નીચે જમીનની અંદર મેળવ્યુ છે. આ તાપમાનમાં કોઇ વસ્તુ 17 સેકન્ડ જીવિત રહી શકે છે. આ તાપમાનનો ઉપયોગ ભવિષ્યમાં ક્વોન્ટ્રસ કમ્પ્યુટર્સના સંશોધનમાં થશે.
- ✓ ભારત યુએસએ વચ્ચે સંયુક્ત સૈન્યાભ્યાસ 'EX Yudh Abhyas' આયોજીત થયો જે USAના જોઇન્ટ બેઝ એલ્મેન્ડોર્ફ રિચાર્ડસન, અલાસ્કા ખાતે થયો. આ વર્ષે 2021માં આ સૈન્યાભ્યાસની 17મી આવૃતિ હતી. જ્યારે 16મી આવૃતિ ભારતના રાજસ્થાનના બિકાનેરમાં આયોજિત થઇ હતી.

**25 ઓક્ટોબર**

- ❖ બિહારમાં મીઠા પાણીના ઝીંગા ઉછેર માટે બીજ ઉત્પાદન ઉદ્યોગનું ઉદ્ઘાટન થયું.
  - ❖ કેન્દ્રીય સુચના અને પ્રસારણ તથા મત્સ્ય પાલન અને પશુપાલન રાજ્યમંત્રી, ડૉ. એલ. મુરુગને ઝીંગા (સ્કૈમ્પી)ના ઉછેર માટેનું આ ક્ષેત્રનું ઉદ્ઘાટન કર્યું.
  - ❖ આ કેન્દ્ર માટે રાષ્ટ્રીય મત્સ્ય વિકાસ બોર્ડે 77.16 લાખ રૂપિયાની સહાય પ્રદાન કરી છે.
  - ❖ NFDB - The National Fisheries Development Board.
- ❖ ભારતીય નૌસેનાનાં જહાજ ચાર દિવસની શ્રીલંકાની યાત્રાએ
  - ✓ ભારતીય નૌકા સેનાનાં જહાજ સુજાતા, મગર, શાર્દુલ, સુદર્શની, તરંગિની અને તટરક્ષક દળના જહાજ વિક્રમ સહિત પ્રથમ પ્રશિક્ષણ સ્કોવોડ્રોન શ્રીલંકા જશે.
  - ✓ આ યાત્રા 100 અને 101મી સંકલિત અધિકારી તાલીમ અભ્યાસક્રમનો એક ભાગ છે જેનો ઉદ્દેશ્ય યુવા અધિકારીઓ અને તાલીમાર્થીઓને હિંદ મહાસાગરમાં તાલીમબદ્ધ કરી ક્ષેત્રની ક્ષિતિજને વિસ્તારવાનો છે.
  - ✓ ભારતીય નૌકાદળ છેલ્લા 4 દાયકાથી વધુ સમયથી આંતરરાષ્ટ્રીય તાલીમાર્થીઓને તાલીમ આપે છે.
- ❖ ભારતની પ્રથમ સાપના અધ્યયન માટેની ઇન્સ્ટિટ્યુટ ગુજરાતના વલસાડ જિલ્લામાં સ્થાપિત થશે.
  - ✓ આદિજાતિ વિકાસ અને વન વિભાગના ભૂતપૂર્વ મંત્રી ગણપત વસાવાએ આ પ્રકારની સંસ્થા સ્થાપવા ગુજરાત સરકારના વન વિભાગ સાથે ચર્ચા વિચારણા કરી હતી.
  - ✓ આ સંસ્થા સર્પ પકડવા માટે આધૂનિક મશીનરી સાથે તાલીમ આપશે તથા રેસ્ક્યુ સમયે લેવામાં આવતા નિર્ણયો વિશે સજાગ બનાવશે.
  - ✓ ઉપરાંત સર્પદંશ સામે રક્ષણ આપ્તા એન્ટિવેનમ ઇંજેક્શનના કાચા માલ તરીકે વપરાતા લિયોફિઝીલીડ પાવડરનું પણ અહીં ઉત્પાદન કરવામાં આવશે.
- ❖ ચીને તેની જમીન સુરક્ષાને મજબૂત બનાવવા માટે નવા નિયમો બનાવ્યા.
  - ✓ આ નિયમ અનુસાર બેઇજિંગ 22,000 km લાંબી ભૂમિ સરહદની 14 દેશો સાથેની સુરક્ષાને ધ્યાને લેશે.
  - ✓ આ નવા નિયમો 1 જાન્યુઆરી 2022 થી લાગુ કરાશે.
  - ✓ આ કાયદો બનાવવા પાછળ ચીનનો શાસક કમ્યુનિસ્ટ પાર્ટીએ 'દેશના ભૂમિ સરહદો વિસ્તારના રક્ષણ અને શોષણ પર નવો કાયદો અપનાવવાનો મત આપ્યો છે.

❖ PM - ASBY (પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત) યોજના
  - ✓ આ યોજનાનો પ્રારંભ પ્રધાનમંત્રી ઉત્તરપ્રદેશથી કરશે.
  - ✓ આ સાથે જ રાજ્યમાં નવ મેડિકલ કોલેજોનું ઉદ્ઘાટન પણ કરશે.
  - ✓ આ યોજના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત દેશભરમાં સ્વાસ્થ્ય સેવાઓની આધારભૂત સંરચનાને મજબૂત કરવા માટે લાગુ કરવા આવશે.

❖ પ્રાંચી વ્યાસ દ્વારા 12 લઘુગ્રહો શોધવામાં આવ્યા.
  - ✓ પ્રાંચી વ્યાસ 'ખોજ' નામની સંસ્થા સાથે જોડાયેલ છે. લઘુગ્રહોનો અભ્યાસ કરે છે.
  - ✓ તેમણે તાજેતરમાં મંગળ અને ગુરૂ ગ્રહની વચ્ચેના પટ્ટામાં 12 લઘુગ્રહોનું સંશોધન કર્યુ છે અને તેમના આ કાર્ય બદલ NASA દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.
  - ✓ પ્રાંચી વ્યાસ અરવલ્લી જીલ્લાના મોડાસાના બોલુંદરા ગામના નિવાસી છે.

❖ DAP (ડાય એમોનિયમ સલ્ફેટ) ખાતરની અછત
  - ✓ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને કર્ણાટક સહિત રાજ્યોમાં DAP ખાતરની તીવ્ર અછતનો સામનો ખેડૂતો દ્વારા થઇ રહ્યો છે.
  - ✓ DAP ખાતરમાં 46% ફોસ્ફરસ, 18% નાઇટ્રોજન હોય છે. ફોસ્ફરસના વધુ પ્રમાણને કારણે ખેડૂતોમાં તેની માંગ વધુ રહે છે.
  - ✓ વૈશ્વિક રોગચાળાને કારણે ટ્રાન્સપોર્ટેશનમાં થયેલા ઘટાડાએ ભારતમાં DAPની આયાત ઘટાડતા તેની માંગ વધી અને અછત સર્જાઇ છે.
  - ✓ આ અછત શિયાળુ પાકને અવરોધક સાબિત થઇ શકશે.
  - ✓ સરકારે ખેડૂતોને DAPની જગ્યાએ યુરિયા - સિંગલ સુપર ફોસ્ફેટના મિશ્રણનો ઉપયોગ કરવાની સલાહ આપી છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ICC T20 વર્લ્ડ કપમાં પ્રથમ મેચમાં પાકિસ્તાને ભારતને 10 વિકેટે હરાવ્યું. વિરાટ કોહલી પાકિસ્તાન સામેની કોઇ મેચમાં પ્રથમ વખત આઉટ થયાની ઘટના આ મેચમાં જોવા મળી.
- ✓ મુંબઇ પોસ્ટ વિભાગે 'Know your Postman' એપ લોન્ચ કરી જે વિસ્તાર મુજબ પોસ્ટમેનની માહિતી આપશે.
- ✓ ફેસબુકને પછાડી 2021માં 59 મિલિયનથી વધુ ઇનસ્ટોલ થનાર ટીકટોક નોનગેમિંગ સૌથી વધુ ડાઉનલોડ થનાર એપ બની.
- ✓ TCL કંપનીએ માઇક્રો એલઇડી ડિસ્પ્લે સાથેનાં ચશ્માં લોન્ચ કર્યાં. જે સ્માર્ટ ચશ્માંની કેટેગરીમાં Xiomi અને Facebook બાદ લોન્ચ થનાર ત્રીજાં ચશ્માં છે.
- ✓ ગ્લોબલ સ્માર્ટફોન સર્વે મુજબ Samsung કંપનીએ 23% માર્કેટ શેર સાથે પ્રથમ અને Appleએ 15% માર્કેટ શેર સાથે બીજું સ્થાન મેળવ્યું.
- ✓ જેલમાં બંધ બિઝનેસમેનને છોડવાની અપીલ કરનાર અમેરિકા, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, કેનેડા, સ્વીડન, ફિનલેન્ડ, નોર્વે અને ન્યુઝીલેન્ડના રાજદૂતોને 'પર્સોના નો ગ્રાટા' એટલે કે અસ્વિકાર્ય વ્યક્તિ ઘોષિત કરી તુર્કીના પ્રેસિડેન્ટે એર્દોગને તેમને દેશ છોડી જવાનો આદેશ આપ્યો.
- ✓ ફેસબુકના દસ્તાવેજ 'એડવોર્સેરિયલ હાર્મફૂલ નેટવર્કસ ઇન્ડિયા કેસ સ્ટડી' મુજબ ભારતમાં ફેસબુકમાં સૌથી વધુ ફેક ડેટાની આપ-લે (શેર) થતી હોવાનો ઘટસ્ફોટ.

- ✓ સાહિત્ય ક્ષેત્રનો ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ (1) નરોતમ પલાણ એન ડૉ. અમૃત પટેલને તથા લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ (1) કાશીબેન ગોહિલ અને (2) નાથાભાઇ ગમારને મોરારી બાપુના હસ્તે અપાયા.
- ✓ આગામી વર્ષે યોજાનાર કતાર ફીફા વર્લ્ડ કપ માટે 'ડેવિડ બેકહામને' વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરાયા.
- ✓ ભારતીય મૂળના અમેરિકી નાગરિક નીરા ટંડન અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડેનના સ્ટાફ સેક્રેટરી નિયુક્ત થયા.
- ✓ ગુજરાતમાં 'સેવા સેતુ કાર્યક્રમ'નો સાતમો તબક્કો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાણંદ તાલુકાના મણિલાલ ખાતે શરૂ કરાવ્યો.

**26 ઓક્ટોબર**

❖ રમત મંત્રાલયે KISCE હેઠળ 3 નવી સુવિધાઓ અપગ્રેડ કરી.
  - ✓ KISCE - ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ સેન્ટર ઓફ એકસેલેન્સ.
  - ✓ લખનઉથી ગુરુ ગોવિંદસિંહ સ્પોર્ટ્સ કોલેજ, દિલ્હીનું છત્રસાલ સ્ટેડિયમ અને ચેન્નઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને KISCEમાં સમાવવામાં આવ્યાં.
  - ✓ હાલ KISCEની કુલ સંખ્યા 27 છે.
  - ✓ KISCE હેઠળ 2028 ના ઓલિમ્પિકમાં ભારતને ટોચના 10 દેશોમાના એક બનાવવા માટે ખેલાડીઓને તાલીમબદ્ધ કરવામાં આવશે.

❖ રજનીકાંતે ભારતની પ્રથમ વોયસ-બેઝ્ડ સોશિયલ મીડિયા એપ 'હુટે' લોન્ચ કરી.
  - ✓ આ એપ અભિનેતા રજનીકાંતની પુત્રી સૌંદર્યાના અવાજ પર આધારિત છે.
  - ✓ એપમાં 60 સેકેન્ડના લાઈવ વોઇસ રેકોર્ડીંગ વિકલ્પ છે.
  - ✓ 15 ભારતીય અને 10 વિદેશી ભાષામાં વોઇસ અપલોડ થઈ શકશે.
  - ✓ હુટે એ ઘુવડ પક્ષીનો અવાજ છે અને સફેદ ઘુવડને શાણપણનું પ્રતીક માનવામાં આવે છે.
  - ✓ આવનાર સમયમાં આ એપમાં ખાસ કરીને 'સંસ્કૃત' ભાષાનો સમાવેશ કરવા તરફના પ્રયાસો કરવામાં આવશે.

❖ ગુજરાત રાજ્ય સરકારની 'ગો-ગ્રીન' યોજના
  - ✓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી આ યોજના લોન્ચ કરી.
  - ✓ આ યોજના હેઠળ ઇલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં શ્રમિક વર્ગ કે જેઓ રોજિંદી આવકના સાધન સમા ઉધોગ/કામ સાથે જોડાયેલા છે તેમને સબસિડી આપશે.
  - ✓ આ યોજના ખાસ કરીને ગુજરાત રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ શરૂ કરવામાં આવી છે.
  - ✓ યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને 50% અથવા 30,000 રૂ. તથા સંગઠિત ક્ષેત્રના શ્રમિકોને 30% અથવા 30,000 રૂ. સબસિડી આપશે.

❖ રાષ્ટ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સ્વતંત્રતા ચળવળ પર પૉડકાસ્ટ શરૂ કર્યું.
  - ✓ સાંસ્કૃતિક મંત્રી જી.કિશન રેડ્ડીએ આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગ રૂપે 'જરા યાદ કરો કુરબાની' શિર્ષક હેઠળ પૉડકાસ્ટ શરૂ કર્યું.
  - ✓ આ પૉડકાસ્ટના પ્રથમ એપિસોડમાં 'કદમ કસમ બઢાયેજા' શીર્ષક હેઠળ ભારતીય રાષ્ટ્રીય સેનાનાં ગીતો અને વાર્તાઓનો સંગ્રહ કરાયો છે.

- ❖ BIMTEC નેતાઓએ 'મજબૂત કનેક્ટિવિટી લિંકેજ' માટે મંજૂરી આપી.
  - ✓ ભારત અને દક્ષિણ એશિયાઇ અને દક્ષિણપૂર્વ એશિયાઇ રાષ્ટ્રોનું જુથ 55.2 મિલિયન ડોલરના પ્રોજેક્ટ સાથે તેમના પ્રદેશોને જોડવા માટેની કનેક્ટિવિટીના પ્રોજેક્ટ પર કામ કરશે.
  - ✓ દક્ષિણ એશિયામાંથી બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, નેપાળ અને શ્રીલંકા તથા દક્ષિણ-પૂર્વ એશિયામાંથી મ્યાનમાર અને થાઇલેન્ડ - મોટર વાહન કરાર તથા દરિયાઇ શિપિંગ કરારો પર કાર્ય કરે છે. તથા એકબીજાની દેશોને જોડવા માટે પ્રયત્ન કરે છે.
  - ✓ BIMSTEC ની સ્થાપના - 1997
  - ✓ BIMSTEC - Bay of Benga lInitiative for Multisector Technical and Economic Co-operation
  - ✓ BIMTEC દેશો : Bangladesh, Srilanka, India, Nepal, Bhutan, Thialand, Myanmar
- ❖ સુદાનમાં સૈન્ય દ્વારા સત્તા સંભાળવામાં આવી
  - ✓ સુદાનના વડાપ્રધાનની ધરપકડ બાદ સેનાએ ચાલુ સરકારનો ભંગ કરી સૈન્ય સત્તા સ્થાપી.
  - ✓ આ સ્થિતિની ઘોષણા સેનાના પ્રમુખ જનરલ અલ્દેલ-ફતહ બુરહાને કરી હતી.
  - ✓ 2023ની ચૂંટણી સંબંધિત નેતૃત્વ માટે સેના દેશમાં એક ટેક્નોક્રેટિક સરકારની નિયુક્તિ કરશે.
  - ✓ સુદાનમાં લાંબા સમયથી પ્રધાનમંત્રી અબ્દલા હમડોકના શાસન સામે વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા હતા.
- ❖ રક્ષા મંત્રી રાજનાથસિંહે DefExpo 2022 માટેની અધ્યક્ષતા કરી.
  - ✓ રાજનાથ સિંહે DefExpo 2022 માટે મળેલ રાજદૂતોની ગોળમેજી પરિષદની દિલ્હીથી અધ્યક્ષતા કરી.
  - ✓ આ પરિષદનો ઉદ્દેશ્ય DefExpo 2022ની યોજના, વ્યવસ્થા અને અન્ય બાબતો વિશેની માહિતી વિદેશી રાજદૂતોને આપવાનો છે.
  - ✓ DefExpo 10 થી 13 માર્ચ 2022માં ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવશે.
  - ✓ આ Expo મુખ્યત્વે એરોસ્પેસ, ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ અવકાશ, સાયબર સ્પેસ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ 3D પ્રિન્ટિંગ જેવાં ક્ષેત્રોના R&D (Research & Development) માટે આયોજિત કરાશે.
- ❖ કેરળના મુખ્યમંત્રીએ હોમિયોપેથિક દવા વિતરણનો શુભારંભ કર્યો
  - ✓ કેરળ મુખ્યમંત્રી પિનારાઇ વિજયને બાળકોમાં કોવિડ-19 વિરુદ્ધ હોમિયોપેથિક દવાઓનું વિતરણ શરૂ કર્યું.
  - ✓ કેન્દ્ર સરકારના આયુષ વિભાગે આર્સેનિકમ એલ્બમ 30 વહેંચવા માટેની પહેલ શરૂ કરી હતી.
  - ✓ 5થી 17 વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને દવાનાં ત્રણ પત્તાં ફ્રી આપવામાં આવશે.
- ❖ ચીનનો શિજિયાન 21 ઉપગ્રહ
  - ✓ અંતરિક્ષમાં ભેગા થયેલ કચરાને નાશ કરવાના પરીક્ષણ હેતુ ચીન દ્વારા આ ઉપગ્રહ લોન્ચ કરાયો છે.
  - ✓ ચીનના ઝિચાંગ સેટેલાઇટ લોન્ચ સેન્ટરથી લોંગ માર્ચ 3Bની મદદથી તેને છોડાયું હતું.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ IPL 2022ની સિઝન માટે આરપી સંજીવ ગોયન્કા ગ્રુપે લખનઉ ફ્રેન્ચાઇઝી 7,090 કરોડ તથા સીવીસી કેપિટલ્સે અમદાવાદ ફ્રેન્ચાઇઝીને 5625 કરોડમાં ખરીદી.

- ✓ ઓસ્ટ્રેલિયાએ જાહેર કરેલા નવા નિયમાનુસાર 16 વર્ષથી નીચેની વયના સગીરને સોશિયલ મિડીયાનો ઉપયોગ કરતાં પહેલાં વાલીની મંજૂરી ફરજીયાત લેવી પડશે.
- ✓ 67મા નેશનલ ફિલ્મ પુરસ્કારમાં ફિલ્મ મણિકર્ણિકા અને પંગા માટે કંગના રનૌતને તથા ફિલ્મ ભોંસલે માટે મનોજ બાજપાયીને અને ફિલ્મ અસૂરન માટે ધનુષને બેસ્ટ એક્ટરનો એવોર્ડ.
    - ▪ આ જ નેશનલ ફિલ્મ પુરસ્કારમાં ફિલ્મ 'છિછોરે' ને શ્રેષ્ઠ ફિલ્મ એવોર્ડ અપાયો હતો.
- ✓ નિરંજની અખાડાના મહંત રવીન્દ્ર પૂરી અખિલ ભારતીય અખાડા પરિષદના નવા અધ્યક્ષ બન્યા.
- ✓ ભાસ્કર જૂથને કોરોના કાળમાં દમદાર રિપોર્ટિંગ માટે આ વર્ષનો 'પ્રેમ ભાટિયા ઉત્કૃષ્ટ પત્રકારત્વ એવોર્ડ' એનાયત થશે. દેશના જાણીતા પત્રકારત્વ એવોર્ડ' એનાયત થશે. દેશના જાણીતા પત્રકાર પ્રેમ ભાટિયા (1911-1995)ની યાદમાં પ્રેમ ભાટિયા મેમોરિયલ ટ્રસ્ટ 1995થી આ પુરસ્કાર આપે છે.
- ✓ 51મો દાદા સાહેબ ફાળકે એવોર્ડ અભિનેતા રજનીકાંતને અપાશે.
- ✓ મહિલાઓની વિશેષ સુરક્ષાને ધ્યાને રાખતાં હૈદરાબાદ પોલીસની 'શી' ટીમ દ્વારા 'સાથ સાથ સબ ઔર ભી પાસ' નામક નવી પહેલ શરૂ કરી.
- ✓ ઊઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ 'શવકત મિર્જિયોયેવ' બીજી વખત રાષ્ટ્રપતિ માટે ચૂંટાઇ આવ્યા.
- ✓ આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે ઉધોગ મંત્રી ડૉ. મહેન્દ્ર પાંડે (કેન્દ્ર સરકાર)એ 'આઝાદી અમૃત ચા' લોન્ચ કરી. આ ચા ઈલાયચી, આદુ, મસાલા ફ્લેવરમાં ચા બનાવતી 'મિસર્સ એન્ડ્રુથૂલ એન્ડ કંપની લિમિટેડ' બનાવી છે.

**27 ઓક્ટોબર**

- ❖ HDFC તથા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા હોમ લોન માટે કરાર થયા.
    - ✓ આ કરાર હેઠળ અંદાજે 4.7 આરોડ ગ્રાહકોને હોમ લોન આપવામાં આવશે.
    - ✓ આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય એવા વિસ્તારને આવરી લેવાનો છે જય બેંકની સુવિધાનો અભાવ હોય.
    - ✓ કરાર મુજબ તમામ હોમ લોન માટે ક્રેડિટ, ટેકનિકલ અને કાનૂની મૂલ્યાંકન પ્રક્રિયા તથા વિતરણ HDFC લિમિટેડ દ્વારા કરવામાં આવશે જ્યારે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB) લોનના સોર્સિંગ માટે કામ કરશે.
- ❖ હરિયાણા સરકારની નવી મફત શિક્ષણ યોજના
    - ✓ હરિયાણાના CM મનોહરલાલ ખટ્ટરે વાર્ષિક 1.80 લાખથી ઓછી આવક ધરાવતા પરિવારના બાળકોને મફત શિક્ષણની યોજનામાં આવરી લેવાનો નિર્ણય કર્યો.
    - ✓ રાજ્ય સરકારની ચાલી રહેલ 'પરિવાર ઓળખ પત્ર' યોજના અંતર્ગત આ યોજનાનો સમાવેશ કરાયો છે.
    - ✓ આ યોજના હેઠળ રાજ્ય સરકાર KG થી PG સુધીનું શિક્ષણ આપતિ સંસ્થાઓની સ્થાપન કરશે. હાલમાં 2021-22ના શૈક્ષણિક સત્ર માટે કુરુક્ષેત્ર યુનિવર્સિટીએ KG થી PGનો સળંગ અભ્યાસક્રમ શરૂ કર્યો છે.
- ❖ સૈયદ સુલ્તાન અહમદને સાતમી વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર
    - ✓ પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા સૈયદ સુલ્તાન (LXL આઇડિયાઝના MD) ને લઘુ ફિલ્મ 'એપ્પલ એન્ડ ઓરેન્જ' માટે સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો.

- ✓ અગાઉ તેમને 'રેડ બિલ્ડિંગ વ્હેર ધ સન સેટ્સ' (2011), 'ધ ફિનિશ લાઇન' (2011), 'ચેન્જિંગ ધ રેઇન્બો' (2013), 'બેસ્ટ ફ્રેન્ડ્સ ફોરએવર' (2015) માટે પણ રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા હતા.

❖ અનીતા આનંદ કેનેડાના નવા રક્ષા મંત્રી નિયુક્ત

- ✓ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડૉએ ભારતીય મૂળના અનીતા આનંદને રક્ષા મંત્રાલયની જવાબદારી સોંપી.
- ✓ અગાઉ તેમણે લોકસેવા અને ખરીદ મંત્રી તરીકે કાર્ય કરેલું છે.
- ✓ આનંદ અનીતા લાંબા સમયથી રક્ષા મંત્રી રહી ચૂકેલા 'હરજીત સજ્જન'નું સ્થાન લેશે. જ્યારે સજ્જનને આંતરરાષ્ટ્રીય વિકાસ એજન્સીના મંત્રી નિયુક્ત કરાયા છે.

❖ CONSULT એપ

- ✓ ભારતના કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આરોગ્ય, સુરક્ષા, પર્યાવરણ, ખેતી, વિદેશ બાબતો, રેલવે, મહિલા, જેવા વિષયો પર માહિતી મેળવવા માટે કૅન્સલ્ટ એપ લોન્ચ કરી.
- ✓ આ એપમાં 380 જેટલા વિષય નિષ્ણાતો જેતે વિષય સંબંધિત માહિતી પ્રદાન કરશે.

❖ એશિયાની પ્રથમ કન્ટેનર આધારિત મોબાઈલ હોસ્પિટલની શરૂઆત.

- ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ આપેલ માહિતી અનુસાર એશિયામાં ભારતમાં આ પ્રકારની સુવિધા શરૂ કરાયાની પ્રથમ ઘટના.
- ✓ આની શરૂઆત 'પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રકચર 'મિશન' અંતર્ગત કરવામાં આવી.
- ✓ આ પ્રોજેક્ટમાં બે કન્ટેનર આધારિત હોસ્પિટલ હમેશા તૈયાર રાખવામાં આવશે જે દેશમાં કોઇ પણ આપત્તિ સમયે 'રેલ અથવા હવાઈ માર્ગે' ઝડપથી કોઈપણ સ્થળે પ્રસ્થાપિત કરી શકાશે.

❖ NSDC એ સ્કિલ ઇમ્પેક્ટ બોન્ડ લોન્ચ કરવા માટે વૈશ્વિક ભાગીદારો સાથે ભાગીદારી કરી.

- ✓ NSDC - National Skill Development Corporation
- ✓ 'રોજગાર માટે તૈયાર યુવા' ભારતના વિઝનને શેર કરતાં NSDC એ HRH પ્રિન્સ ચાર્લ્સના બ્રિટિશ એશિયન ટ્રસ્ટ, માઇકલ એન્ડ સુસાન ડેલ ફાઉન્ડેશન (MSDF), ધ ચિલ્ડ્રન્સ ઇન્વેસ્ટમેન્ટ ફંડ ફાઉન્ડેશન, HSBC સાથે ભાગીદારી કરી.
- ✓ આ ભાગીદારી હેઠળ 4 વર્ષમાં ભારતના 50,000 યુવાનો લાભ આપવાનો ઉદ્દેશ્ય છે. જેમાં 60% મહિલાઓનો પણ સમાવેશ કરાશે.
- ✓ NSDCના ચેરમેન - એ એં નાઈક (તેઓ L&T ના ગ્રુપ ચેરમેન પણ છે)

❖ 27 ઓક્ટોબર: World Day for Audio Visual Heritage (WDAH)

- ✓ વર્ષ 2021નો વિષય - યોર વિંડૉ ટુ ધ વલ્ડ.
- ✓ 1980થી ચલચિત્રોની સુરક્ષા અને રક્ષણ માટે આ દિવસ ઉજવાય છે.
- ✓ આ દિવસ દ્રશ્ય-શ્રાવ્ય દસ્તાવેજોના મહત્વને સમજાવી તેની જાગૃતિ માટેના પ્રયાસો કેળવવા ઉજવવામાં આવે છે.

❖ Vigilance Awareness Week: 2021

- ✓ ભ્રષ્ટાચારને રોકવા તથા તેના વિરુદ્ધ લડવા માટે 26 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી Vigilance Awareness Week (સતર્કતા જાગૃતિ સપ્તાહ) ઉજવાશે.
- ✓ વર્ષ 2021ની થીમ - ઈન્ડિપેન્ડેન્ટ ઈન્ડિયા @ 75 : સલેફ રિલાયન્સ વિથ ઇન્ટિગ્રીટી (સ્વતંત્ર ભારત @ 75: ઈમાનદારી સાથે આત્મનિર્ભરતા).

- ✓ કેન્દ્રીય સતર્કતા આયોગ ભ્રષ્ટાચાર સામે લડે છે અને એક અખંડ લોક પ્રશાસન સ્થાપિત કરવા પ્રયાસો કરે છે.

❖ ગ્લેનમાર્ક (glenmark) દ્વારા ડાયાબિટીઝની દવા શોધવામાં આવી

- ✓ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ્સ ભારતમાં ડાયાબિટીઝની અનોખી ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન (FDC) દવા લોન્ચ કરનારી પ્રથમ (વિશ્વની) કંપની બની.
- ✓ આ દવામાં પ્રોટેક્ટેડ સોડિયમ ગ્લુકોઝ કો-ટ્રાન્સપોર્ટર ઇન્હિબિટર (SGLT2i) - રિમોગ્લિફ્લોઝિન ઇટાબોનેટ અને DPP4 (Dipptidy/Peptidase 4 Inhibitor, Metagiptin)નું સંયોજન છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ IIT દિલ્લી દ્વારા AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)માં M.Tech (માસ્ટર ઇન ટેકોનોલૉજી) કોર્સ શરૂ કરાયો.
- ✓ રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુએ રાજ્યસભાના નવનિયુક્ત સભ્યો એસ. સેલ્વગનબથી (BJP– પૂડુચેરી) અને સુષ્મીતા દેવ (તૃણમૂલ કોંગ્રેસ પશ્ચિમ બંગાળ)ને શપથ લેવડાવ્યા.
- ✓ ઓસ્ટ્રેલિયાના નાયબ વડાપ્રધાન બર્નાસી જોયસે 2050 સુધીમાં કાર્બન ઉત્સર્જન શૂન્ય કરવાના લક્ષ્યને ટેકો જાહેર કર્યો.
- ✓ સમાજમાં શાંતિ લાવવા હથિયારો, વિશષત: પરમાણુ હથિયારોનો ઉપયોગ ન કરવા 24 થી 30 ઓકટોબર Disarmament Week (નિ: શાસ્ત્રીકરણ સપ્તાહ) ઉજવાશે. અનના નિ:શસ્ત્રીકરણ આયોગની 1952માં UN સુરક્ષા પરિષદ દ્વારા સ્થાપના કરાઇ હતી.
- ✓ RBIએ નિયમોના ઉલ્લંઘન બદલ 'વસઇ વિકાસ સહકારી બેંક લિમિટેડ' પર રૂ. 90 લાખનો દંડ ફટકાર્યો.
- ✓ કોરોના મહામારી દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ GSRTC (Gujarat State Road Transportation Corporation)ને 'સિલ્વર સ્કોચ એવોર્ડ – 2020 અપાયો. આ એવોર્ડ Response To Covid-19 હેઠળ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રી દ્વારા અપાયો છે.
- ✓ તાજેતરમાં રસ્કિન બોન્ડે તેનું પુસ્તક 'રાઇટિંગ ફોર માઇ લાઈફ' બહાર પાડ્યું.
- ✓ રોમનાથ કૃષ્ણન ICRA (Investment Information and Credit Rating Agency of India Limited)ના MD/CEO નિયુક્ત.
- ✓ K માધવન IBDF (Indian Broadcasting & Digital Foundation)ના અધ્યક્ષ બન્યા.

**28 ઓકટોબર**

❖ 'સ્વસ્થ મહિલા, સ્વસ્થ ગોવા' પહેલ

- ✓ ગોવા રાજ્ય સરકાર દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે.
- ✓ તે અનુસાર એક લાખ મહિલાઓને સ્તન કેન્સરની નિ:શુલ્ક તપાસ કરવામાં આવશે.
- ✓ આ કાર્યક્રમની શરૂઆત ક્રિકેટર યુવરાજસિંહના You We Can Foundationએ SBI ફાઉન્ડેશન અને રાજ્ય સરકાર સાથે ભાગીદારી કરી છે.

❖ ઓડિશા સરકાર 34 ચિલ્ડ્રન ફ્રેન્ડલી પોલીસ સ્ટેશનની સ્થાપના કરશે.

- ✓ આ સ્ટેશનોમાં બાળકો માટે વિવિધ સુવિધાઓ જેવી કે તેમના માટે વિશેષ પ્રકારનાં ચિત્રો, પત્રિકાઓ તથા નાના પુસ્તકાલયની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

- ✓ ઓગસ્ટ 2021માં ઓડિશા ‘લેટ્સ રીડ’ અભિયાન શરૂ કરનાર પ્રથમ રાજ્ય બન્યું, જેનો ઉદ્દેશ્ય પોલીસ સ્ટેશનોને બાળકો માટે અધિક અનુકૂળ બનાવવાનો છે.
- ✓ વિશેષતા: આ બાળકો સાથે રહેનાર પોલીસ અધિકારીઓએ શું કરવું અને શું ન કરવું એ માટેના નિયમોની તકતી તથા બાળ કલ્યાણ અધિકારીના સંપર્કની વિગતો ધરાવતી તકતીઓ પણ લગાડવામાં આવશે.
- ✓ ગોવાના CM - નવિન પટનાયક.

❖ અર્થશૉટ પ્રાઇઝ

- ✓ અર્થશૉટ પ્રાઇઝ 2021માં પ્રથમ સંસ્કરણ અપાયું. (પ્રથમ વાર)
- ✓ આ પ્રથમ સંસ્કરણમાં 5 શ્રેણીમાં 5 પ્રાઇઝ અપાયા જેમાં એક ભારતીયનો સમાવેશ થાય છે.
  - Pretect & Restore Nature (કુદરતનું સંરક્ષણ & પુન: સ્થાપના) – કોસ્ટા રિકા
  - Revive Our Ocians (દરિયાનું પુન: સ્થાપના) – કોલ વિટાસ, બહામાસ
  - Build A Waste free World (કચરામુક્ત વિશ્વનું નિર્માણ) – મિલાન (ઇટાલી)
  - Fix Our Cliamte (સુરક્ષિત આબોહવા) –AEM એલેક્ટ્રોલેસર (થાઇલેન્ડ, જર્મની)
  - વિધુત મોહન – ‘ટેકાચાર’ કંપની (ભારત)
    - ‘ક્લિન અવર એર’ શ્રેણીમાં અર્થશૉટ પ્રાઇઝ મળ્યો.
    - તેમણે ખેતી પાકોને બાયોફ્યુલમાં ફેરવાવની પદ્ધતિ વિકસાવી છે.
    - 2020માં UNESCO એ તેમણે ‘યંગ ચેમ્પિયન ઓફ ધ અર્થ’ નો પુરસ્કાર આપ્યો હતો.

**અર્થશૉટ પુરસ્કાર વિશે**

- ✓ ઇંગ્લેન્ડના રાજવી પ્રિન્સ વિલીયમ અને કુદરતી ઇતિહાસકાર સર ડેવિડ ફ્રેડરિક એટ્નબર્ગ દ્વારા પર્યાવરણ સંબંધિત આ પુરસ્કાર શરૂ કર્યો.
- ✓ પુરસ્કારનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં પર્યાવરણની 50 જેટલી સમસ્યાનો ઉકેલ લાવવનો છે.
- ✓ આ પુરસ્કાર 10 વર્ષ (2021-2030) સુધી આપવાની નીતિ ઘડવામાં આવી છે જે હેઠળ 1 મિલિયન પાઉન્ડ (10 લાખ પાઉન્ડ)ના ઇનામો આપવામાં આવશે.

❖ ભારતમાં 1 અબજ/100 કરોડનું કોવિડ રસીકરણ પૂર્ણ

- ✓ હાલ ભારતમાં કોવિડ-19 રિકવરીનો દર 98.15% છે. જે માર્ચ 2020થી મહત્તમ છે.
- ✓ કુલ દૈનિક ચેપ દર 1.48% છે. છેલ્લા 52 દિવસમાં ચેપ 3%થી નીચે અને છેલ્લા 135 દિવસથી 5%થી નીચે રહ્યો છે.

❖ માર્ક ઝૂકરબર્ગનું ડ્રીમ - મેટાવર્સ

- ✓ ફેસબુકના CEO માર્ક ઝૂકરબર્ગ હાલ તેમના ડ્રીમ પ્રોજેક્ટ ‘મેટાવર્સ’ પર કાર્ય કરી રહ્યા છે.
- ✓ Meta (મેટા) એટલે ‘કોઇ વસ્તુથી પર હોવું’ અને Verse (વર્સ) એટલે ‘બ્રહ્માંડ’ એટલે કે Metaverse - બ્રહ્માંડથી પર - એવું એક અલગ વિશ્વ.
- ✓ જેમ પૃથ્વી એક યુનિવર્સ છે તેમ મેટાવર્સ એક વર્ચ્યુલઅલ (ડિજીટલ) દુનિયા છે જેમાં AR (ઓગમેન્ટેડ રીઆલિટી)ની મદદથી વર્ચ્યુઅલ વિશ્વનો આભાસ કરી મિત્રો સાથે કામ કરી શકો છે તથા ખરીદી પણ કરી શકાય.

❖ SAMBHAN રાષ્ટ્રીય સ્તરની જાગૃતિનો કાર્યક્રમ

- ✓ કેન્દ્રીય MSME મંત્રી નારાયણ રાણેએ કાર્યક્રમ શરૂ કર્યો.

- ✓ આ કાર્યક્રમ હેઠળ દેશના આર્થિક વિકાસ તરફ દોરી રહેલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અપાશે.
- ✓ આ સાથે જ MSME ક્ષેત્રમાં રોજગારી સર્જન કરી વર્તમાન GDPને 30% થી વધારીને 50% કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

❖ ભારતે બેલેસ્ટિક મિસાઇલ અગ્નિ-5નું સફળ પરીક્ષણ કર્યું.

- ✓ સપાટીથી સપાટી પર 5000 km સુધીના લક્ષ્ય પર પ્રહાર કરવા માટે આ મિસાઇલ સક્ષમ છે.
- ✓ આ મિસાઇલ ત્રણ તબક્કામાં ઘન બળતણ આધારિત એન્જિન ધરાવે છે.
- ✓ આ મિસાઇલને બાલાસોરમાં ઓડિશાના દરિયાકિનારે આવેલા ડૉ. એ. પી. જેઅબ્દુલ કલામ આઇલેન્ડ પરથી લોન્ચ કરવામાં આવી હતી.
- ✓ આ મિસાઇલનું નિર્માણ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દ્વારા કરવામાં આવ્યું છે.
- ✓ હાલ ભારત પાસે અગ્નિ-5 ઉપરાંત અગ્નિ શ્રેણીની મિસાઇલો જે ઉપલબ્ધ છે.
  - અગ્નિ-1 - 700 km મારકક્ષમતા
  - અગ્નિ-2 - 1200 km મારકક્ષમતા
  - અગ્નિ-3 - 2500 km મારકક્ષમતા
  - અગ્નિ-4 - 3500 km મારકક્ષમતા
  - અગ્નિ-5 - 5000 km મારકક્ષમતા

❖ પાબ્લો એમ્કોબારના હિપ્પોને કાયદાકીય દરજ્જો

- ✓ પાબ્લો એસ્કોબાર એ ડ્રગ્સની દુનિયાના સરતાજ કહેવાતા અને તેમની 1933માં હત્યા કરવામાં આવી હતી.
- ✓ પાબ્લોને પ્રાણીઓનો બહોળો શોખ હતો જેથી તેમણે કોલંબિયાની રાજધાની બુગોટાથી 250 km ના અંતરે પ્રાણી સંગ્રહાલય બનાવ્યું હતું જે તેમના અવસાન બાદ જપ્ત કરાયું હતું.
- ✓ તેમના પ્રાણી સંગ્રહાલયના તમામ પ્રાણીઓને આશરો અપાયો હતો પરંતુ 4 હિપોપોટેમસને મેગડાલેના નદી કિનારે છોડવામાં આવ્યા હતા.
- ✓ આ હિપ્પો 'કોકેઇન હિપ્પો' તરીકે ઓળખાય છે જેની હાલ 80 થી 100 ની વસતિ જોવા મળે છે.
- ✓ તાજેતરમાં ત્યાંની કોર્ટ આ હિપ્પોના રક્ષણાર્થે તેને 'પર્સન ઓફ ઇન્ટરેસ્ટ'નો દરજ્જો આપ્યો જેનાથી તેનું સંરક્ષણ કરી શકાય.
- ✓ આફ્રિકા બાદ, સૌથી વધુ હિપ્પો ધરાવતું એક માત્ર સ્થળ એ કોકેઇન હિપ્પોનું રહેઠાણ ધરાવતું સ્થળ છે.
- ✓ પાબ્લો એસ્કોબારના પ્રાણી સંગ્રહાલયનું નામ - હેસિન્ડા.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ સાઉદી ફંડ ફોર ડેવલપમેન્ટ પાકિસ્તાનને 3 અબજ ડોલર (22,500 કરોડ) ની લોન આપશે.
- ✓ ખેલ રત્ન પુરસ્કાર-2021 અંતર્ગત નીરજ ચોપડાને ખેલ રત્ન તથા ભવિના પટેલને અર્જુન એવોર્ડ અપાશે.

- ✓ US દ્વારા 'ચાઈના ટેલોકોમ' નામની ચીનની ટેલિકોમ કંપનીને 60 દિવસમાં અમેરિકામાંથી સેવા બંધ કરવાની નોટિસ આપી. આ નોટિસ અમેરિકી ટેલિકોમ સર્વિસની સુરક્ષાને ધ્યાને રાખીને અપાઈ છે.
- ✓ WMO (વર્લ્ડ મીટિરોલોજિકલ ઓર્ગેનાઇઝેશન) દ્વારા 'ગ્રીનહાઉસ ગેસ બુલેટિન' માં આપેલા અહેવાલ મુજબ વર્ષ 2020માં ચક્રવાત, પૂર અને દુષ્કાળની આફતથી ભારત રૂ. 6535 અબજના નુકસાન સાથે વિશ્વમાં બીજા સ્થાને. જ્યારે ચીન-238 અબજ ડોલર સાથે પ્રથમ અને જાપાન-83 અબજ ડોલર સાથે ત્રીજા સ્થાને.
- ✓ કેન્દ્ર સરકાર વાહનો સાથે જોડાયેલા નિયમોમાં ફેરફાર કરી. 4 વર્ષથી ઓછી ઉમરના બાળકને મોટર સાઇકલમાં સવારી કરાવતી સમયે મહત્તમ વહાનની ઝડપ 40 km/ કલાક રાખવાનો નિયમ બનાવશે.
- ✓ કેન્દ્ર સરકારે કે. વિ. કામથને NaBFID – નેશનલ બેંક ફોર ફાઇનાન્સિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટના અધ્યક્ષ નિયુક્ત કર્યા.
- ✓ આયશર મોટર્સના MD તરીકે 'સિદ્ધાર્થ લાલની પુન: નિયુક્તિ કરાઇ.
- ✓ ઝિમ્બાબ્વેનાં લેખિકા અને ફિલ્મ નિર્માતા ત્સિત્સીડાંગારેમ્બગાને પ્રતિષ્ઠિત જર્મન શાંતિ પુરસ્કાર અપાયો. આ પુરસ્કાર જીતનાર તેઓ પ્રથમ અશ્વેત મહિલા છે.
- ✓ બ્રિટિશ સેનાના જનરલ પ્રમુખ સર માર્ક કાર્લટન - સ્મિથ ચાર દિવસ ભારતની મુલાકાતે.
- ✓ પ્રસિદ્ધ ગાંધીવાદી નેતા, સલેમ નંજુદૈયા સુબ્બા રાવ કે જેઓ શ્રમદાન (શ્રમ(મહેનત)નું સ્વૈચ્છિક દાન) માટે જાણીતા હતા તેમનું નિધન થયું. તેમને મહાત્મા ગાંધી સેવ પુરસ્કાર, શાંતિદૂત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર, અણુવ્રત અંહિસા પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.
- ✓ ફ્યુચર જનરલ ઇન્શ્યોરન્સ દ્વારા બેંક ઓફ ઇન્ડિયા સાથે ઇન્શ્યોરન્સ સંબધિત ભાગીદારી કરવામાં આવી.
- ✓ SBI જનરલ ઇન્શ્યોરન્સે ગુગલ પે સાથે સ્વાસ્થ્ય વીમાના લાભ માટે ભાગીદારી કરી.

**29 ઓકટોબર**

- ❖ ઓડિશા મુખ્યમંત્રીએ વિશ્વનો પ્રથમ FIFA ફોર સ્કૂલ પ્રોગ્રામ લોન્ચ કર્યો.
  - ✓ KISS– કલિંગ સામાજિક વિજ્ઞાન સંસ્થાન, ભુવનેશ્વર દ્વારા આ પ્રોગ્રામ શરૂ કરાયો છે.
  - ✓ ફૂટબોલ ફોર સ્કૂલ (F4S) FIFA દ્વારા સંચાલિત વિશ્વવ્યાપી કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય 700 મિલિયન બાળકોને શિક્ષણ, વિકાસ અને સશક્તિકરણ પ્રદાન કરવાનો છે.
  - ✓ ઓડિશા CM - નવીન પટનાયક.
- ❖ ચેન્નાઈ મૈસૂર શતાબ્દી એક્સપ્રેસ IMS પ્રમાણિત ટ્રેન બની.
  - ✓ IMS - Integrated Management System.
  - ✓ આ પ્રમાણપત્ર મેળવનાર તે ટ્રેન ભારતીય રેલવેની પ્રથમ શતાબ્દી અને ભારતીય રેલવેની બીજી મેલ/એક્સપ્રેસ ટ્રેન છે.
  - ✓ આ પ્રમાણપત્ર વ્યાપક ઓડિટ અને રેલવે દ્વારા તમામ નિર્ધારિત ધોરણોનું પાલન કરવાની યોગ્ય ચકાસણી બાદ અપાયું છે.
  - ✓ આ ટ્રેનને અન્ય ISO 9001 : 2015, ISO 14001 : 2015 અને ISO 45001 : 2018 પ્રમાણપત્ર પણ મળેલાં છે.

❖ 29 ઓક્ટોબર: World Psoriasis Day (વિશ્વ સોરસિસ દિવસ)
  - ✓ સોશયસિસ એ ત્વચા (ચામડી) સાથે જોડાયેલા રોગ છે જેમાં લાલ ચકામા થાય અને ખંજવાળ આવે છે. સામાન્ય રીતે સોરયસીસ ગોઠણ, કોણી, ઘડ અને ખોપડીના ભાગમાં વધુ જોવા મળે છે.
  - ✓ વિશ્વમાં 125 મિલિયન લોકો સોરાયસ્તિસનો ભોગ બનેલા છે.
  - ✓ અત્યાર સુધીમાં સોરાયસિસ કોઈ સચોટ દવા ઉપલબ્ધ થઈ નથી પરંતુ તેને દાક્તરી ઈલાજ દ્વારા ઘટાડી શકાય છે.

❖ 29 ઓક્ટોબર: World Stroke Day (વિશ્વ સ્ટ્રોક દિવસ)
  - ✓ સ્ટ્રોકના ઊંચા દર અંગે જાગૃતિ લાવવા અને તેના જોખમી પરિબળોની સમજણ કેળવવાના હેતુસર આ દિવસ ઉજવવામાં આવે છે.
  - ✓ વર્લ્ડ સ્ટ્રોક ઓર્ગેનાઇઝેશન (WSO) દ્વારા વૈશ્વિક પ્લેટફોર્મ પરથી આ દિવસ ઉજવાય છે.
  - ✓ 2021ની થીમ - Minutes can save lives (મિનિટ જીવન બચાવી શકે છે)
  - ✓ સ્ટ્રોક (આંચકો) ત્યારે આવે છે જ્યારે માથા સુધી રક્તનું વહન પૂરતા પ્રમાણમાં ના થાય અથવા તો સદંતર બંધ થાય.

❖ કેરળ, તમિલનાડુ, તેલંગણા શાસન પ્રદર્શનમાં ઉચ્ચ ક્રમાંકે
  - ✓ ગવર્નન્સ પરફોર્મન્સમાં (શાસન પ્રદર્શન) થયેલા 18 રાજ્યોના સંશોધનમાં આ ક્રમ અપાયા.
  - ✓ PAI 2021 (પબ્લિક અફેર્સ ઇન્ડેક્ષ) જે ઇક્વિટી, વૃદ્ધિ અને ટકાઉપણાના આધારસ્તંભો પર ગવર્નન્સ કામગીરીમાં રાજ્યો દ્વારા મેળવેલા સ્કોરના આધારે યાદી તૈયાર કરવામાં આવે છે.
  - ✓ આ યાદીમાં ગુજરાત –5મા ક્રમે, કર્ણાટક સાતમા અને મહારાષ્ટ્ર 12મા સ્થાને છે.

❖ ‘હર ઘર દસ્તક’ અભિયાન
  - ✓ કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આ અભિયાન શરૂ કરાયું છે.
  - ✓ અભિયાન કોવિડ-19ના રસીકરણ સાથે જોડાયેલું છે.
  - ✓ અભિયાન હેઠળ એવા જિલ્લા પસંદ કરાશે જ્યાં હાલ વેક્સિનેશન પૂર્ણ થયાની ટકાવારી ઓછી છે. આ જિલ્લામાં લોકોના ઘરે જઈ વેક્સિન માટે જાગૃતિ લાવી તેમને વેક્સિનેટેડ કરવા માટે પ્રયાસો હાથ ધરશે.

❖ બેંગકોકને ગિનીશ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન
  - ✓ થાઈલેન્ડની રાજધાની બેંગકોકને તેના પૂરા નામ માટે વિશેષ કક્ષાનો ગિનિસ રેકોર્ડ મળ્યો.
  - ✓ બેંગકોકનું પૂરું નામ – 169 અક્ષરોથી બનેલું છે. જો તેમાં વચ્ચે આવતી જગ્યા (સ્પેસ) ગણી લેવામાં આવે તો તે 176 અક્ષરનું બને છે.
  - ✓ આ નામ થાઈ ભાષામાં 132 અક્ષરો + 7 સ્પેસથી બઅને છે.
  - ✓ આ જ કારણે બેંગકોકને ‘વિશ્વનું સૌથી લાંબુ નામ ધરાવતું શહેર’ તરીકે રેકોર્ડમાં સ્થાન મળ્યું.
  - ✓ બેંગકોકના આ નામમાં પાલિ અને સંસ્કૃત ભાષાનું મિશ્રણ પણ જોવા મળે છે.
  - ✓ થાઈલેન્ડમાં તેના શાસક રાજાને રામ-1, રામ-2 એવાં નામ અપાય છે, વર્તમાનમાં રામ-10 શાસન કરે છે.
  - ✓ થાઈલેન્ડનું રાષ્ટ્રીય પક્ષી - ગરુડ;રાષ્ટ્રીય પુસ્તક - રામાકિયેન (રામાયણ)

**યાદ રાખો (માત્ર જાણકારી સારું)**
  - ✓ બેંગકોકનું પૂરું નામ : કૃંગ થેપ મહાનાખોન અમોનસ્તનકોસીન મહીન્થુરયૂથય મહાદિલોકફોપ નોપફરત રતચથાની બૂરીરોમ ઉદોમશતચનિવેત મહાસાથન અમોનપિમાન અવતાન સાથિત સક્કયલિય વિતભનુક્રમ પ્રસીત

- ✓ નામનો અર્થ : દેવતાઓનું શહેર, અમર શહેર, નવરત્નોનું ભવ્ય શહેર, રાજાઓનું આસન, રાજવી મહેલોનું શહેર, અવતાર દેવોનું ઘર, ઇન્દ્રના કહેવાથી વિશ્વકર્માએ ઊભુ કરેલ.

❖ IVF દ્વારા ભારતમાં પ્રથમ વખત ભેંસનું ગર્ભાધાન

- ✓ IVF - ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન
- ✓ ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ધણેજ ગામમાં સુશીલ એગ્રો ફાર્મના ખેડૂત વિનય એલ. વાળાની બન્ની જાતિની ભેંસ (જે કચ્છની એક પ્રજાતિ છે)માં આ પ્રકારનું ગર્ભાધાન કરવામાં આવ્યું હતું.
- ✓ વૈજ્ઞાનિકોએ IVC પ્રક્રિયા (ઇન્ટ્રાવેજીનલ કલ્ચર ડિવાઇસ) દ્વારા 1 ભેંસમાંથી 20 અંડાણુ એમ 3 ભેંસોમાંથી અંડાણુ લઈ 18 ભ્રૂણ વિકસાવવામાં આવ્યાં અને તેમાંથી 15 ભ્રૂણોની સ્થાપના કર્યા બાદ 6 ભેંસોને ગર્ભાવસ્થા ધારણ થઈ હતી અને આ 6માંથી એક ભેંસે પાડાને જન્મ આપ્યો હતો.
- ✓ IVF ટેકોનોલૉજીમાં અંડાણુ /શુક્રાણુઓને કુત્રિમ રીતે (લેબોરેટરીમાં) ફળદ્રુપ કરવામાં આવે છે.
- ✓ IVFમાં સફળતા મળવાની શક્યતા BL દર પર આધારિત છે. આ પ્રયાસમાં BL દર 62% જોવા મળ્યો હતો.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર સુશીલ ચંદ્રાએ ઉઝબેકિસ્તાનમાં (તારકંદ) 3 સભ્યોના પ્રતિનિધિ મંડળના નેતૃત્વ દ્વારા આંતરરાષ્ટ્રીય નિરીક્ષક તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણીના સંચાલનનું પરિક્ષણ અને દેખરેખ કરી. ઉઝબેકિસ્તાનના કેન્દ્રીય ચૂંટણી પંચના અધ્યક્ષ - જૈનદિન એમ. નિજામખોદજે.
- ✓ કોરોના મહામારી વચ્ચે રશિયામાં મૃતકોનો અંતિમ સંસ્કાર મેળો (ડેથ ફેર) યોજાયો જેમાં અંતિમ સંસ્કારના આધુનિક ટ્રેન્ડ્સ તથા ડિઝાઇનર તાબૂતોનું પ્રદર્શન યોજાયું છે.
- ✓ અમેરિકાના સ્મિથ સોનિયન નેશનલ મ્યુઝિયમ ઓફ એશિયન આર્ટ - રિલાયન્સ જિયો ઇન્ફૉકોમના ડાયરેક્ટર ઇશા અંબાણીને બોર્ડ ઓફ ટ્રસ્ટીઝમાં સામેલ કર્યા.
- ✓ આરબીઆઇએ બલદેવ પ્રકાશને જમ્મુ કાશ્મીર બેંકના MD & CEO તરીકે નિયુક્ત કર્યા.
- ✓ શ્રીલંકાની ક્રિકેટર ઇશાની લોકસુરિયાજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લીધો. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 2005ના પદાર્પણ કર્યું હતું.

## 30 ઓક્ટોબર

❖ 30 ઓક્ટોબર: World Savings Day (વિશ્વ બચત દિવસ)

- ✓ વિશ્વ બચત દિવસ દર વર્ષે 31 ઓક્ટોબરે વિશ્વભરમાં ઉજવાય છે. પરંતુ ભારતમાં તે 30 ઓક્ટોબરે ઉજવાય છે.
- ✓ દિવસની ઉજવણીનો ઉદેશ્ય બચતના મહત્વને વધારીને જાગૃતિ લાવવાનો છે.
- ✓ આ દિવસની સ્થાપના 30 ઓકટોબર 1924 ઇટલીમાં મળેલા પ્રથમ ઇન્ટરનેશનલ સેવિંગ્સ બેંકના સંમેલનમાં થઈ હતી.

❖ વડાપ્રધાન મોદીએ ઉત્તર પ્રદેશના વારાણસીથી આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશનની શરૂઆત કરી.

- ✓ આ યોજનાનો ઉદ્દેશ ગામથી લઈ તાલુકા અને જિલ્લાથી લઈ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે 4-5 વર્ષોમાં ક્રિટિકલ હેલ્થ નેટવર્કને મજબૂત કરવાનો છે.
- ✓ આ યોજના હેઠળ આગામી 5 વર્ષ માટે 64,000 કરોડ રૂ. ફાળવવામાં આવ્યા છે તથા યોજના મુખ્યત્વે ત્રણ પાસાઓ પર કામ કરશે.
  - નિદાન અને સારવાર માટે પૂરતી વ્યવસ્થાનું સર્જન
    - આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની ગામ અને શહેરમાં સ્થાપના
    - મફત તબીબી સલાહ, મફત ટેસ્ટસ, મફદ  દવાઓ
    - ગંભીર માંદગી માટે, 600 જિલ્લા અને રેફરલ સુવિધાઓમાં 35 હજાર નવા ક્રિટિકલ કેર સંબંધી બેડસ ઉમેરાઈ રહ્યા છે. જે 125 જિલ્લાઓમાં આપશે.
  - રોગના નિદાન માટે ટેસ્ટિંગ નેટવર્ક
    - દેશના 730 જિલ્લા અને 3000 તાલુકામાં જાહેર આરોગ્ય એકમો તથા લેબ્સની સ્થાપના
    - રોગ નિયંત્રણ માટે બાયોસેફટી લેવલ (BSC) લેબ્સની સ્થાપના
  - મહામારીનો અભ્યાસ કરતી હાલની સંશોધન સંસ્થાઓનું વિસ્તરણ
    - 80 વાયરલ રોગ નિદાન અને સંશોધન લેબ્સને મજબૂત બનાવશે.
    - 4 નવી નેશનલ ઇન્સ્ટિટ્યૂટસ ઓફ વાયરોલોજીની અને એક નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર વન હેલ્થની સ્થાપના

❖ નિપુણ ભારત મિશનના અમલ માટે ‘રાષ્ટ્રીય સંચાલન સમિતિ’

- ✓ શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે ધોરણ 3 સુધીના દરેક બાળક માટે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યા જ્ઞાનમાં સાર્વત્રિક નિપુણતાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ શરૂ થઈ હતી.
- ✓ NIPUN - નેશનલ ઈનિશીએટિવ ફોર પ્રોફિશીયન્સી ઇન રીડીંગ વિથ અંડરસ્ટેન્ડિંગ એન્ડ ન્યૂમેરસી
- ✓ રાષ્ટ્રીય સંચાલન સમિતિનું રાષ્ટ્રીય સ્તરે સંચાલન કરવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં સમિતિની રચના થઈ હતી.
- ✓ આ સમિતિ 2026-27માં રાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત કરવાના શિક્ષણ સંબંધી લક્ષ્યાંકો પર કામ કરશે તથા શિક્ષકો માટે વિશેષ તાલીમ તથા અભ્યાસક્રમોની રચના કરશે.
- ✓ આ સમિતિમાં અન્ય સભ્યોમાં NCERTના નિયામક, NIEPA ના ચાન્સેલર, UPના શિક્ષણ સચિવ, ગુજરાત GCERCના તથા સિક્કિમ SCERTના નિર્દેશક વગેરેનો સમાવેશ કરાયો છે.

❖ 18મું ભારત-ASEAN શિખર સંમેલન

- ✓ ASEAN - એસોશિયેશન ઓફ સાઉથસ્ટ એશિયન નેશન્સ.
- ✓ આ સંમેલનમાં બ્રુનઇ દેશના મહામહિમ સુલતાન હાજી હસાનલ બોલકિયાહની અધ્યક્ષતા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહઅધ્યક્ષતા કરી હતી.
- ✓ આશિયાન – ભારત ભાગીદારીના 30 વર્ષની સ્મૃતિમ, આગેવાનોએ 2022ને ‘ ભારત-આસિયાન મિત્રતા વર્ષ’ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.
- ✓ મ્યાનમાર માટે ભારતે 2,00,000 ડોલરની તબીબી સહાય અને આસિયાન કોવિડ-19 રિસ્પોન્સ ફંડમાં 1 અબજ ડોલરની સહાય કરી હતી.

  ASEAN
  - સ્થાપના - 1967માં મલેશિયામાં.

- સ્થાપક સભ્યો - મલેશિયા, સિંગાપોર, ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ  થાઇલેન્ડ.
- 10 સમાવિષ્ટ દેશો - ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, સિંગાપોર, મલેશિયા, ફિલીપાઇન્સ, વિયેતનામ, બ્રુનઇ, કમ્બોડિયા, મ્યાનમાર, લાઓસ.
- ભારત-આસિયાન વચ્ચે 2010થી AIFTA–ASEAN (ઇન્ડિયા ફ્રી ટ્રેડ એરિયા – આશિયાન) કરાર પણ લાગુ છે.

❖ ફેસબુકનું નવું નામ 'META' (મેટા)

- ✓ ફેસબુકના માલિક માર્ક ઝૂકરબર્ગ અસલી અને ડિજીટલ જગતને વર્ચ્યુઅલ રિયલ્ટી (VR)માં લાવી તેના વચ્ચેનો ભેટ દૂર કરવાના ઉદ્દેશ્યથી આ નામ અપનાવ્યું.
- ✓ આ માટે તેમણે એક નવું ક્ષેત્ર સ્થાપિત કર્યું જેણે મેયવર્સ નામ આપી કંપનીનું બ્રાન્ડનેમ 'મેટા' કર્યું.
- ✓ Facebookનું નામ META થવાથી ઉપયોગકર્તાને કોઈ જ ફરક પડશે નહીં, માત્ર હવેથી માર્કઝૂકરબર્ગ 'CEO એટ મેટા' ના નામથી ઓળખાશે.
- ✓ મેટા નામ ધારણ કર્યા બાદ કંપની આવતા વર્ષે પ્રોજેક્ટ કેમ્બ્રિયા નામનો હેડસેટ માર્કેટમાં બહાર પાડશે તથા વર્ચ્યુઅલ રિયાલિટી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ચશ્મા પણ વિકસાવશે.
- ✓ તાજેતરમાં ફેસબૂકના જ પૂર્વ કર્મચારીએ ફેસબૂક દુનિયાના 24 જેટલા દેશોમાં નકલી પેજ અને એકાઉન્ટ હોવાની વાતને લઈને ચર્ચામાં આવ્યા હતા. તેમનું નામ ફ્રાન્સિસ હૉંગ.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ કન્નડ અભિનેતા પુનીત રાજકુમારનું હાર્ટ એટેકથી 48 વર્ષની વયે નિધન. કન્નડ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં 'દાદા સાહેબ ફાળકે' એવોર્ડ મેળવનાર તેઓ એક માત્ર અભિનેતા (પ્રથમ અભિનેતા) હતા.
- ✓ નાણા મંત્રાલયે 2020-21ના વર્ષમાં પ્રોવિડન્ટ ફંડ (PF)ની ડિપોઝિટ પર 8.5% વ્યાજ આપવા મંજૂરી આપી.
- ✓ CAIT– કન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના અહેવાલ મુજબ ચાલુ વર્ષે ચીની વસ્તુના બહિષ્કારના કારણે ચીની અર્થતંત્રને રૂ. 50,000 કરોડનું નુકશાન થશે. (AIT ના મહામંત્રી – પ્રવીણ ખંડેલવાલ)
- ✓ ઉત્તરપ્રદેશમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લખનઉથી 'મેરા પરિવાર, ભાજપ પરિવાર' સૂત્ર સાથે પાર્ટીમાં સભ્યો બનાવવાની ઝુંબેશ શરૂ કરી.
- ✓ રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા 'રમતવીર રાજકોટ' , 'યોગા સે હોગા' અને 'પ્રોજેક્ટ દીકરી (સેનેટરી પેડ માટે)' યોજના લોન્ચ.
- ✓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોતબાયુ રાજપક્ષે 'એક દેશ એક કાયદો' ટાસ્ક ફોર્સની નિમણૂક કરી.
- ✓ ભારત સરકારની કેબિનેટ આરબીઆઇ ના ગવર્નર 'શક્તિકાંત દાસ'નો કાર્યકર 3 વર્ષ વધારી ફરીથી પુન: નિયુક્ત કર્યા. તેઓ હવે ભારતના RBIના 26મા ગવર્નર ગણાશે. વ્યક્તિગત રીતે 25મા ગણાશે) 24મા ગવર્નર ડૉ.ઊર્જિત પટેલ હતા.
- ✓ ચીનની રાજધાની બેઇજિંગમાં વર્ષ 2022માં યોજાનાર વિન્ટર ઓલિમ્પિકના મેડલને 'ટોંગક્સિન' નામ અપાયું, જેનો અર્થ 'સૌ એક સાથે' થાય છે. આ મેડલ પર આવેલા 24 ડોટ (ટપકાં) 24મા વિન્ટર ઓલિમ્પિકનું નિર્દેશન કરે છે.

**31 ઓક્ટોબર**

- દિલ્લી મેટ્રોને Best Passenger Services and satis faction (શ્રેષ્ડ પેસેન્સજર સેવાઓ અને સંતોષ) એવોર્ડ મળ્યો.
  - ✓ આ એવોર્ડ DMRS (દિલ્લી મેટ્રો રેલ કોર્પોરેશન) અને કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આપાયો છે.
  - ✓ આ એવોર્ડ 14મી અર્બન મોબિલીટી ઇન્ડિયા(UMI) કોન્ફરન્સ 2021માં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પરીના હસ્તે આપાયો છે.
  - ✓ દિલ્લી મેટ્રો રેલ કોપોરેશનના MD (મેનેજિંગ ડાયરેક્ટર) - ડૉ મંગૂસિંહ
- સુરતને સર્વશ્રેષ્ઠ સાર્વજનિક પરિવહન પ્રણાલી ધરવતા શહેરનો પુરસ્કાર
  - ✓ સુરતને જાહેર પરિવહન વ્યવસ્થા માટે તથા કોચીને વધુ ટકાઉ પરિવહન વ્યવસ્થા માટે એવોર્ડ મળ્યો.
  - ✓ દિલ્લીને ચાંદની ચોક પુન:વિકાસ પ્રોજેકટ માટે સ્વેસ્થ નોન-મોટરાઇઝ્ડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ સાથે શહેરનો એવોર્ડ અપાયો.
  - ✓ નાગપુર મેટ્રો રેલને 'મલ્ટી મોડેલ એકીકરણ'માં શ્રેષ્ઠતાનો એવોર્ડ અપાયો.
- રેણુ ગુપ્તાને મહિલા સશકિતકરણ માટે બ્લેકસ્વાન પુરસ્કાર
  - ✓ આ એવોર્ડ તેમને વ્યાવસાયિક વિચારોના માધ્યમથી સમાજમાં બદલાવ લાવવાના યોગદાન બદલ અપાયો છે.
- તમિલનાડુ દિવસ 1 નવેમ્બરના બદલે 18 જુલાઇએ ઉજવાશે.
  - ✓ 18 જુલાઇ 1967ના તાત્કાલીન મુખ્યમંત્રી સી. એન. અન્નાદુરઇએ મૂકેલા પ્રસ્તાવમાં રાજ્ય વિધાનસભામાં તાત્કાલીન મદ્રાસ પ્રેસીડેંસીનુ નામ બદલીને તામિલનાડુ કરાયુ હતુ.
  - ✓ આ જાહેરાત હાલની DMK (દ્રવિડ મુનેત્ર કઝગમ) સરકારે કરી છે અને હાલના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન છે.
  - ✓ આ સાથે જ મુખ્યમંત્રીએ પણ જાહેરાત કરી હતી કે 'બોર્ડર સેવર્સ' એટલે કે ભાષાકીય રાજ્યોની રચના સમયે તમિલનાડુની સરહદની સુરક્ષા માટે સંઘર્ષ કરનાર 110 બોર્ડર સેવિયર્સને 1 લાખ રૂપિયાના રોકડથી સન્માનિત કરાશે. હાલ આ તમામને માસિક રૂ.5000ની નાણાકીય તથા રૂ. 500 મેડિક્લ ભથ્થાની સહાય આપવામા આવે છે તેમના અવસાન બાદ આ સહાય તેમના વારસદાર ને અનુક્રમે રૂ. 3000 અને રૂ. 500 મળે છે.
- 31 ઓક્ટોબર: સરદાર વલ્લભભાઇ પટેલ જન્મ જયંતી (રાષ્ટ્રીય એકતા દિવસ)
  - ✓ જન્મ - 31 ઓક્ટોબર 1875 (નડિયાદ ખાતે)
  - ✓ અવસાન - 15 ડિસેમ્બર 1950 (દિલ્હી ખાતે)
  - ✓ ભારત રત્ન - 1991 (મૃત્યુ બાદ)
  - ✓ સત્યાગ્રહો - ખેડા સ્ત્યાગ્રહ, અસહકારની લડત, નાગપુર, સત્યાગ્રહ, બલસર, બારડોલી સત્યાગ્રહ.
  - ✓ તેમને ભારતના 'બિસ્માર્ક' કહેવાય છે તથા આઝાદ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ પ્રધાન હતા.
- ગ્રીન ડે-અહેડ માર્કેટ
  - ✓ તાજેતરમાં કેન્દ્રીય વિદ્યુત, નવીન તથા નવીનીકરણ ઊર્જા મંત્રીએ 'ઇન્ડિયન એનર્જી એક્સચેન્જ' અંતગર્ત ગ્રીન ડે અહેડ માર્કેટ (GDMA) લૉન્ચ કર્યું. આવી બજારની રચના નવીનીકરણીય ઊર્જા (પુન: પ્રાપ્ય ઊર્જા) ક્ષેત્રે કરનાર ભારત એક માત્ર દેશ છે.

- ✓ નોડલ એજન્સીના રૂપમાં NLDC (નેશનલ ડિસ્પેચ સેન્ટર) POSOCO (પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા GDAMના માટે જરૂરી એવું પ્લેટફોર્મ પૂરું પાડવા પ્રયત્ન કર્યો.
- ✓ આ બજારના નિર્માણનો મૂળ ઉદ્દેશ્ય ઊર્જા ઉત્પન્ન કરતી કંપનીઓને પુન:પ્રાપ્ય ઉર્જાના નિર્માણ ક્ષેત્રએ વધુ ને વધુ પ્રોત્સાહિત કરવાનો છે.
- ✓ ભારત વિશ્વનો ત્રીજા નંબરનો દેશ છે જે ઊર્જાનો ઉપયોગ વધુ કરતા નાગરિકો ધરાવે છે. પરંતુ, સાથોસાથ 2020માં કુલ સ્થાપિત ઊર્જાના 38% ઊર્જા (373GWમા થી 136GW) સાથે પુન: પ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ કરનાર પણ વિશ્વનો ત્રીજા નંબરનો દેશ છે.

❖ કૃષિ ઉડાન 2.0

- ✓ તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્યન મંત્રી એ હવઈ માર્ગે કૃષિ ઉપજની આવન જાવનની સુવિધા આપવા કૃષિ ઉડાન 2.0 (Krishi Udan 2.0)ની શરૂઆત કરી.
- ✓ તેનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદન અને હવાઇ પરિવહનને એકીકરણથી જોડીને ઉત્પાદનને યોગ્ય પોષણક્ષમ ભાવ પ્રદાન કરવા તથા કૃષિ મુલ્યમાં સ્થિરતા લાવવાનો છે.
- ✓ ઓગસ્ટ 2020માં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય માર્ગો પર કૃષિ ઉડાન યોજના શરૂ કરાઈ હતી ત્યારબાદ હવે કૃષિ ઉડાન હેઠળ પહાડી ક્ષેત્રો પુર્વોત્તર રાજ્યો અને આદિવાસી વિસ્તારોમાં ખરાબ થઇ જતા ખાધ્ય ઉત્પાદનો (Perishable Food Products)ને યોગ્ય સમયે હવાઇ પરિવહન દ્વારા ખરીદ-વેચાણ કરવામાં આવશે.

❖ ‘ગ્લાસગૉ કલાયમેટ મીટ’માં વડાપ્રધાન મોદીએ હાજરી આપી.

1. આ મીટીંગ સંયુક્ત રાષ્ટ્ર જલવાયુ પરિવર્તન સમેલન (CoP26)ના ભાગરૂપે 31 ઓક્ટોબરે ગ્લાસગૉ ખાતે યોજાયું.
2. ભારત વૈશ્વિક તાપમાન 2° Cથી વધતા અટકાવી રાખવા માટે પેરિસ કરાર હાંસલ કરવા માટે તેના આબોહવા લક્ષ્યાંકને ટ્રેક પર રાખનાર એક માત્ર જી-20 (G-20) દેશ છે.

------------ કરન્ટ ઇન શોર્ટ -----------

- ✓ ચૂંટણી આયોગ ધ્વારા તજેતરમાં 'ગરૂડ' નામક એપ લોન્ચ કરવામા આવી જે મતદાન કેન્દ્રોના ડિજીટલ મેપ સબંધિત કાર્ય કરશે.
- ✓ 31 ઓકટોબર: કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખનો બીજો સ્થાપના દિવસ
- ✓ FATF (ફાયનાંશિયલ એકશન ટાસ્ક ફોર્સ) ધ્વારા મોરેશિયસ બોત્સવાનાને તેના લિસ્ટમાંથી દૂર કરાયા.
- ✓ છત્તીસગઢ રાજ્ય સરકારે ધન્વંતરી જેનેરીક મેડિકલ સ્ટોર' યોજના શરૂ કરી.
- ✓ તાજેતરમાં 'કોંકણ શક્તિ અભ્યાસ' ભારત અને બ્રિટન વચ્ચે આયોજિત થયો.
- ✓ NGT (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ) દ્વારા કચરાના યોગ્ય નિકાલમાં નિષ્ફળ જતાં 'ગાજિયાબાદ' નગર નિગમને રૂપિયા 1 કરોડનો દંડ ફટકાર્યો.
- ✓ નૈનિતાલ (ઉતરાખંડ) ખાતે 'ભારતના સૌથી મોટા સુગંધિત ઉધાનનું' ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- ✓ તાજેતરમાં સ્વતંત્રતા આંદોલન પર શરૂ થયેલ 'અમૃત મહોત્સવ પોડકાસ્ટ' ભારતના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે.
- ✓ ગોવા તમામ ઘરો માટે ODF (Open Defecation free) અને વીજળી પ્રાપ્ત કરનાર પ્રથમ રાજય બન્યું. (Open Defecation Free)નો અર્થ થાય છે - ખુલ્લામા શોચ મુક્ત.

- ✓ તાજેતરમાં ફેસબુકને 'META' નવું નામ અપાયું. તે META ગ્રીક ભાષાનો શબ્દ છે જેનો અર્થ થાય છે Beyond (ચડીયાતું).
- ✓ તાજેતરમાં રમેશ પોખરિયાલ નિશંક દ્વારા 'While Fighting a War In AIMS' નામનું પુસ્તક લખાયું.



12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય ક્લર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC